
આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનું માસિક

વર્ષ સોળમું · અંક છઠ્ઠો · જૂન · ઓગણીસસો ઓગણચાળીસ * તંત્રી · રવિશંકર રાવળ * સંપાદક · બચુભાઈ રાવત

કુમાર

૧૮૬



ફુવારાનું ડિઝાઈન

પ્રસ્તુતિ

❡ ‘કુમાર’નો ઘોડો આ મજલે અનેક રંગદર્શી પ્રદેશોને ઝાંખતો એની પ્રસ્તુતિને વેગ આપી રહ્યો છે. ‘ઇતિહાસનું ચક્ર’ ઓળંગતાં જ ધ્રુવ પ્રદેશોના શહીદોની અમર નામાવલિમાં કૌમારની પ્રતિષ્ઠા કરતું જીનો વૉટ્કિન્સનું ચરિત્ર આવી લાગે છે. આદર્શ એટલે પ્રયત્નસુલભ કોઇ ઐહિક એષણા નહિ પણ મનોતીત ચિરંતન ક્ષિતિજ, એ સત્ય એનું જીવન આપણી આગળ તાદૃશ કરે છે; જ્યારે વાલજીભાઇ ગુર્જરીના દીપગાળાના બુઝાએલા એક વધુ દીપકને વિનમ્રભાવે અંજલિ સમર્પે છે. ❡ ગામડાના ખરબચડા જીવન જેવી જ ખરબચડી શૈલીમાં લખાએલી ‘બરફ’ની વાર્તાના આંતઃસૂત્રમાં રહેલી વસ્તુ આસ્ફાલ્ટથી લીસા બનેલાં શહેરોનાં હૃદયમાં કદી નહિ સાંપડે. ❡ આઠી શતમાં ફોટો-કલાકાર બની જવા ઝંખનારાઓ સામે લાલ બત્તી સમો ‘ફોટોગ્રાફીની સાધના’નો લેખ પણ ચિત્રસાધકોએ ગુમાવવા જેવો નથી. ❡ શ્રી ‘વનેચર’ થોડાં રૂપજીવી’નું જે રૂપાખ્યાન આ અંકથી શરૂ કરે છે તેના પ્રારંભની પક્ષીજીવનની એક વિકટ સમસ્યા પરનો ઉહાપોહ તો શોખીનો ન જ ચૂકે. ❡ ‘જીવનનું પરોઢ’ના ઘેરા બનતા જતા રંગો અને ‘નવી નજરે’નું નાવીન્ય તથા આ અંકે સમાપ્ત થતી ‘મારી સફર’નો છેલ્લો હપતો તો આપ મેળે તમારૂં લક્ષ ખેંચશે જ. ❡ આજના માનવજીવનમાં ધીમેધીમે છતાં સાબિત કદમે રસાયણ વિજ્ઞાન જે પ્રાધાન્ય મેળવતું જાય છે એને અનુલક્ષીને ‘સલ્ફ્યુરિક ઍસિડ’નો લેખ પણ આવકારવા જેવો ખરો. હજુ થોભો. ‘કુમાર’ની આ મજલની બીજી આખી જ દિશા ઝાંખવી રહી જાય છે. પણ... એ દિશા યે એટલી પ્રલંબિત છે કે અમારે ફરજિયાત મર્યાદા સ્વીકારવી પડે છે. ‘મેંદીનાં પાન’, ‘આપણા દેશની મુખાકૃતિ’, પંચતંત્રની વાર્તાઓ, ચિત્રરમત, બીજી નાની મોટી લેખકણીઓ અને આખા ને આખા વિભાગો પ્રત્યે માત્ર અંગુલિનિર્દેશ કરીને જ અટકવું પડે છે.

કુમાર

જૂન ૧૯૩૯

અંક ૧૮૬

મુદ્રક · બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક · રવિશંકર રાવળ કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક રૂ. ૬, બ્રહ્મદેશના રૂ. ૬ાા, પરદેશના ૧૨ શિ.; મુંબાઇના ખાસ કૅન્વાસિંગ એજન્ટ અને જાહેરખબરના સોલ એજન્ટ શિષ્ટ સાહિત્ય ભંડાર પ્રિન્સેસ સ્ટ્રીટ; બીજા એજન્ટો: આર. આર. શેઠની કં, સી. જમનાદાસની કં. રાવળ બ્રધર્સ પ્રિન્સેસસ્ટ્રીટ

કુમાર

ઈતિહાસનું ચક્ર

કાળની નાભિ પર ફરતું ઈતિહાસનું ચક્ર શાશ્વત ગતિમાન છે. એનો એકેક ચક્કાવો પૂરો થાય છે ને એ ચક્કાવા સાથે એના શિરોભાગે ઊભેલું રાષ્ટ્ર એકદમ નિમ્ન ભાગે આવી જાય છે, તો કેવળ નીચાણમાં રહેલું રાષ્ટ્ર શિરોમણિ બની જાય છે. એનો એ ક્રમ અનંત છે, અવિરત છે.

એકદા મિસર એ ચક્રને શિરે રહેલું. આજે? એનાં પીરામિડો ને મસ્તબા, એનાં ઑસર ને અખનાતન માત્ર ઉત્ખાતકો અને સંશોધકોનું કુતૂહલ બની ગયા છે. ત્યાર પછીની આસીરિયાની ને ઈંકાઓની સંસ્કૃતિ તો આજના ફાશિસ્ટ દેશોથી યે વધુ ફાશિસ્ટ હતી. આજે એ ક્યાં? એવી જ રીતે બાબિલોનિયાની ઘોર પર ઈરાનનું ને ખત્તીઓની ઘોર પર ગ્રીસનું સામ્રાજ્ય ઊભું થએલું.

અને એ ગ્રીસે પેરીક્લિસ ને સિકંદરના જમાનામાં તો એ ચક્રનું શિરોબિંદુ સર કરી લીધેલું. ઈરાનના મહાન દારાને પરાભૂત કરી એ મકદુનિયન સિકંદરે બે શતકની જિંદગી માણેલા ઈરાની સામ્રાજ્યને ધ્વસ્ત કર્યું ને ૧૩ વર્ષમાં પોતાને જ્ઞાત સઘળા જગતપર એણે આણ વર્તાવી. કળા, સાહિત્ય, વિજ્ઞાન, વાણિજ્ય, બધામાં ત્યારે ગ્રીસનો પોરો ચાલ્યો.

પણ એ ગ્રીકોને ઈતિહાસના ગતિશીલ ચક્રનું ભાન ન હતું. ને એ થવા આવ્યું ત્યાં તો રોમન સીઝરોએ એમને લુપ્તનામા બનાવી દીધા. આજે જગત એ મકદુનિયાના સીમાડા યે ભૂલી ગયું છે.


વળી રોમનોને તો ખુમારી રહેતી કે જે રોમન નથી તેની જિંદગીમાં લિજ્જત જ નથી. પણ એ મિથ્યાભિમાન હતું. એમની સાન ઠેકાણે હોત તો તો એમણે મિસરીઓ ને ઈરાનીઓનો, બાબિલોનિયનોનો ને ગ્રીકોનો ફેજ ખ્યાલમાં લીધો હોત. પણ એ એટલા અહંભાવી હતા કે એવી એમને ફુરસદ જ ન હતી. ને અનિવાર્યપણે વંડાલોએ એમના જાહોજલાલ રોમને પદાક્રાન્ત કર્યું.

અને ત્યારપછી શકો ને હૂણો, તુર્કો ને મંગોલો કે ગૉથ વિજયોને જવા દઈએ, બાયઝન્ટાઈન સામ્રાજ્ય કે ઈસ્લામની જ્વાળા યે જવા દઈએ તો સ્પેનનો દ્વિખંડવિજય ઓછો જાજ્વલ્યમાન હતો?

અને ભારત? એની તો શી વાત કરવી? મધ્ય એશિયાના કાશ્ગરથી તે હિંદી મહાસાગરના પૃષ્ઠ સુધી ને પાસિફિકના મુક્તકસમૂહ જેવા દ્વીપસમૂહોથી તે આફ્રિકાના પૂર્વ કાંઠા સુધીના તેના સામ્રાજ્યનું હવે તો સ્વપ્નું પણ વિલીન થતું જાય છે.

આજે આપણે સ્ટ્રીમલાઈન લૉકોમોટિવના પ્રવેગની વાતો કરતા થયા છીએ. પણ કાળની ધરી પર ફરતા ઈતિહાસના વેગ આગળ એ કંઈ વિસાતમાં નથી. અઢાર વરસમાં યુરોપનો નકશો બદલાવી નાખનાર નેપોલિયન જેવાથી યે ખચકાયા વિના એના વેગે તેને ઉપાડીને ઠેઠ સેન્ટ હેલીના ટાપુ પર ફેંકી દીધો. પાઉલ ફૉન હિન્ડનબુર્ગ ને એરિક ફૉન લુડેન્ડૉર્ફ જેવા અતિરથીઓના સહકારવાળો કૈઝર પણ તેના વેગને રોકવા નાકૌવત નીવડેલો.

અને કોણ એ રોકી શકેલું? કયા સમ્રાટો કે સિપેહસાલારો, શહાનશાહો, અમીર ઉમરાઓ કે સંઘપતિઓ, ખીલજીઓ કે મુગલો, ફારોહો કે ટૉલેમીઓ, સીઝરો કે કૈઝરો, બુર્બોં કે મંચુઓ, ખલીફાઓ કે રોમાનૉફો,—કોનું સામર્થ્ય એના પર વિજયી નીવડેલું કે હવે નીવડશે? અશોક હર્ષ



વૅકેશન કેમ ગુજારી?

• યુનિવર્સિટીની પરીક્ષાઓ પતી ગયા પછી લાંબી રજાનો જે ગાળો મળે છે તેની નિરાંત તો એકેએક વિદ્યાર્થી અનુભવતો હશે. પાસ થવાના હો કે ન થવાના હો, પણ આ વૅકેશન તો લગભગ દરેકને પુસ્તકોની મગજમારીથી મુક્ત રાખે છે. જાણેકે જ્ઞાન વધારવું કે એટલું જ રાખવું એ વાત પરીક્ષાના ઢાંકણાએ જ અટકાવી રાખી હોય.

શહેરના વિદ્યાર્થીઓને તો વખત કેમ ગાળવો તેની ચિંતા જ કરવી પડતી નથી. પરીક્ષાનો ભાર ઉતાર્યો એટલે ઘરમાં પણ નિરાંત માણવાનો કે મોજમજા કરવાનો હક્ક પામ્યા હોય એમ નવરા બની મિત્રમેળાઓ કે સીનેમામાં વખત પૂરો કરે છે. સાધારણ ગામના વિદ્યાર્થીઓ ગંજીપા અને સોગઠાંબાજી રમતાં વખત વધે તો નિદ્રાનું દેવું ચૂકવે છે.

બહુ જ થોડા વિદ્યાર્થીઓ નવું વાચન, પ્રવાસ કે નવા પ્રયોગો પાછળ આ રજાઓનો ઉપયોગ કરતા જણાય છે. એવાઓને ફરીવાર અભ્યાસમાં જોડાતાં જરા પણ વિકંપ કે નવતરતા જણાતી નથી. જેમણે આ રજાને કામ વગરની જિંદગી બનાવી હતી તેમને જ ફરીવાર નિયમિતતા અને ચિંતનચીલે ચડતાં પરસેવો દેખાય છે. એ બધાની આગળ 'કુમાર'માં આવતી અમેરિકન વિદ્યાર્થીઓની પ્રવૃત્તિ મૂકયા પછી એમની અને પોતાની વચ્ચે શા ભેદ કે કારણો રહ્યાં છે તેનો ખુલાસો તેમની જ તરફથી આવે તો તેમનાં શાળાશિક્ષણ તેમજ શિક્ષકો તરફથી મળતી દોરવણી કયાં છે તેનો સાચો ખ્યાલ મળે. તેમને આપણા સાંસારિક વાતાવરણ વિષે શું કહેવાનું કે ફરિયાદ કરવાનું રહે છે, અથવા પોતાની આર્થિક કે માનસિક સંકડામણો એમની સાહસિકતાની કેટલી આડે આવે છે તે જાણવાનું મળે.

વૅકેશનો પડતાં જ વિદ્યાર્થીઓને શા વિચારો આવે છે અને પૂરી થતાં કઈ આશા યા નિરાશાનાં ઝોલાં તેમને ચડે છે તે તેઓ જણાવે તો ઊગતી પેઢીનાં ઘણાં દર્દો તેમાંથી જાણવાનાં મળે. આ ઉપરથી મને વિચાર સૂઝયો છે કે 'કુમાર'નો પ્રત્યેક વાંચક વિદ્યાર્થીઓને 'પોતે વૅકેશન કેમ ગુજારી' એ વિષે પ્રામાણિક હેવાલવાળો પત્ર 'કુમાર' ઉપર મોકલવા પ્રેરણા કરે. વાચક પોતે જ વિદ્યાર્થી હોય તો તેણે પોતાના શાળામિત્રોમાં તેમજ ગામમાં એ વિષય પર ચર્ચા કે સભા કરી તેની વિગતો મને મોકલવા તજવીજ કરવી. આ તો મેં સાદામાં સાદી માગણી કરી છે. મારે કોઇની પરીક્ષા લેવી નથી. પણ એવા પત્રો મળે તો વિદ્યાર્થીઓના જીવનમાં જણાતી ઝીણી મુશ્કેલીઓ, કનડગતો કે તેમના પોતામાં રહી ગએલી નબળાઇઓ પર હું બીજા પ્રવીણ જનોની સલાહ લઈ યોગ્ય સૂચના કે માર્ગદર્શન કરાવવા ઇંતેજાર છું. આ પત્રોને મથાળે જ દરેક જણે 'મેં વૅકેશન કેમ ગુજારી' મથાળું લખવું. દરેક હકીકત ટૂંકાણમાં પ્રમાણિક રૂપમાં મૂકવી. ગમે તેવી અંગત બાબત લખાઇ હશે તોપણ લખનારે ખાતરી રાખવી કે તેની પોતાની વગોવણી થાય એવી રીતે તેનો જરાય ઉપયોગ નહિ થાય. સારાં સૂચનો કે અનુભવો યોગ્ય રૂપે પ્રકટ થાય તેનો વાંધો કોઇને હોવો ન જોઇએ.

લખનારાના માર્ગદર્શન માટે થોડા મુદ્દાઓ: (૧) પોતાનું વય તથા નામ (૨) કઇ શાળામાં અભ્યાસ કર્યો (૩) કઇ પરીક્ષા આપી (૪) માતપિતાનો વ્યવસાય (૫) પોતાના શૉખ (વાચન, રમત કે કરામતના) (૬) પોતાનું મિત્રમંડળ અને તેમાંની કોઈ વિશિષ્ટ વ્યક્તિનો પરિચય (૭) વૅકેશનના સાથીદારો (૮) વાંચેલાં પુસ્તકો, પત્રો વગેરે (૯) નવા પરિચયો (૧૦) નવા અનુભવો (૧૧) પત્રવ્યવહાર કે ઇતર લેખનકાર્ય (૧૨) જનસેવા, શિક્ષણ, સુશ્રૂષા કે ઉદ્યમ અથવા સ્વાસ્થ્ય સાધના.

હિંદી પત્રલેખકો

પરદેશના મિત્રો શોધવા ઇંતેજાર હોય એવા ઘણાએ કુમારમાં આવતાં સરનામાં પર પત્રો લખી નાખ્યા છે એમ જણાવતા તેમના પત્રો મને મળ્યા છે. કેટલાકને સુંદર જવાબો પણ મળી ગયા છે અને તેના ખુશાલી તેઓ માણી રહ્યા છે; પણ ઘણાઓમાં જવાબની અધીરાઇ અને આશંકાઓ થઇ છે ને તેમણે તેના ખુલાસાઓ મારી પાસે માગ્યા છે. મેં આગળ જણાવી દીધું છે કે મને પોતાને આ પત્રવ્યવહારની બારીકીમાં ઊતરવાનો કે તે ચાલુ રાખવાનો જરા યે સમય નથી, એટલે મેં પરદેશી મિત્રોને પણ ચોખ્ખું સુણાવી દીધું છે કે ભાઇ! તમારાં સરનામાં 'કુમાર'માં પ્રકટ કરવાથી વધુ હું પોતે કંઇ જ પ્રતિધ્વનિ પાડી શકીશ નહિ. હવે તો તેનો સદુપયોગ કરી વ્યવહાર વિસ્તારવો એ હિંદી કુમારોનું કર્તવ્ય છે. એમની પાસે આવતા સુંદર પત્રો કોઇ વાંચવા મોકલશે તો બીજાઓના આનંદ ખાતર હું તેમનો સારાંશ કે મુખ્યાંશ છાપીશ. જેમને પત્રવ્યવહારનો નવો જ પ્રસંગ મેળવવો હોય તેમના માટે મેં બીજી પણ યોજના પ્રાપ્ત કરી છે.

આંતરપ્રજાકીય પત્રવ્યવહાર

Dr. Sven V. Knudsen કરીને ડેનમાર્કમાં એક ગૃહસ્થ છે. તે બધી પ્રજાના તરુણો, કુમારો અને બાલિકા તેમજ યુવતીઓ માટે પત્રવ્યવહારની ડીરેક્ટરી કરી રહ્યા છે અને નીચેની વિગત પ્રમાણે હિંદી કુમાર-કુમારીઓનાં સરનામાં માગતો તેમનો પત્ર મને મળ્યો છે.

Sex
Age
Full address
Study
Hobbies
Country to correrspond

દરેક જણ જુદાજુદા પત્ર લખે તે કરતાં એક જ સ્થળેથી સંપૂર્ણ લિસ્ટ જશે તો ઘણાંનો પોસ્ટેજખર્ચ બચશે. મોકલનારે ઉપરની હકીકત પોસ્ટ કાર્ડમા જ એક બાજુ પર ચોખ્ખા અક્ષરે અથવા ટાઇપરાઇટરથી છાપીને મોકલવી.

મારી પાસે યોગ્ય સંખ્યામાં નામો આવી જશે ત્યાર બાદ તેની એક નકલ Open Road for Boysના વિભાગ માટે અને એક નકલ ડેનમાર્કના ઑફિસ માટે જશે. ત્યાં બીજા દેશના ઉમેદવારોને માગણી મુજબનાં વય, અભ્યાસ અને જાતિ પ્રમાણે તેમનાં નામો ધરવામાં આવશે અને તમને કોઈ એક દિવસે એક અજાણ્યો મિત્ર પત્ર લખશે. છતાં યાદ રાખજો કે કોઇને કોઇના પત્રનો જવાબ આપવાનું બંધન નથી હોતું. બાર વર્ષથી એ મથક પર પત્રસંબંધો જોડવાનું કાર્ય ચાલુ છે તે પરથી તેમને લાગ્યું છે કે આવા પત્રો શુભેચ્છા અને સુખનું વાતાવરણ ફેલાવે છે જ. આ પત્રો મોટે ભાગે અંગ્રેજી ભાષામાં જ લખાય છે.

તમે કોઇ પરદેશી મિત્રને પત્ર લખો ત્યારે

(૧) સરનામું પહેલી એ બી સી ડીમાં જ લખજો, કારણ કે બધા દેશના પોસ્ટમેન તે સહેલાઇથી વાંચી શકે છે.

(૨) તમારા કવર ઉપર પરદેશની ટિકીટ સાડા ત્રણ આનાની ચોડજો. તે પણ એક આનો બે આના એમ જુદી જુદી જાત ચોડશો તો પરદેશી મિત્રના સંગ્રહમાં ઉપયોગી બનશે.

(૩) તમારો પત્ર ધીરજથી, ચોખ્ખા અક્ષરે ટાઇપ રાઇટરથી લખશો. તમારૂં નામ પત્રના મથાળે જ પહેલી એ બી સી ડીમાં લખજો. પ્રથમ પત્ર લાંબો કરીને પણ તમારી જાતનો, ઘરનો, ગામનો, શાળાજીવનનો, કુટુંબીઓનો સારો પરિચય આપજો. જે કંઇ તમે લખશો તે પરદેશી મિત્રને તો નવું જ લાગશે અને તમે આદર પામશો. એવા પત્રનો જવાબ પણ સુંદર અને લાંબો જ મળશે.

આવા પત્રલેખકોને આ પ્રવૃત્તિથી ઘણા જ લાભ મળશે. તેનો પરદેશ સાથેનો જીવતો સંબંધ તેનામાં નવી લાગણી, જ્ઞાન અને સંસ્કૃતિ પેદા કરશે. ભાષા, ઇતિહાસ, સમાજ, ભૂગોળ અને પત્રવ્યવહારમાં તેની શક્તિ વૃદ્ધિ પામવાની જ. ઉપરાંત માનવબંધુઓ તરીકે જગત આખામાં એક લાગણી પ્રચારવાનું પુણ્ય મળે તે વિશેષમાં.

એક સ્થાનિક કુમારે આંતરરાષ્ટ્રીય પત્રવ્યવહારની વ્યવસ્થા કરવાનું સ્વીકાર્યું છે એટલે આ પ્રકરણ ચાલુ રાખી શકાશે. જોડાવા ઇચ્છતા વાચકોએ સરનામું નીચે પ્રમાણે કરવું. જવાબ માટે હમેશાં પોસ્ટેજ બીડવું.

'Our Friends Abroad'
C/o કુમાર કાર્યાલય રાયપુર, અમદાવાદ **ર.મ.રા.**

સફળ જીવનના સોનેરી નિયમો

અમેરિકાના મહાન પુરુષ જ્યૉર્જ વૉશિંગ્ટને આજથી દોઢસો વરસ પર આ નિયમો ઘડેલા; પણ આજના જીવનને પણ તે એટલા જ લાગુ પડે છે.

૧ બીજાઓના હાજરીમાં સંગીતનો ગણગણાટ કે હાથ પગ વડે કંઇ ઠકઠકારો ન કરવો.

૨ બીજાઓ બોલતા હોય ત્યારે આંખો ચોરાવા ન દેવી; બીજા ઊભા હોય ત્યાં પોતે બેસી ન જવું, ન બોલવા જેવું હોય ત્યાં જીભ કાબૂમાં રાખવી.

૩ બીજાઓનાં લજ્જતી બાબતોનું કુતૂહલ ન રાખવું; કોઇની ખાનગી વાતમાં માથું ન મારવું.

૪ ભોજનમાં હદ ઉપરાત રસ ન દાખવવો ને અકરાંતિયા બની ન ખાવું, તેમ ભોજનના દોષ પણ ન કાઢવા.

૫ બોલતી વખતે બીજાઓ પ્રત્યે પીઠ ન ફેરવવી; વાંચતા કે લખતા માણસને ખલેલ થાય એમ ન કરવું; બેસતી વખતે કોઇને અઢેલીને ન બેસવું.

૬ આનંદ ચાલતો હોય ત્યાં કંટાળા ભરેલી વાતની રજુઆત ન કરવી.

૭ જ્યાં આદર મળવાની ખાતરી ન હોય ત્યાં ન જવું.

૮ કામ પાર ન પાડી શકો તેવાં કામ કદી માથે લેવાં નહિ; પરંતુ આપેલા વચનનો કદી ભંગ ન કરવો.

૯ પૂછવા પહેલાં કોઇને શિખામણ આપવી નહિ; ને પૂછવા આવે ત્યારે બહુ ટુંકામાં આપવી.

૧૦ આગળ પડતા દેખાવાનો મોહ છોડી, શિષ્ટાચારીભર્યા ને નમ્ર બનો, પહેલાં પૂરૂં સાંભળો ને પછી જવાબ આપો.

૧૧ બીજાઓનું ધ્યાન તમારા પ્રત્યે આકર્ષવા માટે કૃત્રિમ પ્રયાસો ન કરો.

૧૨ ઊડતી વાતોને ઉતાવળે ન માની બેસો; તેમ તમે પૂરી જાણતા ન હો એ વાતો બીજાને મોંએ ન કરો.

૧૩ પોતાના બધા પ્રમાણિક પ્રયાસો છતાં નિષ્ફળ નીવડેલા માણસને એના કૃત્ય બદલ ઠપકો ન આપો.

૧૪ બીજાઓની આકૃતિ ને તેના ઇતિહાસમાં રસ ન રાખો.

જીનો વૉટ્કિન્સ



જુવાનીના હીરના જહાલમાં જહાલ હરીફ
ઉત્તર ધ્રુવ સામે હોડ માંડીને
આદર્શોના ચિરંતન ક્ષિતિજમાં
જે ગાયબ થયો

એસ્કીમો 'કાયાક' (હોડી)માં જીનો વૉટકિન્સ. ગાયબ થતાં પહેલાં આવીજ એક હોડીમાં બેસીને એ સફરે ઉપડેલો.

નિખાલસ મલકાટ ભર્યો એ તરુણ કૅમ્બ્રિજના અન્ડર ગ્રેજ્યુએટો જેવો જ સંસારથી બેપરવા હતો. અંગ્રેજોમાં કહેવત છે તેમ મોંમાં ચાંદીના ચમચા સાથે એ જન્મ્યો હતો અને ધારત તો ઓછામાં ઓછી જવાબદારીવાળો છતાં વધુમાં વધુ આવકવાળો કોઈ આસાન માર્ગ એને સહેલાઈથી મળી આવત. પણ મહત્તા ને વીરતાનાં ઘડતર કોઈ જુદી જ માટીનાં ઘડાએલાં હોય છે ને એવું જ એનું ઘડતર હતું.

તોફાન ને ધીંગામસ્તીમાં એનું બાળપણ વીત્યું. સાહસની અણબુઝ તમન્ના તેનામાં ભરી પડી હતી. પહાડખેડાણમાં મગજને ઓચિંતો ઝટકો લાગવાથી અભ્યાસ એણે મુલતવી રાખ્યો હતો. ત્યાં ૧૯૨૫ની સાલ આવી. સ્કૅાટ ને શૅકલટન સાથે દખ્ખણ ધ્રુવની સફરો ખેડી આવેલા પ્રીસ્ટલીની વ્યાખ્યાનમાળા શરૂ થઈ—'ધ્રુવ પ્રદેશોમાં મનુષ્ય.' એકેએક વ્યાખ્યાનમાં એ હાજર રહ્યો. પ્રીસ્ટલીના એકેએક શબ્દમાં જાણે એનું હીર તોળાતું હતું. છેલ્લે દિવસે તેણે પોતાના મિત્રને કહ્યું, 'મને થાય છે, આપણે ઉત્તર ધ્રુવ ઊપડીએ.'

એનો મિત્ર એને મશ્કરી સમજી હસ્યો . . . અને ૭ વર્ષ વીતી ગયાં.

ઈ. સ. ૧૯૩૧ના છેલ્લા મહિનાની એક ઠંડી સવાર છે. એક ગાડી આવી બકિંગહામ રાજપ્રાસાદ પાસે અટકે છે. ગાડીમાં એક પ્રૌઢ પુરુષ ને તેની પાછળ એક પાતળો જુવાન બેઠેલ હતા. એ પાતળા જુવાનનું ઇંગ્લંડનો રાજા સ્વાગત કરવાનો હતો. પિતા બહાર રાહ જોતા બેઠા ને તે સ્વાગત સ્વીકાર અર્થે ઊપડ્યો.

એના સમવયસ્ક જુવાનો જિંદગીનો મર્મ કંઈ સમજે તે પહેલાં તો આ જુવાને આખો ઇતિહાસ રચી કાઢ્યો હતો. ત્રણ ત્રણ ધ્રુવસફરો એણે જાતે યોજી ને પાર પાડી હતી. પહેલી સફર વખતે તો એનું વય પણ માત્ર ૨૧ વર્ષનું હતું. રૉયલ જીઓગ્રાફિક સોસાયટીની નિર્ધારિત વય પસાર ન કર્યા છતાં સોસાયટીએ તેને ફેલો તરીકે ચૂંટી કાઢ્યો હતો અને હવે ધ્રુવ પ્રદેશોની સૌથી જબરી આક્રમક ટુકડી 'બ્રિટિશ આર્કટિક એકસપીડિશન'નું સફળ નેતૃત્વ કરી પાછો ફરતાં, પચાસ વર્ષમાં કોઈને પ્રાપ્ત નહિ થએલો એવો 'પોલર મેડલ' મળવાનો હતો. એ સફરમાં એક જ સોબતી સાથે ગ્રીનલૅન્ડને પશ્ચિમ કિનારેથી ખુલ્લા હોડકામાં એણે ૬૦૦ માઈલની કરેલી સફર તો સર્વ કાળની સર્વ મહાન સફરોમાં અમર રહી છે.

એ જુવાન? પેલો કૅમ્બ્રિજનો અંડર ગ્રેજ્યુએટ જ. એનું નામ જીનો વૉટ્કિન્સ.

નેપોલિયન જેટલો જ એ અણનમ ને આગ્રહી હતો. એનું કલ્પનાચિત્ર દોરતાં મોટીમોટી દાઢીમૂછવાળા ધ્રુવસફરીઓનો ખ્યાલ મનમાંથી કાઢી નાખજો. એ તો હતો સફાચટ ચહેરાવાળો સસેકડા જેવો નાજુક તબિયતનો છતાં શેરદિલ ધરાવતો તરુણ.

શાળામાંથી જ એ ગજબનો તરવૈયો હતો. પણ શાળાજીવનના નાયક થવાની તેણે કદી માથાકૂટ નહોતી કરી. દૂર દૂરની સ્વપ્નભૂમિના ખ્યાલોમાં જ તે હર હમેશ ગરક રહેતો.

ગ્રીનલૅન્ડના આક્રમણની ૧૯૨૭ની ટુકડીમાં પ્રવેશ મળવાનું જે. એમ. વર્ડી પાસેથી વચન મળતાં તેને કેટલો રોમહર્ષ ઊપજ્યો હશે એ તમે હવે કલ્પી શકશો. ત્યારથી આખો દિવસ એણે દોડવાનું, ઝાડે ચડવાનું ને ડુંગરા ચડઊતર કરવાનું ચાલુ કરી પોતાનું શરીર કેળવવા માંડ્યું ને ચુનંદો આરોહક ને સ્કીઆર બની ચૂક્યો. પછી વિમાન ચલાવતાં શીખ્યો. ખોરાક ઉપર પણ ખૂબ અખતરા કર્યા ને આક્રમણે ઊપડવાની મુદતના છેલ્લા દિવસોમાં તો કકડતી ટાઢમાં ખુલ્લી બારી આગળ સૂઈ રહેવાનું એણે રાખેલું.

અને— એ બધું કર્યા પછી તેને માલૂમ પડ્યું કે આક્રમણ મુલતવી રખાયું છે!

પણ એથી શું થયું? વૉટ્કિન્સ એટલેથી હારી જાય એમ ન હતો. એને કોઈ પણ રીતે પોતાના સ્વપ્નની પૂર્તિ કરવી હતી. એ પૂર્તિ માટે એક જલદ નિર્ણય પર તે આવ્યો! જાતે જ આક્રમણ લઈ જવાનો. એણે એજ ટાપુ, સ્પિટ્સબર્ગનનો અગ્નિ કાંઠો વગેરે શોધવાની જાહેરાત કરી ને રખડીરખડી ફંડ એકઠું કરી એ ઊપડી નીકળ્યો. નૉર્વેજિયન સીલરનો વીસ વરસનો એ કમાન, કપ્તાન નહિ પણ એના જોડીદારોનો ભેરુબંધ જ હતો. કોઈને કદી હુકમ એ ન કરતો; માત્ર દરખાસ્ત જ મૂકતો. 'સર' કે 'બૉસ'ને બદલે સાદા સીધા 'જીનો' નામથી જ સંબોધાવાનું એણે પસંદ કર્યું હતું.

એ સફરેથી પાછા વળી એણે લાબ્રાડૉરની તૈયારી કરવા માંડી હતી ત્યાં તો રૉયલ જીઓગ્રાફિકલ સોસાયટીએ તેને વ્યાખ્યાન આપવા નોતર્યો! એનો બાપ એ વખતે પરદેશમાં હતો, પણ માએ પત્રથી તેને જાણ કરી ને જીનોને મળેલા આટલા બધા માન બદલ પત્રમાં ખૂબ નવાઈ બતાવી.

કમનસીબે લાબ્રાડૉર ઊપડવાની અણી વખતે જ એ પુત્રવત્સલ માતાનું અવસાન થયું. વૉટ્કિન્સ પહેલાં તો હતાશ થયો. આક્રમણ માંડી વાળવાનું મન થયું. પણ પાછો પેલો પુરાણો જુસ્સો ભભૂકી ઊઠ્યો 'ગમે તે થાય, આટલી તૈયારી પછી હવે મારે પાછા હઠવું ન જોઈએ.'

અને એ ઊપડ્યો જ. ઇંગ્લંડથી તે આઇસલૅન્ડ, ગ્રીનલૅન્ડ, બૅફિનલૅન્ડ, હડસનનો ઉપસાગર ને એડમૉન્ટન થઈ પાસિફિકના કાંઠા સુધી હવાઈ વ્યવહારની શક્યાશક્યતાઓની એણે બારીક તપાસણી કરી. એ જ વખતે ઍબીસીનિયામાં થઈ નાઈલ નદીની મોજણી કરવાનો યે તેને વિચાર આવેલો પણ પછી તે પડતો મૂક્યો.

ત્રીસની વયે તો 'બ્રિટિશ આર્કટિક એરરૂટ એક્સપીડીશન'નો તેને મુખી નીમવામાં આવ્યો ને ચૌદ માણસ સાથે શૅકલટનના 'ક્વેસ્ટ'માં તેણે નવું પ્રયાણ આદર્યું. જબરાં જબરાં જોખમોનો મુકાબલો કરી એણે તે સફળતાથી પાર કર્યાં. મોત સાથે એણે હોડ ખેલી. પણ એ સૌમાં યે ખતરનાક પ્રસંગ તો એક આખો શિયાળો ટુકડીથી વિખૂટા પડી ગએલા આગસ્ટાઇન કોર્ટોલ્ડ નામના ભેરૂની એણે મેળવેલી ભાળ છે.

પાછા વળતાં નવાં માનસંમાનો એની રાહ જોઇને જ ઊભાં હતાં. વળી નવી યોજના એણે હાથ લીધી. આ વખતે દક્ષિણ ધ્રુવ ઊપડવાની. પણ એ માટે જોઇતું ફંડ ઊભું ન થઇ શક્યું. એટલાથી પોતાની પ્રવૃત્તિ ખોરંભે પાડવાનું વૉટ્કિન્સ શીખ્યો જ નહોતો. એણે ઉત્તર ધ્રુવમાં વાયુશાસ્ત્રવિષયક શોધખોળ કરવા એક ટુકડી ઊભી કરી.

આ સફરે ઊપડતાં પહેલાં એક વિમાની કુમારિકા મિસ માર્ગરેટ ગ્રેહામ સાથે તે સગાઇ ચૂક્યો હતો. એના જેવી જ એ સાહસશોખીલી હતી. એને વળાવવા તે ઠેઠ કોપનહાગન સુધી તેની સાથે ગઇ. જિનો ત્યાંથી એક વરસ માટે એની છેલ્લી સલામ લઇ ઊપડ્યો. . . . . .

અને એ છેલ્લી જ સલામ નીવડી. સાહસમાં જ પોતાનાં અવનવીન સ્વપ્નાંની સિદ્ધિ અર્થે એ તરુણ કઇ અગોચર ભૂમિ પર અદૃશ્ય થયો તેની આજસુધી જગતને ભાળ નથી મળી.

અશોક હર્ષ

મિત્ર એ દુન્યવી હલ્લાઓ સામે જિંદગીને ટકાવતી કિલ્લેબંદી છે.

સામાન્ય ફરજને અસામાન્ય રીતે બજાવવી એ જ સફળતાની ચાવી.

શિવલાલભાઈ

ડૉ. જૉન્સન કહે છે તેમ 'એ શેને ય અડચા નહોતા કે જે એમણે શોભાવ્યું ન હોય.'

Our flower was in flushing
When blighting was nearest-Scott

સને ૧૯૧૦ના આરંભમાં હું ગુજરાત કૉલેજમાં દાખલ થયો ત્યારે શિવલાલભાઇને મેં પહેલ વહેલીવાર જોયા. તે વેળાએ એમનું શરીર એકવડિયું હતું; પણ નોકરીએ ચડયા પછી શરીર વળ્યું હતું અને નખમાં યે રોગનો ભાસ નહોતો, એટલે શિવલાલભાઇને જ મારી નોંધ લખવાનો વારો આવશે એમ હું માનતો. હું શું જાણું કે ભાઇની નોંધ લખવાનું મારે દુર્ભાગે આવશે? નહિતો પોતે વિલાયતમાં ભણી આવ્યા પછી કાશીક્ષેત્રમાં ડેપ્યુટી કલેક્ટર રહ્યા ત્યારે મેં એમને વિષે એક નાનકડો લેખ લખ્યો હતો પણ છપાવ્યો ન હતો, એ લેખને હું કાચો કેમ રહેવા દેત ? પણ હવે તો એ કાચા લેખને તથા એવી જ બીજી કાચી સામગ્રીને આધારે મારે શિવલાલભાઇનું અક્ષરશ્રાદ્ધ કરવું રહ્યું છે. શ્રીરામે મંદાકિનીનદીતીરે દશરથનું શ્રાદ્ધ કર્યું એમાં કહે છે કે ઇંગુદીનાં ફળ મધુરસમાં બોળીબોળીને એણે સમર્પ્યાં હતાં. આ લખાણમાં તો ઇંગુદી જેટલો પણ સ્વાદ નથી, મધની તો વાત જ કેવી ? પણ એનો કાંઇ ઉપાય નથી;

यदन्नः पुरुषो भवति तदन्नास्तस्य देवताः ।

વઢવાણના વકીલ પાનાચંદ કસળચંદ નામે વીસા શ્રીમાળી વણિક ગૃહસ્થને ઘેર પાળિયાદ ગામમાં સંવત્ ૧૯૪૮ના કાર્તિક સુદિ નોમ ને મંગળવાર, તા. ૧૦મી નવેમ્બર ૧૮૯૧ની સાંજે આશરે સાડા છ વાગે મણિબાઇ માતાની કૂખે એક પુત્ર અવતર્યો, અને કુંભ રાશિમાં જન્મ હોવાને કારણે એનું નામ શિવલાલ પાડયું. શિવલાલ વઢવાણની તાલુકા (ગુજરાતી) સ્કૂલમાં અને પછી દાજીરાજ હાઇસ્કૂલમાં ભણ્યા, અને સને ૧૯૦૮મા મૅટ્રિક્યુલેશનની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા તેમાં આખા મુંબઇ વિદ્યાપીઠમાં બીજે નંબરે આવ્યા. પહેલે નંબરે અમારા મિત્ર રામકૃષ્ણ પુરુષોત્તમ પટવર્ધન હતા.

શિવલાલભાઇ હાઇસ્કૂલમાં ભણતા તે વખતે ગુજરાતમાં રાષ્ટ્રીય પ્રવૃત્તિનું મંગળાચરણ થયું હતું. આ પ્રવૃત્તિની પહેલી છાપ વિદ્યાર્થીઓ ઉપર પડે એ સ્વાભાવિક હતું. આ પ્રમાણે દાજીરાજ હાઇસ્કૂલના વિદ્યાર્થીઓએ એક મંડળ સ્થાપ્યું હતું અને ટિળક મહારાજના કેસરી ઉપરથી એનું નામ 'કેસરી મંડળ' રાખ્યું હતું. કેસરી મંડળના સભ્યો દેશી,—એટલે તે દિવસોમાં ખાદીનો ઉદય નહિ થયેલ હોવાથી દેશી મિલનું—કાપડ તથા દેશી કાગળ, સીસાપેન વગેરે વાપરતા. મંડળના કામકાજમાં શિવલાલભાઇ ઠીકઠીક ભાગ લેતા, અને લોકમાન્યને સને ૧૯૦૮માં ૬ વર્ષની કેદની શિક્ષા થઇ ત્યારે હડતાળ પાડી હતી, અને નિશાળ ઉપર તેમજ શિવલાલભાઇના ઘોળા પોળ વાળા ઘર ઉપર શોકસૂચક વાવટો ચડાવ્યો હતો.

૧૯૦૯માં શિવલાલભાઇ ગુજરાત કૉલેજમાં દાખલ થયા તથા પ્રીવ્યસની પરીક્ષા તે જમાનામાં વિદ્યાપીઠ લેતી તેમાં પહેલા વર્ગમાં આવ્યા, અને સંસ્કૃતમા પહેલો નંબર આવ્યો એટલે વિનાયકરાવ જગન્નાથ શંકરશેઠ પારિતોષિક તથા દયાકુંવર શિષ્યવૃત્તિ શિવલાલભાઇને મળ્યાં. વિદ્યાપીઠના આખા ઇતિહાસમાં આ પારિતોષિક શિવલાલભાઈ પહેલાં બે ગુજરાતીને મળ્યું હતું: એક નરસિંહરાવભાઇને ને બીજા રા. મહેન્દ્રશંકર જયાશંકર રાવળને. ૧૯૧૦માં શિવલાલભાઇ ઇંટરમિડિયટની પરીક્ષામાં પહેલા વર્ગમાં આવ્યા અને ઇંગ્રેજીમાં પહેલો નંબર આવ્યો; પણ તે સમયે હુ લિટલ્ગો ઇનામ પ્રીવ્યસની પરીક્ષાને અંગે અપાતું હતું.

૧૯૧૦માં શિવલાલભાઇનો મને પ્રસંગ પડયો.

જેતપુરની નિશાળમાં બીજી ચોપડીમાં હિમ્મતલાલ રામચંદ્ર દ્વિવેદી (હવે સ્વામી આનન્દ) નામે મારા એક સહાધ્યાયી મિત્ર હતા. તે પછી વઢવાણ ભણવા ગયા હતા અને ત્યાં એમને શિવલાલભાઇની મૈત્રી થઇ હતી. સ્વામીના પૂર્વાશ્રમને નામે મારી તથા શિવલાલભાઇની વચ્ચે સોનેરી સાંકળનું કામ કર્યું. અમે કાઠિયાવાડી 'એ' કલબમાં સહભોજન કરતા, અને મિષ્ટાન્ન જમી અજવાળી રાતે એલિસ બ્રિજની કમાન ઉપર સૂતાસૂતા ચાંદનીમાં ન્હાવું, આવતી જતી ઘોડાગાડીને પ્રતાપે હીંચકા ખાવા, અને

इयं हि निद्रा नयनावलम्बिनी
ललाटदेशादुपसर्पतीव माम् ॥ ॥ मृच्छकटिक॥

એ શિવલાલભાઇના પ્રિય શ્લોકમાં વર્ણવેલી દશા હોય તો કોઇ નગ્નમિત્રની ખાંધે ચડીને અસ્વારી કરવી એવી અમારી રીત હતી એ કાળની મોજ હતી. અને

અમારી પ્રિય રમત મુખ્યત્વે ફુટબૉલ જ. તે સમયની ગુજરાત કૉલેજમાં ફુટબૉલની ભારે લહેર હતી. પ્રિન્સિપલ રૉબર્ટસન અમારા ભેળા રમતા. છાત્રાવાસની ઓસરીમાં અમે ફુટબૉલ તથા ટેનિસ રમતા; તેમાં કોક વાર ફાનસનો કાચ તોડતા અને વારંવાર એક બીજાના પગનાં હાડકાં રંગતાં.

શિવલાલભાઇના બુદ્ધિપ્રભાવ ઉપર પ્રિન્સિપલ રૉબર્ટસન મુગ્ધ હતા. એને તે પુસ્તકો ભેટ આપતા અને 'તમે મારા શરતઘોડા(રેઇસહૉર્સ) છો, એટલે મારે તમને સ્વસ્થ(ફિટ) રાખવા જોઇએ', એમ કહી પરીક્ષા પહેલાંનો એક માસ ક્વિનીન નિયમિત ખાવા સારૂ સાકરના પટવાળી ગોળીઓની શીશી આપતા.

આચાર્ય આનંદશંકરભાઇ અમને સંસ્કૃત તથા પ્રોફેસર સ્વામીનારાયણ ગણિત શીખવતા. આ ઉભયના પણ શિવલાલભાઇ ઉપર ચારે હાથ હતા.

૧૯૧૧માં શિવલાલભાઇ મુંબઇની એલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થયા ને ૧૯૧૨માં સિવિલ સર્વિસની પરીક્ષા આપવા સારૂ વિલાયત ગયા. ત્યાં તે કેમ્બ્રિજની જીસસ કૉલેજમાં દાખલ થયા. કેમ્બ્રિજમાં વીશેક કૉલેજ તથા ૫,૦૦૦ વિદ્યાર્થીઓ છે. ક્રૉમ્વેલ, પિટ, બેકન, ન્યૂટન, ડાર્વિન, મિલ્ટન, વર્ડ્ઝવર્થ તથા ટેનિસન કેમ્બ્રિજમાં ભણ્યા હતા. ધર્મને કારણે એને બાળી મૂકયો ત્યારે જીવ બચાવવા સારૂ પોતે અસત્ય માનેલા લખાણ નીચે સહી કરનારા પોતાના હાથને પહેલાં બાળનારો ક્રૅન્મર જીસસ કૉલેજનો વિદ્યાર્થી હતો. નૅશનલ જ્યૉગ્રાફિક મૅગેઝીનના સપ્ટેમ્બર ૧૯૩૬ ના અંકમાં કેમ્બ્રિજ વિષે સારો લેખ છે.

કેમ્બ્રિજમાં શિવલાલભાઈ બી.એ., એલ.એલ બી. થયા, ને ૧૯૧૫માં સિવિલ સર્વિસની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા તેમાં બીજો નંબર આવ્યો. કેમ્બ્રિજમાંથી સિવિલ સર્વિસની પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓમાં શિવલાલભાઇ પહેલા આવ્યા, એટલે એને ભાવનગર ચન્દ્રક મળ્યો.

૧૯૧૬ના ડિસેમ્બરમાં શિવલાલભાઇ વિલાયતથી પાછા આવ્યા. પછી તો બનારસ, મથુરા, ઝાંસી, અલ્લાહાબાદ લખનૌ ઇત્યાદિ પુરાણ તથા ઇતિહાસ-પ્રસિદ્ધ સ્થળે નોકરી કરી, અને જ્યાં ગયા ત્યાં આંબા જ વાવ્યા. એના પ્રમાણ દાખલ શિવલાલભાઇને સં. ૧૯૮૦માં ઉરઈમાં મળેલા માનપત્રમાંથી થોડાંક વાકય આ નીચે ઉતાર્યાં છેઃ



સ્વ. શિવલાલ પાનાચંદ શાહ, આઇ.સી.એસ.

'યહ કહનેકી આવશ્યકતા નહીં હૈ કિ યહ જિલા (જાલૌન) આપકા કિતના ઋણી હૈ. હમ લોગ નિઃસંકોચ અપના દુઃખદર્દ આપ સે પ્રગટ કરતે થે ઔર આપ ઉસકે નિવારણ કા ઉપાય કરતે થે. માનો હાકિમ ઔર રઆયાકા સંબંધ નહીં, વરન એક પ્રકારકા પ્રેમસૂત્ર હમ લોગોંકો આપસે બાંધે હુવે થાઃ

'આરા સ્ટેશન પર ધર્મશાલા દે કર આપને દુઃખી પ્રજાકા બડા ઉપકાર કિયા હૈ. ઉરઇમેં ટાઉન હૉલ કી સ્થાપનાકા પ્રબન્ધ કરકે જિલેકી એક ભારી ત્રુટિકો દૂર કિયા હૈ. ઉરઇ ધર્મશાલકે સ્થાપના મેં સહાયતા દે કર સબકા આશીર્વાદ લિયા હૈ। . . આપકે સમયકી હમારે જિલેકી ઉન્નતિ, સુખ, ઔર શાન્તિ ભારતીય શાસકોંકી યોગ્યતાકા જીતા જાગતા ચિત્ર હૈ.'

આ એક માનપત્રને આપણે જેટલાએ ગુણવું હોય એટલાએ ગુણીએ, એટલે શિવલાલભાઇની જિલ્લા-અમલદારીનો જાડોમોટો આંક આવી જાય. બાકી તો ડિરેક્ટર ઑવ ઇંડસ્ટ્રીઝ, સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર, સેંટ્રલ બોર્ડ ઑવ રેવન્યુના મંત્રી, અને છેવટના દિવસમાં સ્થાનિક સ્વરાજ તથા સાર્વજનિક આરોગ્યનાં ખાતાંના યૂ પી. સરકારના મન્ત્રી એવી કઇક પદવીએ શિવલાલભાઇ બિરાજ્યા, અને ડૉ. જૉન્સને ગોલ્ડસ્મિથ વિષે લખ્યું હતું તેમ, એ શેનેય અડયા નહોતા, જેને એણે શોભાવ્યું ન હોય. પરાજય શી વસ્તુ છે એ જ (અનુસંધાન પૃ. ૨૯૦મે)

બરફ . . . ટ્રેનના ઉતારૂઓ ઘણી વાર એના વગર જીવી નથી શકતા; પણ કરસનનો આતો એના વગર મરી નહોતો શકતો

ચારે તરફ ખેતરોમાં અનાજ ફીલોબા લઇ રહ્યું છે. વાવેલાં ખેતરો પડતર જમીન તરફ ખસી રહ્યાં છે. કંઇક ઠેકાણે અનાજ લણાઇને ભારારૂપે ખેતરોમાં પડ્યું છે, ક્યાંક લણાઇ રહ્યું છે; થોડેક ઠેકાણેથી તો લણાઇને લઇ જવામાં પણ આવ્યું છે. ખુલ્લાં ખેતરોમાથી જતા પગરસ્તા ઉપર અનાજથી ભરેલાં બે ગાડાં કકડાટી બોલાવતાં દૂર દૂર ડોકિયું કરતાં ગામ તરફ જઇ રહ્યાં છે.

આવાં આવાં દશ્ય જોતી કાઠીઆવાડ એક્સપ્રેસ (કહેવાગાં એક્સપ્રેસ પણ ખરી રીતે જોતાં લોકલ) દરેક સ્ટેશને ઊભી રહેતી આગળ વધી રહી છે. સૂકી જમીન ઉપર સૂર્ય અગ્નિ વરસાવી રહ્યો છે. પૅસેંજરો બારીની બહાર ડોકાતાં બંધ થયાં છે. એમનાં શરીર પસીનાથી લદબદે છે.

'ઓ . . હો . . હો . . હો . . કાંઇ લૂ વાય સે લૂ!' કહેવાની જરૂર ન છતાં એક જણથી બોલી જવાય છે.

એની બાજુમાં બેઠેલા માણસના વાળ ધોળા, ચામડી કરચલીયાળી અને મોંના થોડાક દાંત ખૂટતા છે. વયે પાકટ હોય એવો એમનો દેખાવ છે ને અનુભવે પણ પાકટ હોય એમ એની વાણી કહી રહી છે. "હોય બાપલા," એ અનુભવી બોલે છે, "ઇતો રતનાં કામ રત કરે જ ના! ગરમી ઇ તો ખોરાક સેઃ તમારો, મારો, અનાજનો ને હઉનો. એ ઇનાં વગર્ય તો આપણે હંધાય કરમાઇ જાયીં કરમાઇ."

મુસાફરોની હાડમારીઓનો દરકાર કર્યા સિવાય એક્સપ્રેસ માતેલી ગતિથી 'છક...છું, છક...છું' કરતી દોડચે જાય છે. રસ્તામાં હાથલા થોરનાં ઝુંડ ઠેકઠેકાણે દાયરો જમાવી બેઠેલાં છે. ભેંસો ને ગાયોનું એક ધણ ચરી રહ્યું છે. તેનો ગોવાળ એ ટોળા ઉપર નજર રાખવાને બદલે વડલાનાં છાંયામાં લાંબો થઇને સૂઇ ગયો છે. વડલાની વડવાઇએ એક છોકરો હીંચકી રહ્યો છે તે ગોવાળનો જ હશે એમ લાગે છે. ટ્રેનના પાટા પાસે ચરતી એક ગાય ટ્રેનનો ખડખડાટ સાંભળી, કાન ઊંચા કરી, પૂછડું હવામાં અદ્ધર ઉલાળતી, ભાંભરતી ભાંભરતી ધણ તરફ દોડી જાય છે.

ટ્રેન આગળ વધતી જાય છે તેમતેમ એ દશ્ય ગોળ ગોળ ફરતું નજર બહાર જતું રહે છે. હવે કંઇક બીજું જ દેખાય છે. અનાજ કાપી લીધા પછી રહેલા ખૂંપરામાંથી અને ખેતરના ડોલતા ઘઉંની બાજુમાંથી ગાડાંઓની એક હારકતાર જઇ રહી છે. ગાડાખેડુઓના દરેકના ચહેરા શ્યામ છે, ગરમી સહન કરવાનું જાણે કેમ વ્યસન થઇ ગયું હોય તેમ એ લોકો તપતા સૂર્યની દરકાર કર્યા વગર દુહા લલકારતા ચાલ્યા જાય છે.

ટ્રેન હડસેલા ખાતી નવપુર, હાથલીઆ, બાંટેસર વગેરે નાનાં સ્ટેશનો વટાવી આગળ જઇ રહી છે. જે છેલ્લા સ્ટેશનેથી એ ઉપડી એનું નામ જાંબલીઆળા. જ્યારથી આ સ્ટેશનો બંધાયાં ત્યારથી અત્યાર સુધીમાં કોઇ પૅસેંજર ત્યાં ઊતર્યું કે ચઢ્યું હોય તેવું એક્સપ્રેસના ગાર્ડને માલૂમ નથી. સ્ટેશનથી ચારચાર, પાંચપાંચ ગાઉને છેટે વસેલાં એ ગામડાં ખોબા ખોબા જેટલાં લાગે છે.

એકાદ બે ઝાડ અને ત્યાં આગળ બાંધેલું એક છાપરૂં. છાપરાની નીચે બે બાજુ બે ઓરડીઓ અને વચ્ચે લાકડાના ખપાટીઆનો ઝાંપો. અહીં આવીને ટ્રેન ઊભી. એક ઓરડીમાથી નીકળી એક બાઘડ જેવો માણસ, જરાયે ફીટ થતાં ન હોય એવાં કોટ પાટલુનમાં સજ્જ થઇ, રૂઆબ જમાવવાનો પ્રયત્ન કરતો, પાટલુનના ખિસ્સામાં હાથ નાખતો 'પ્લૅટફૉર્મ' પર આવ્યો. 'પ્લૅટફૉર્મ' એટલે ટ્રેન જેટલી લંબાઇની ઝાંખરાં વગેરે કાઢી નાખી સાફ કરવામાં આવેલી જમીન; ધૂળથી ભરેલી ને કાંકરે મઢેલી. એ માણસના માથે છીંકણી રંગની, તેલથી ને મેલથી ખરડાએલી એક પાઘડી શોભી રહી છે. બીજો એક કાળીઆમાં માથું ઢાંકેલો દુબળો માણસ 'ખોં . . . ખો' કરતો સાંબથી થોડે છેટે આવીને ઊભો. ક્ષયથી ગળી ગયું હોય એવા શરીરે રોજની ટેવ પ્રમાણે એ ખોખલો બે હાથથી મોં પાસે લાઉડસ્પીકર જેવો આકાર બનાવી, હતુ તેટલું જોર કરી બરાડ્યોઃ "એ ગુંદાળું...ઉ... (ખોં...ખોં...) ગુંદાળું...(ખોં...) ટેસન... (ખોં...)

તેણ... મીલ ...ટ!"

સ્ટેશનના નામનું પાટિયું તો હતું, પણ તાપમાં પતરીઓ વળીને નામ ઉખડી ગયું હતું. પાટિયું નવું હોય તોય વાંચે કોણ? અભણ 'ગામડીઆઓ?' એટલે રેલવે સત્તાવાળાઓએ આ બૂમ પાડવાની પદ્ધતિ અખત્યાર કરી છે. ત્રણને બદલે 'ધોરણસર' ટ્રેન દસ મિનીટ ઊભી રહી. ન તો કોઇ ચઢયું કે ઊતર્યું. સ્ટેશન માસ્તર સોડાલેમનવાળા ડબ્બા પાસે જઇ બરફનું પાણી 'મફત' પી આવ્યા.

ક્યાંકથી ઘંટનો અવાજ થયો. પહેલાં ટ્રેન ઉપડી ને પછી ગાર્ડની સીટી સંભળાઇ! માસ્તર પાછા ઓરડીમાં પેસી ગયા અને પેલો દુબળો પાતળો માણસ 'ઓ–ઓ'ની ધૂન જમાવતો 'સા'બ'ની પાછળ ચાલ્યો.

ખટ ખટ...ખટાક! ટ્રેન ગતિમાં આવી દોડવા મંડી છે. પાછાં ચાલો જરા બારીમાંથી બહાર નજર કરીએ. ખેતર જ નજરે પડે છે. વચ્ચે એક કૂવો લાગે છે. કૂવાની બાજુમાં ઝાડ છે. રાયણનું હશે એમ એના દેખાવ ઉપરથી અનુમાન કરી લઇએ. ઝાડની નીચે બે બળદો નિદ્રા લે છે, એક વાછરડું આમથી તેમ ઘાસ ચાવતું ફર્યા કરે છે...જુઓ હવે સામેના બીજા ઝાડ તરફ. ખેડૂત જમી રહ્યો લાગે છે. બપોરનું 'ભાત' હશે. 'ધણ...ધણ' અવાજ થાય છે ટ્રેન ગરનાળા ઉપરથી પસાર થઇ રહી છે. પૂલની નીચેના ધૂળવાળા રસ્તામાંથી એક ગાડું ધીમું ધીમું જઇ રહ્યું છે અને એની પાછળ એક નાનો 'ગર્દભ-સ્વાર' પણ જઈ રહ્યો છે.

હવે ગાડી આગળ વધી ગઇ છે. 'ખડાંગ' કરતા ડબ્બા અથડાય છે. ટ્રેનની ગતિ નરમ પડે છે ને માંડમાંડ ચાલી શકતી હોય એમ બસોએક વાર દૂર જઇને 'કીચુડ, કીચુડ' કરતી ધીમે ધીમે ઊભી રહી જાય છે. આ પણ અગાઉના જેવું જ બીજું સ્ટેશન. એ જ ઢબનું. એ જ જાતનું 'પ્લૅટફૉર્મ' અને એવા જ બાઘ્રડ જેવા સ્ટેશન માસ્તર. અરે, પણ આ તગડો ઇન્સાન કોણ છે? ઓળખ્યો ઓળખ્યો. એ તો લાગે છે 'સા'બ' નો હાથ નીચેનો માણસ. જોજો, હમણાં બૂમ પાડશે.

'એ...ય...ધરમપુર ઇસટેસ...ણ દહ મીલ...ટ.' ટ્રેનમાંથી ગામ દેખાતું નથી. આઠ ગાઉ દૂર આવેલા પહાડની પાછળ ધરમપુર 'સોડ' તાણી સૂતું છે, એમ જાણનારા કહે છે. મટોડાથી ચણેલાં ઘણાં ઝૂંપડાં, ઇંટોથી ચણેલા થોડાંક મકાન ને વિલાયતી નળીઆ-વાળી એકાદ 'હવેલી' ગામનો અસબાબ છે. કહે છે કે બધાં ગામોમાં ધરમપુરની આબાદી સારી છે. એની નેવું ખોરડાંની વસતિમાં કોઇનીય આંતરડી કણસતી હોય એમ ક્યારેય કહેવાયું નથી.

'સા'બ' અને તેનો એસિસ્ટન્ટ, એક કૂતરૂં ને ત્રણ નાગાં છોકરાં, ધૂમાડાના ગોટા કાઢતું એન્જીન અને પસીને ભીંજાએલા ઉતારૂઓ; બધાંય મૂંગાં છે. ટ્રેનમાં સોડા-લેમનવાળાનું જે ખાનું છે તેમાંથી એક માણસ બહાર નીકળી, ડબ્બાઓ આગળ 'સોડાલેમન –બરફ'ની બૂમ પાડતો જાય છે.

'હવે જા...જા!' એક વૃદ્ધ કણબી બરાડી ઊઠે છે. 'મારા બેટા એક ગલાસ હવાદ વગરનું



ટ્રેન ઊભી રહી. ધૂળના ગોટા વચ્ચેથી ગાજતે ઘોડે કોઇ સ્ટેશન તરફ ધસ્યે આવતું હતું.

પાણી દાગે ને કાગે "લીગો આ સોડા" અને ફદીઆં લઈ મૂકે આઠ.'

દસ મિનીટ થઇ ને 'વગર ઘોરણસર' ગાર્ડની સીસોટી ગાજી. પણ ઓતરાદી દિશાએ આ આંધી શાની ઊઠી છે? ધૂળના ગોટા વચ્ચેથી આ દેકારો કોનો કાને અથડાય છે? સ્ટેશન માસ્તરે આંખ ઉપર હાથની છાજલી બનાવીને ઊંચા થઇને જોયું.

'એલા ભોભરજો.' એણે બૂમ પાડી. 'ગામમાંથી કોઇ માણસ આવતું જણાય છે; અસવાર લાગે છે.'

ટ્રેન હજી તો ચાલુ જ થઇ'તી, ત્યાં ફરીથી ગાર્ડની સીસોટી ગાજી અને 'ધડાંગ' કરતીક ને ટ્રેન 'ઘોરણસર' પાછી ઊભી રહી ગઇ.

ઘોડાનાં ડાબલાંનો અવાજ હવે ચોકખો સંભળાય છે. ઘોડો ને 'અસવાર' હવે સ્પષ્ટપણે દેખાય છે. બે મિનીટ પણ નહોતી થઇ ત્યાં એ 'અસવાર' સીધો 'પ્લૅટફૉર્મ' પર આવ્યો. એક કૂદકે ઘોડેથી ઊતરી, પસીનાથી રેબઝેબ બનેલો એ ડબ્બા તપાસતો તપાસતો સોડા-લેમનના ડબ્બા પાસે અટક્યો. સ્ટેશન માસ્તરે એને ઓળખ્યો.

'એલા આ તો દેવુભાનો કરસનીઓ. શું કરવા આવ્યો છે?' એ હર્ષથી પોકારી ઊઠ્યા. પણ દેવુભાના કરસનને કંઇ પણ સાંભળવાની ફુરસદ નહોતી.

'બાપુ!' એણે કપાળેથી આંગળી વતી પસીનો નીતારતાં સોડા-લેમનવાળા લલ્લુને પૂછ્યું, 'બરફ સે તારી પાંહે?'

માસ્તર ને લલ્લુ, થોડાક મુસાફરો અને ગાર્ડ (જે આ વખત સુધીમાં ત્યાં આવી ગયો હતો) આશ્ચર્યથી જાડા પાણકોરાનું બનાવેલું કેડિયું અને સુંથણું પહેરેલા કરસન તરફ જોઇ રહ્યા. એણે માથે ફાળિયું વીંટાળ્યું હતું ને મૂછનો દોરો ફૂટ્યા કરતાં ફૂટું ફૂટું થઇ રહ્યો હતો એમ કહેવું વધારે સાચું લાગશે. ગાડીથી એ જરા છેટે ઊભો હતો. આઠ આઠ ગાઉથી આ ધીખતા અગ્નિમાં બરફ લેવા આવનાર કરસનની બુદ્ધિમાં બગાડ તો નથી પેઠોને? એમ લોકો વિચારતા હતા.

'સા. . .બેવકૂફ લાગે છે જો, ત્યાંથી ઇયાં લગીન આવા તડકામાં બરફ લેવા આઇવો છ." ગાર્ડ માસ્તર મગનભાઇ બોલી ઊઠ્યા. એમની જાત એમની વાતમાં તરી આવતી હતી.

'બરફ ? હોવે...છે સ્તો.' લલ્લુએ કહ્યું. "બરફ વગર કેમ ચાલે? 'જોઇએ એટલો છે.'

તો, એકાદ ગાંગડો દેહો બાપૂ ? મારાં આતા ઇનાં વગર મરી નથી હકતા. આજ સવાર દીથી ઇ તાવમાં બફાય સે. કાગે સે, 'કરહનીયા થોડો બરફ માથે સોપડય તો હૂં હખેથી મરૂં. ગોંમા દેતના બળે સે તી એકાદ ગાંગડી બરફની લૈ આવ્ય બાપ!' સાર દી તો સલાવ્યે રાખ્યું, પણ આઝ હમણાં બળદેવ ઠાકરે કીધું 'એલા કરહન, તારો આતો સેલ્લી ઘડી સે. મરતાનું વેણ ઉથાપીસ માં.'

બધા એકચિત્ત સાંભળી રહ્યા છે. શાથી બધા શાંત છે? નથી એ વાણીમાં મિઠાશ કે નથી એના બોલનારમાં હોંશ.

'મેં કીધું,' કરસને આગળ ચલાવ્યું, 'પણ ઠાકર, બરફ લાવવો ક્યાંથી? સે'રમાં જાઇં તો મળે. પણ સે'ર રીયું નરીહ ગાઉ સેટું.' તયેં ઇ કાગે, 'એલા, ઝાને ઇશટેશણે-ગાડીનો વખત થાયો સે. ન્યાં 'ટેન'માં બરફ રીયે સે. તી દેહે તને' આ ઇ માટે હૂં આંઇ આવ્યો સું. દેહો બાપા એકાદ ગાંગડો બરફનો?'

ગાર્ડ મગનભાઇએ ઉચ્ચારેલાં વેણ હવે એમને જ ડંખવા લાગ્યાં. જરાય આડંબર કે જરાય પીંજણ વગરની અંતરના ઉંડાણમાંથી બોલાએલી આ વાણી એમની આંખોને ભીંજવી ગઇ.

'આપ લલ્લુ, બરફનું એક ગચ્ચું ભાઇને આપ.' લલ્લુને કહેતા તે ગાર્ડના ડબ્બા તરફ ચાલ્યા.

અને જતાંજતા બોલ્યા: 'પૈસા ન લેતો, હું આપીશ.'

લલ્લુએ પાંચેક રતલનો બરફનો ટુકડો વહેરની અંદર બરાબર મૂકી, કાગળ વડે લપેટી કરસનને આપ્યો.

'મોટા પાડ થ્યો બાપ.' એણે કહ્યું. આંખમાંથી પડું પડું થઇ રહેલું એક બિન્દુ ગાલ ઉપરથી સરકી પસીના ભેગું મળી ગયું. કેટલાં દઉં?' એણે પૈસા કાઢવા માંડ્યા.

ને ત્રીજી વાર સીટી ગાજી. ઉતારૂઓ ઝડપથી ડબ્બામાં ચડી ગયા. ટ્રેન આંચકા સાથે ઉપડી. કરસન લલ્લુની વધારે નજદીક ગયો ને ડબ્બાની સાથે સાથે ચાલવા લાગ્યો: 'કેટલાં કાવડીયાં થ્યાં?' એણે ફરીથી પૂછ્યું.

'પૈસા નથી જોઇતા પટલ, હવે ઝટ ગામમાં

જાઓ નહિ તો બરફ ઓગળી જશે.' લલ્લુએ બારીમાંથી ડોકું બહાર કાઢી કહ્યું.

કરસન ઊભો રહી ગયો—પાષાણવત્. એની આંખો ચાલની ટ્રેનની બારીમાં દેખાતા લલ્લુના મોં ઉપર આશીર્વાદ વર્ષાવતી ચોંટી રહી. એના હાથ 'કેટલા થ્યા'ની પ્રશ્નાર્થસૂચક મુદ્રામાં સ્થિર હતા.

ટ્રેન જયારે દૂર નીકળી ગઇ ત્યારે કરસને ઘોડો પલાણ્યો. એક હાથમાં બરફનો ટુકડો ને બીજા હાથમાં લગામ પકડી, એડી લગાવી, એણે ઘોડાને તગડી મૂક્યો. પ્લૅટફૉર્મ પર ઊભેલા ઓળખીતા સ્ટેશન માસ્તરની એક વધુ પ્રશ્ન પૂછવાની ઉત્સુકતાનું એમનાં જ હૃદયમાં દફન કરી, રસ્તે જતાં ઓળખાણવાળા ઇસમોના સવાલના જવાબ ગળી જતો, ખેતરમાં બેસી ચલમ પીતા રામજી આતાના આમંત્રણને અવગણતો, પસીનાથી નીતરતો, ધૂળથી ખરડાતો કરસન અરધા કલાકે ગામમાં પહોંચ્યો. ડેલીએ ઊતરી ઘોડાને ખીલે બાંધી, બરફ લઇ એ જેવો ઘરમાં પેસવા જતો'તો ત્યાં જ બળદેવ ઠાકર ચહેરા ઉપર દિલગીરી ને આંખમાં પાણી ભરીને સામે આવ્યા.

'કરહન, આ દનિયાનાં દખ દેવુભાથી ઝાઝી વાર નો ઝીલાઇ હકાયાં. પાંસ મીલટ મોર્ય જ એણે ગામતરાં કર્યાં. હશે બાપ.' ઠાકર ગદગદિત કંઠે બોલ્યા, 'મારા વા'લાને રૂડું લાગ્યું ઇ ખરૂં.'

કરસનની આંખમાંથી ધાર વછૂટી. 'કાંઇ કે'તાતા?' એણે પૂછ્યું.

'કાંઇ નઇ. પણ મરતાં પે'લાં તાવની ગરમીમાં બબડતા'તા કે "હાશ, બરફ કેવો ટાઢો લાગે સે—મારો કરહન ટેઠ ટેશને લેવા ગ્યો'તો—કેવો ટાઢો લાગે સે આ બરફ' આટલું જ કેતા'તા.'

'ઠાકર, ઘોડાને નીરણ નાખજો બચારો બઉ ઘોડ્યો સે.' એમ કહી કરસન, હાથમાં ઓગળીને નાનો બની ગએલો બરફનો ટુકડો લઇ અંદર ઘરમાં ગયો. ઓરડામાં એક બાજુ પડેલા એના પિતાના શબ પાસે એ ગોઠણભર બેસી ગયો. બરફના ટુકડાને સાફ કરી પહેલાં એણે એને કપાળે લગાડ્યો ને પછી એક ઝીણી કટકી કરી શબના મોંમાં મૂકી.

'આતા' શબના મોઢે હાથ ફેરવતાં એ બોલ્યો, 'બરફ લૈ આવ્યો સું—લાગે સે ને ટાઢો!'

જેવો બરફ ઠંડો હતો તેવું જ દેવુભાનું શરીર ઠંડુ હતું. દેવુભાએ જવાબ ન આપ્યો. કરસને મહાપરાણે અત્યાર સુધી દાબી રાખેલાં ડુસકાં જોર કરી ધસી આવ્યાં. 'ઠાકર!' એણે બૂમ પાડી, ઠાકર દોડતા આવ્યા.

'ઠાકર,' કરસને અવાજ ધીમો કરતાં ડુસકાં સહિત કહ્યું, 'ખાંપણની તૈયારી કર્ય ભાઇ.'

...ને દૂર દૂર ધૂમાડાના ગોટા કાઢતી કાઠીઆવાડ એક્સપ્રેસ ચળકતા પાટા ઉપર એ જ માતેલી ગતિએ જઈ રહી હતી.

ચંદુલાલ પટેલ

જનની

· સ્રગ્ધરા ·

તારા શ્વાસે શ્વસીને મમ ઉર ધબકયું, તેં દીધી પ્રાણદીક્ષા,
પીધી મેં સ્તન્યધારા, તુજ ઉર વળગી અંગઅંગો વધ્યાં આ;
પ્રીછ્યું તેં મૌન મારૂં, કુહૂરવ સમજી તેં મને હાથ દીધો,
ગીતો તારાં સુણીને, શબ્દ તુજ વીણી થાઉં વાચસ્પતિ હું.
તારી હૂંફે વિતાવી શરદ કઇંક ને કૈ વસંતો વિતાવી,
કિન્તુ મા, યૌવને તો પ્રણયજીવનની રાજ્ઞીને હાથ આપી
ભૂલ્યો. ના, ના, ભુલું ના—તુજ ઉર ઠરતું આંખ તારી કહે એ.
સેવામૂર્તિ હદે લે, જીવનભર રહે પ્રાર્થનામૂર્તિ મારી.

હરિશ્ચન્દ્ર ભ. ભટ્ટ

મેંદીનાં પાન

વધુ બોલવાના મોહમાં વધુ શીખવાનું ભૂલી ન જવાય એ યાદ રાખજો.

સ્વર્ગમાં ગુલામનું પદ મેળવવા કરતાં નર્કમાં સમ્રાટપદ મેળવવું ઉત્તમ છે.

આદર્શ જીવન વિનાની સંપત્તિ ચાંદની વિનાના આકાશ જેવી છે.

સંભાષણનો સૌથી મુખ્ય ગુણ સત્ય, પછી સંગતિ, તેની પછી અર્થગૌરવ, અને મનોરંજન તો સૌથી છેલ્લું આવે.



ફોટોગ્રાફીની સાધના

આડી રાતમાં ફોટો-કલાકાર બની જવા ઝંખનારાઓને સાવચેત કરતી થોડી સૂચનાઓ

નવાઈની વાત છે કે ધંધા અર્થે કે શૉખથી ફોટોગ્રાફી કરનારાઓનો મોટો ભાગ ફોટોગ્રાફીના મૂળ સિદ્ધાંતોથી જ સાવ અજ્ઞાન હોય છે. ફિલ્મો ને બીજાં સાધનો સાથે આવતાં સૂચિપત્રોને વાંચીવાંચીને કામ કરવાથી જે કાંઈ સાધારણ સારાં પરિણામ મેળવે છે એથી જ સંતોષ માની લઈ ફોટોગ્રાફીના શૉખીનો તેના વિજ્ઞાન અને કળાના સિદ્ધાંતો તરફ દુર્લક્ષ કરે છે. કેટલાક તો વળી એ સૂચિપત્રોને અક્ષરશ: અનુસરવા છતાં પણ જ્યારે સર્વોત્તમ ચિત્રો સરજી શકતા નથી ત્યારે તે માટે ટૂંકા ને સરળ માર્ગોની શોધમાં હરહંમેશ જુદી જુદી ફૉર્મ્યુલાઓ, છેલ્લામાં છેલ્લી ઢબનાં ને કીમતી સાધનો, નવી નવી ફિલ્મો ને ફાઈન ગ્રેન આપનારા ડેવેલપરોના અખતરાઓ કરવામાં સમય અને નાણાં બરબાદ કરે છે, પરંતુ એ બધા વસ્તુઓ ને સાધનોનો સાચો ઉપયોગ શીખવા ને કરવા માટે જરૂરી મૂળભૂત સિદ્ધાંતોનો અભ્યાસ કરતા નથી. આડી રાતમાં ફોટો કલાકાર થવા ઝંખનાર આવા માણસોએ ધીરજ અને ખંતથી આ કલાની સાધના કરવી જોઈએ છે. તેઓ એવા અડસટ્ટીઆ અખતરાઓ છોડી દઈ, સમય કાઢી પ્રમાણભૂત સાહિત્યનો અભ્યાસ કરે તો હરેક દિશામાં પ્રગતિ થશે ને સુંદર પરિણામો આવવા માંડશે. આથી એમ કહેવાનો આશય નથી કે કીમતી ને મોટાં પુસ્તકોના વાંચનથી જ ફોટોગ્રાફીની ટેકનીક અને કળા આવડે. ફોટોગ્રાફિક વસ્તુઓ ને સાધનો બનાવનાર મોટી કંપનીઓ ફોટોગ્રાફીનું જરૂરી ને પ્રમાણભૂત વિશિષ્ટ સાહિત્ય મફત અગર જૂજ કીમતે વેચે છે. તેવા સાહિત્યનો બારીક અભ્યાસ પણ ઇષ્ટ છે.

ફોટોગ્રાફીનું ક્ષેત્ર વિશાળ છે. તેના અનેક વિભાગો છે. ધંધાદારી કે ઍમૅટરે તેમાંથી અનુકૂળ વિભાગ પસંદ કરી એક ધ્યેય નક્કી કરવું ઘટે. હેતુ વિના આડાઅવળા સ્નૅપ પાડવાથી સર્વોત્તમ ચિત્રસર્જન થતું નથી. છતાં ઘણા એવી આશામાં આંખો મીચીને ચાંપો દબાવ્યે રાખે છે. કલામય વસ્તુઓથી ભરપૂર દુનિયામાં સારો સરંજામ તથા કૅમેરા વાપરનાર, અસંખ્ય આંધળીઆ એકસ્પોઝરમાંથી અકસ્માત એકાદ બે સુંદર ચિત્રો મેળવે, એ સંભવિત છે. એવાં ચિત્રો કોઈ મોટા પ્રદર્શનમાં કદાચ સ્થાન પણ પામે. પરંતુ એ બધા અકસ્માતો છે. તેથી કાંઈ ફોટોગ્રાફી આવડી ના કહેવાય.

કલામય, ટેકનીકલ, વૈજ્ઞાનિક પોર્ટ્રેચર, ટૅપિકલ કે ટોપોગ્રાફિકલ (છાપાની કે સ્થળ વિષયક) ફોટોગ્રાફી કરનાર સૌએ સાચી દષ્ટિ (Seeing Eye) કેળવવા તરફ ખાસ લક્ષ્ય રાખવું જોઈએ. ઘણાં ચિત્રો ડાર્ક રૂમમાં નીપજે છે એ ખરું, પરંતુ સર્વોત્તમ કળા તો એકસ્પોઝર વખતે જ જન્મે છે એ ભુલાવું ન જોઈએ. ચિત્રસર્જનની શક્યતાઓ વધારવા પૂરતો એકસ્પોઝર પછીની તમામ ક્રિયાઓ કે બ્રૉમોઇલ જેવી પદ્ધતિ પર કાબૂ મેળવવો આવશ્યક છે. પરંતુ જેમતેમ ચાંપ દાબવાથી કે બ્રૉમોઇલની આવડતથી હરહંમેશ સાચાં ચિત્રો ઉપજશે એમ માનવું એ કેવળ મૂર્ખાઈ છે.

પોતાની કલ્પનાના ચિત્રને કાગળ પર ઉતારવા માટે એ ચોક્કસ વિષયને લગતી સંપૂર્ણ માહિતી અને તેને અંગેની સઘળી ક્રિયાઓના વિજ્ઞાનનું સાચું જ્ઞાન મેળવવું જોઈએ. ફોટોગ્રાફીમાં વપરાતી વસ્તુઓ ને બીજાં સાધનોના લાભાલાભ ને દવાઓના ગુણદોષ જાણવા જોઈએ. બારીક અવલોકન કરવાની ટેવ પાડવી જોઈએ. પોતાના માર્ગમાં નડતી મુશ્કેલીઓ, પોતાનાં સાધનોની મર્યાદાઓ ને સંજોગોની શક્યતાઓ વિષે આપમેળે તાત્કાલિક નિર્ણય કરતાં શીખવું જોઈએ.

ઘણા ઍમૅટરો કૅમેરાને ફુરસદે વાપરે છે. એ શૉખ રોજિંદો બનાવવો જોઈએ. અનેકરંગી દુનિયાના વ્યવહારના આ વહેતા પૂરમાંથી કલામય ચિત્ર નજરે પડતાં જ આંખ ઝડપી લે એવી વેધકદૃષ્ટિ અભ્યાસથી કેળવવી જોઈએ. કેટલાકમાં એ દૃષ્ટિ સહજ જન્મેલી હોય છે. પરંતુ લાંબા અભ્યાસથી એ પ્રાપ્ત થઈ શકે છે.

ઉઘાડી આંખે રસ્તે ચાલતાં અનેક ચિત્રો નજરે પડે છે. દરેક પ્રસંગે કૅમેરાને સાથે રાખનાર મીનીઍચરિસ્ટે તક મળતાં સમજપૂર્વક સ્નૅપ કરવા જોઇએ. જો તે ઉપયોગી પ્રસંગ કે આકર્ષક વસ્તુઓનો વગર વિચારે સ્નૅપ લઇ પાડેલા ફોટોગ્રાફો ભેગા કરવાનું કાંઇ પ્રયોજન નથી. મુશ્કેલ અને અનાકર્ષક વિષયમાં પણ જો સર્જનની શક્યતા લાગે તો પ્રકાશસંયોજન, બૅકગ્રાઉન્ડ વગેરેનો વિચાર કરી અભ્યાસપૂર્ણ ને સંપૂર્ણ ટેકનીકવાળું ચિત્ર ઉતારવા મથવું જોઇએ. એથી અભ્યાસ અને અનુભવ વધશે ને ધીરે ધીરે પરિણામોમાં પ્રગતિ દેખાશે.

ફુરસદે શૉખથી કૅમેરા વાપરનારે પણ જ્યારેજ્યારે તક મળે ત્યારેત્યારે એક જ પ્રકારના વિષય—જેવાં કે જૂની મસ્જિદો, જુદીજુદી કોમનાં સ્ત્રીપુરુષો, અનેક જાતનાં વાહનો, પ્રાણીઓ, પક્ષીઓ, વનસ્પતિઓ—ની સાનુકૂળ કે પ્રતિકૂળ દરેક સંજોગોમાં ફોટોગ્રાફી કરવાનો નિયમ કરવો. એક જ વિષયની જુદાજુદા સમયે ભિન્નભિન્ન વાતાવરણમાં ફોટોગ્રાફી કરવાથી અવલોકન શક્તિ વધે છે. ફોટોગ્રાફીમાં નડતી અનેક મુશ્કેલીઓનો ખ્યાલ આવી, સાધનો અને વસ્તુઓની વપરાશ સરળ બને છે.

આનો અર્થ એમ નહિ કે એક જ વિષયની ફોટોગ્રાફી કરવી. વિષયોની વિવિધતા આવશ્યક છે. તેથી જ્ઞાન વધશે ને ટૂંકાં તથા થોડાં સાધનોથી વિશિષ્ટ ફોટોગ્રાફી કરવામાં સફળતા મળશે.

હવે આપણે જરૂરી સાધનો ઉપર વિચારી જઇએ.

થોડાં સાધનો ને સાદા કૅમેરાના જમાનામાં કલાકારની વિશિષ્ટતાનો આધાર તેના વ્યક્તિત્વ પર રહેતો. આજે કૅમેરા ફોટોગ્રાફરનાં વિષય કાર્ય અને પરિણામનો ઘણીવાર નિર્ણયકર્તા બને છે. અગાઉ કલાકારનાં બુદ્ધિ અને કૌશલ્ય પર પરિણામનો આધાર રહેતો, જ્યારે આજે હવે સાધનોની વિપુલતા છે ને વસ્તુઓમાં સંપૂર્ણતા આવી છે, એટલે રંગીન કે ચાલુ સુંદર ફોટોગ્રાફ, ફોટોગ્રાફીના જ્ઞાન વિના પણ ઉપજાવવાનું શક્ય છે. આથી ઍમૅટર સહજ ખ્યાલ બાંધી બેસે છે કે સાધન એ જ મુખ્ય વસ્તુ છે ને છેલ્લામાં છેલ્લા ઢબનો સર્વસંપૂર્ણ કરામતવાળો મીનીએચર કૅમેરા વાપર્યે સુન્દર ચિત્રો નીપજશે. પણ એ ખ્યાલ ખોટો છે. આજે પણ સાચા કલાકારો જૂના નકામા લાગતા કૅમેરાથી સારામાં સારાં ચિત્રો સર્જે છે. અનુભવી ફોટોગ્રાફરોએ પોતાનાં જૂનાં મશીનોનો બારીક અભ્યાસ કર્યો હોય છે. તેમને સાધનની શક્યતાઓ ને મર્યાદાઓનું જ્ઞાન હોય છે. એકીસાથે ઘણી વસ્તુઓને ચિત્રમાં સમાવવાની તેઓ મૂર્ખાઇ કરતા નથી. ખાસ પ્રકારનાં સાધનનો ઉપયોગ કરતાં મળતી સગવડો તેમ જ અગવડોનો તે ખ્યાલ રાખે છે.

આ બધાનો સાર એટલો જ કે જાણીતી કંપનીની બનાવટના સાદા ને સરળ કૅમેરાથી ફોટોગ્રાફી શીખવાની શરૂઆત કરો. તમારા ગામની ફોટોગ્રાફિક કલબમાં જોડાઓ. ગામમાં કલબ ન હોય તો ફોટોગ્રાફીમાં રસ લેતા તમારા મિત્રોનું નાનું મંડળ જમાવી અનુભવની આપ લે કરો. તમે પાડેલા સ્નૅપના ગુણદોષ સમજો, તેના પર વિચાર કરો ને બીજાની ટીકા અને વિવેચન પર ધ્યાન આપો. આમ કરવાથી અણઆવડતથી થતી ભૂલો, પરિસ્થિતિથી પરિણમતી ક્ષતિઓ, કૅમેરા અને સાધનની મર્યાદામાંથી જન્મતા દોષો સમજાશે અને દૂર કરી શકાશે. તમારા કાર્યક્ષેત્રની થોડીક અગવડતાઓ કદાચ કોઇ જુદા પ્રકારના કીમતી કૅમેરા ખરીદવાથી ટાળી શકાશે, પણ તેથી એમ માની લેવાની જરૂર નથી જ કે કીમતી કૅમેરા સરળ અને સગવડભર્યા હોય છે. ઘણી વાર નવો કૅમેરા ખરીદવા જતાં ઉપલકીઆ રચનાઓ ને કરામતોથી આકર્ષાઇ પોતાને બીનઉપયોગી કૅમેરા લેવાની ભૂલ પણ થઇ બેસે છે. માટે સાધનોનું સંપૂર્ણ જ્ઞાન એ જ ફોટોગ્રાફીમાં ફત્તેહ મેળવવાની સાચી ચાવી છે.


(અંગ્રેજીને આધારે)

બલવન્ત ભટ્ટ

પૂર્વના મહારાજ્ય સમા આપણા દેશની મુખાકૃતિ

(જુઓ પાછળના પાના ઉપર આપેલો નકશો)

હિંદનાં ભૂમાન, હવામાન ને પ્રકૃતિમાનનો આ નકશો આપણા દેશનો સંક્ષેપમાં પણ સમગ્રદર્શી ખ્યાલ આપે છે. કમનસીબીની વાત તો એ છે કે પાઠ્ય પુસ્તકોનાં ચોથાં ઘોળી પી જનારા આપણા દેશના પ્રૌઢો પણ આવી સમગ્રદર્શી માહિતીથી અજ્ઞાત હોય છે ત્યારે પરદેશોના કુમારો યે અનેક દેશોની આવી રાષ્ટ્રવિશેષ માહિતીથી વાકેફ બની ચૂકેલા હોય છે. ચિત્રજ્ઞાન વિદ્યાર્થીઓ ત્વરાથી ઝડપી લે છે એ હકીકત જાણવા છતાં આપણાં પાઠ્ય પુસ્તકોના નિર્માતાઓ તેમને લૂખી ગોખણપટ્ટીમાંથી બચાવવાની માનવતા ક્યારે શીખશે?



પૂર્વના મહારાજ્ય સમા આપણા દેશની મુખાકૃતિ — નકશાના સમજણ માટે જુઓ પાછળના પાને

નવી નજરે

સમાજહિતની કોઇ અદષ્ટ ભાવનાથી, જનસ્વભાવની અજબ સમજથી કે મજાક મશ્કરીની વિચક્ષણ રીતથી જગતના જીવનમાં અજમાવાતા અવનવા અખતરાના કિસ્સાઓ;—જેની પાછળનું માનવ તત્ત્વ આપણને આકર્ષી વિચારબળને તાઝગી આપશે એવી યોજનાથી અપાતી તેની લેખમાળા

થોડા વખત પહેલાં એક સામ્યવાદી અમેરિકન સંસ્થાનું સાહિત્ય વાંચવામાં આવ્યું ત્યારે પહેલી નજરે તે ખૂબ આકર્ષક લાગ્યું. એ સંસ્થાનું નામ છે 'ધ ઇક્વિટિસ્ટ લીગ'. સમાજની આર્થિક યોજનાને નવું સ્વરૂપ આપવાના એ સંસ્થાના કોડ છે અને એની પાછળનો શુભ હેતુ કોઇ પણ માનવ-પ્રેમીને રૂચે એવો છે. આજની સમાજવ્યવસ્થામાં પ્રવર્તી રહેલી અસમાનતા નાબૂદ કરવા એ સંસ્થા નવું જ નાણું પ્રચારમાં મૂકવા માગે છે, અને તે નાણું એટલે 'પુખ્ત વયના માણસની એક કલાકની મજૂરીનો ચેક'. આ આખા ચેકને દેશવાર ડૉલર, પાઉન્ડ, રૂબલ કે રૂપિયો ગમે તે નામ આપી શકાય. આવા બધા ચેકની લેવડદેવડ હમેશાં એકાદ બૅન્ક મારફત જ થતી હોવાથી તમે કોઇ પાસે પાંચ કલાક કામ કરાવ્યું હોય અને બદલામાં બીજા કોઇને માટે પણ પાંચ કલાક કામ ન કર્યું હોય તો બીજે દિવસે બજારમાંથી શાક લાવી ન શકો; કેમકે બધી ઉપ-ભોગ્ય વસ્તુઓની કીમત પણ આવા 'માનવ–કલાક' (!)માં નક્કી થઇ હોવાથી સોનું રૂપું તે ખરીદી ન જ શકે. યોજનાના ઉત્પાદકે એને કાગળ ઉપર ખૂબ જ વ્યવસ્થિત રૂપ આપવા પ્રયાસ કર્યો છે, અને તેથી અનેક રેડીઓ સ્ટેશનોએ તેની પાસે પ્રોગ્રામો બ્રોડકાસ્ટ કરાવ્યા છે. અરે બેચાર સ્ટેશનોએ તો એનું એકનું એક ભાષણ ત્રણત્રણ વાર લીધું છે. એ ભાષણો સાંભળનારને એમ જ લાગતું હશે કે હવે પછી એક માણસનું જીવન બીજો છીનવી નહિ શકે.

પણ એ યોજનામાં થોડા ઊંડા ઊતર્યા પછી વાંચનાર જ્યારે એ નવીન જગતમાં પોતાને મુકાએલો કલ્પવા માંડે છે ત્યારે થોડી મહેનતે વધુ નફો કરી લેવાની સ્વાભાવિક વૃત્તિ જાગ્રત થયા વિના રહેતી નથી. અને તેથી જો પોતે એવા સમાજમાં હોય તો પોતાની થોડી મહેનતના બદલામાં બીજા પાસેથી વધારે મહેનત કઢાવવાના કેવાકેવા માર્ગ પોતાને માટે ખુલ્લા થઇ શકે તેમ છે તે એની શોધનો મુખ્ય વિષય બની જાય છે. અને દરેકને પોતપોતાના ગજા પ્રમાણે આવો કોઇ ને કોઇ માર્ગ મળી રહે તેમ છે! વધુ જાણવું હોય તો લખો: The Equitist League. Del Rosa, California, (U.S.A.)

પણ આ સંસ્થાની નવીન આર્થિક રચના કરતાં પણ એણે રજૂ કરેલો ઉત્ક્રાન્તિનો સિદ્ધાંત વાંચનારની શ્રદ્ધાની વધુ આકરી કસોટી કરે છે. એ સંસ્થાની યોજના સામે કોઇએ એવી દલીલ કરી હશે કે માનવ-જાત હજુ ઉત્ક્રાન્તિક્રમમાં છે, એટલે કે તેનો થવો જોઇએ તેટલો સંપૂર્ણ વિકાસ હજુ થવો બાકી છે, માટે આવી યોજના ભવિષ્યના કોઇ સતયુગ માટે બાકી રાખવી જોઇએ. આ એક જ સાદી દલીલનો જવાબ આપવા આ સંસ્થાએ માનવજાતની ઉત્પત્તિનો ચોંકાવે એવો ઇતિહાસ રચ્યો છે. એમાં એમ આવે છે કે પ્રથમ તો ડાર્વિનનો સિદ્ધાંત જ નાપાયાદાર છે, એટલે કે માણસજાતની ઉત્પત્તિ કોઇ હલકી પંક્તિના જીવમાંથી થઇ જ નથી, અને તેથી ભવિષ્યમાં માનવમાંથી માનવેતર ઉત્પન્ન થવાની રાહ પણ જોવાપણું નથી. માણસ ઉત્પન્ન થયો ત્યારથી એક જ પેઢીમાં આવો ને આવો જ થએલો અને ત્યાર પછી તેમાં કોઇ સુધારોવધારો થયો જ નથી; અને બીજાં બધાં પ્રાણીઓનું પણ તેમ જ છે.

આ દલીલનું ચણતર તે પૃથ્વીના ઇતિહાસથી શરૂ કરે છે. એના માનવા મુજબ પૃથ્વીની બાલ્યાવસ્થામાં પૃથ્વીને ફરતી છૂટા પડેલા પ્રવાહીની બનેલી શનિના જેવી મેખલાઓ હતી. એ વખતે એ મેખલાઓમાંની એક પછી એક અનિયમિત અંતરે પોતાની ગતિ ઓછી થતાં ધ્રુવના પ્રદેશો તરફ સરતી છેવટ પૃથ્વી પર આવી પડતી. આથી પૃથ્વી પર ઉત્પન્ન થએલાં પ્રાણીઓમાંનાં જે એક પેઢીમાં શારી-રિક સંપૂર્ણતા મેળવી શકે તે જ જીવતાં રહેતાં, અને

બાકીનાં પાછળ પ્રજા મૂકી જ ન શકતાં. એમ એ અરસામાં કીડી, મંકોડા, હાથી, માણસ બધા અનેક પેઢીમાં જ જન્મ્યાં અને શરીરે સંપૂર્ણ હોવાથી જીવતાં રહ્યાં. બીજાં સેંકડો પ્રકારનાં પ્રાણીઓ મરી ખૂટ્યાં હશે તેની આપણને ખબર પણ નથી. આ આખા ઇતિહાસમાં ભલેને આપણને વિશ્વાસ ન પડે પણ એના યોજકે એ રચવામાં જે અથાગ શ્રમ લીધો છે એટલા પૂરતા એના પર આફરીન થઇ જવાય છે. એમ તો સરસ્વતીચંદ્ર ઐતિહાસિક પાત્ર નથી છતાંય એની જીવનકથા માણસો વાંચે છે ને!

ઇજીપ્તના પીરામીડો એક ભૂતકાલીન જબરદસ્ત સંસ્કૃતિનાં સંજ્ઞાચિહ્ન છે એ આપણે બધા જાણીએ છીએ. પણ એ સંસ્કૃતિના પીરામીડો ઇજનેરી દૃષ્ટિએ એક અદ્ભુત સાહસ છે. અથવા તો એમાં પાંચ હજાર વર્ષ પહેલાની મીઠાઇ હજુ તાજી જ પડી છે, કે એની કેટલીક વાતો સાધારણ રીતે મજાકની વાત થતાં આપણે હોઠે ચડે છે. પણ એથી યે કેટલાંય ગણાં રોમાંચક પ્રકરણો એ પીરામીડોના ચણતર પાછળ છે. ખાસ કરીને એ બધામાં જે સૌથી મોટો પીરામીડ છે એના સંબંધમાં મળી આવેલી કેટલીક હકીકતો આપણને આ સત્યની ચોખ્ખી ઝાંખી કરાવે છે. એ હકીકતોમાં ખાસ ધ્યાન ખેંચે એવી ત્રણ બાબતો આ પ્રમાણે છે:

(૧) કોઇપણ અક્ષાંશ કરતાં એ પીરામીડ જે અક્ષાંશ પર છે એમાં વધુ જમીન છે;

(૨) કોઇ રેખાંશ કરતાં એ પીરામીડના રેખાંશમાં વધુ જમીન છે;

(૩) આખી પૃથ્વી પર માણસના વસવાટને યોગ્ય કોરી જમીનના કેન્દ્ર ઉપર એ પીરામીડ આવેલો છે. અથવા બીજી ભાષામાં કહીએ તો પૂર્વ-પશ્ચિમની જમીનના ચોરસ માઇલ કરી તેના સામસામા છેડાઓને જોડતી લીટીઓ દોરી હોય તો આ પીરામીડ છે તે જ સ્થળે એકબીજીને છેદે.

આવાં બધાં વિલક્ષણ તત્ત્વો માત્ર આકસ્મિક જ સાથે આવી મળ્યાં હશે? ઇતિહાસકારની કલ્પના આ પ્રશ્ન આગળ થંભી જાય છે. વળી આ ઉપરાંત બીજી પણ કેટલીક ધ્યાન ખેંચે એવી વિગતો આ પીરામીડના ચણતરમાં છે. જેમકે:

(૧) વર્તુલના વ્યાસ કરતાં પરીઘ કેટલાગણો છે તેનું તદ્દન સાચું માપ થઇ શકતું નથી, પણ સામાન્ય રીતે ૩.૧૪૧૫૯ ગણો હિસાબમાં લેવાય છે. જોકે દશાંશના સાતમા સ્થળ સુધી તો હિસાબ કરનારે કરી જોયો છે. અને છતાં એ દાખલાનો અંત આવ્યો નથી. તેથી એ સંબંધને 'પાઇ' નામના ગ્રીક અક્ષર વડે બતાવવાનો રિવાજ છે. હવે આ પીરામીડની મૂળ ઉંચાઇ (અત્યારે તો તેના પથરો ઉપડી ગયા છે) તેના પાયાની પહોળાઇના બેવડા માપ કરતાં 'પાઇ' ગણી હતી! એ બતાવે છે કે એ પીરામીડ ચણનારાઓને આ આંકડાનો ખૂબ સ્પષ્ટ ખ્યાલ હતો.

(૨) એકાદ વર્તુલના જેટલા જ ક્ષેત્રફળનો ચોરસ બતાવવો એ પણ ઉપરના જેવો જ ભૂમિતિનો એક દુર્ઘટ કોયડો છે. પણ પીરામીડના ચણતરમાં એનો પણ ઉકેલ સમાવવામાં આવ્યો છે. રાજાના શબને મૂકવાનો જે ઓરડો છે એની લંબાઇમાં વ્યાસ ઉપર એક વર્તુળ રચાયું હોય અને એના ક્ષેત્રફળમાંથી ચોરસ બનાવ્યો હોય તો પીરામીડના પાયાના માપનો બરાબર થઇ રહે. અને વળી એ ચોરસની દરેક બાજુમાં એક વરસના દિવસ જેટલા જ પીરામીડના માપના એકમ આવી રહેશે!

આમ ક્યાંક ગણિતના કોઇ કઠિન કોયડાનો ઉકેલ છે, ક્યાંક ભૂગોળ કે ખગોળના કોઇ મહામૂલા રહસ્યને પત્થરમાં સૂચનરૂપે ઉતાર્યું છે, અને ક્યાંક ઇજનેરી બુદ્ધિનો પણ એવો જ ચમકારો આવી જાય છે. અને એ બધી વસ્તુઓ નજર સામે રાખીને એ પીરામીડ પાછળ મૂકી ગએલી પ્રજાનો વિચાર કરીએ છીએ ત્યારે સાથોસાથ માનવજાતનો ઇતિહાસ કેટલો જૂનો હશે એ ખ્યાલ ઉપર કલ્પના આવી અટકી પડે છે.

હરિકૃષ્ણ વ્યાસ



રસાયણોનો રાજા

સલ્ફ્યુરિક ઍસિડ

જ્યાં જ્વાળામુખી પર્વતો અસ્તિત્વ ધરાવે છે એવા સિસિલી, જાપાન અને પૃથ્વી પરના બીજા પ્રદેશો ગંધકના ટુકડાઓથી નિર્ભર થઇ રહ્યા છે. અસલના વખતમાં એ ગંધકના ટુકડાઓ બહુ ઉપયોગી મનાતા. કિમિયાગરો તો પારસમણિની શોધ કરવામાં તેને જરૂરનું સાધન માનતા. તેઓએ શોધી કાઢ્યું હતું કે જ્યારે ગંધકને પાણી ઉપર બાળવામાં આવતો ત્યારે પાણી ઍસિડ બનતું; તેઓએ એમ પણ શોધી કાઢ્યું હતું કે જ્યારે ગંધકની સાથે સુરોખાર પણ બાળવામાં આવતો ત્યારે ઍસિડ પ્રમાણમાં વધારે સારો બનતો અને ચામડી ઉપર પડતાં ચામડીને તે દઝાડતો. કિમિયાગરો આટલેથી આગળ ગંધક વિષે વધારે શોધી શક્યા ન હતા.

ત્યાર પછી, ગંધકનો તેજાબ અથવા સલ્ફ્યુરિક ઍસિડ બનાવવાનો પ્રથમ પ્રયત્ન ઇ.સ. ૧૭૪૦માં કરવામાં આવ્યો. શરૂઆતમાં એને કાચનાં માટલાંઓમાં બનાવવામાં આવતો, પરંતુ એ રીત તો અતિશય મોંઘી પડવા લાગી. સલ્ફ્યુરિક ઍસિડની ઉપયોગિતા એટલી બધી હતી કે તેને સસ્તી રીતે અને સહેલાઈથી મોટા જથ્થામાં બનાવવાની ખાસ જરૂર હતી. એટલે છ વર્ષ પછી, કાચનાં માટલાંને બદલે સીસાની મોટી પેટીઓ (Chambers) ગોઠવવામાં આવી.

સલ્ફ્યુરિક ઍસિડની બનાવટમાં ત્રણ ભૂમિકાઓ છે. જુદા પદોમાં તેમને નીચે પ્રમાણે બતાવી શકાય:

પહેલી ભૂમિકા: ગંધક + પ્રાણવાયુ=ગંધકનો વાયુ—સલ્ફર ડાયોક્સાઇડ.

બીજી ભૂમિકા: ગંધકનો વાયુ + પ્રાણવાયુ=ગંધકનો તીવ્ર વાયુ—સલ્ફર ટ્રાયોક્સાઇડ.

છેલ્લી ભૂમિકા: ગંધકનો તીવ્ર વાયુ + પાણી=સલ્ફ્યુરિક ઍસિડ.

કાગળ ઉપર તો આ બધું સાવ સહેલું લાગે છે પણ વાસ્તવિક રીતે તેમ નથી. પ્રાણવાયુ (ઑક્સિજન) હવામાંથી મળી તો રહે છે, પણ એમ કે તે ગંધક સાથે બીજી ભૂમિકામાં બતાવેલી હદથી આગળ સહેલાઇથી ભળી શકતો નથી. સલ્ફર ડાયોક્સાઇડ તો ફક્ત ગંધકને હવામાં બાળવાથી થાય પણ સલ્ફર ટ્રાયોક્સાઇડ બનાવવો સહેલો નથી. સલ્ફર ડાયોક્સાઇડના પાણીની અંદરના દ્રાવણ (સલ્ફ્યુરસ ઍસિડ)ને વર્ષો સુધી હવામાં રાખી મૂકીએ ત્યારે થોડોક સલ્ફ્યુરિક ઍસિડ માંડ બને. એમ કે દહાડો વળે? કોઇની લાગવગ જોઇએ. રસાયણવિજ્ઞાનમાં આવી લાગવગ ધરાવતા કેટલાક પદાર્થો છે, એવી કેમિસ્ટને ખબર હતી એટલે તેણે તેઓની શોધ માટે પ્રયોગો કરવા માંડ્યા.

આખરે એનો પ્રયોગ સફળ થયો. નાઇટ્રોજનના ઑક્સિજન સાથેના સંયોજનથી થએલા વાયુઓ (oxides of nitrogen) એને મળી ગયા. આ વાયુઓના અણુઓએ પોતાનામાંથી ઑક્સિજનનો પરમાણુ ફેંક્યો; સલ્ફર ડાયોક્સાઇડના અણુએ તેને પકડી લીધો. આમ કેટલાય અણુપરમાણુઓની આપલે થયા પછી સલ્ફર ડાયોક્સાઇડનો સલ્ફર ટ્રાયોક્સાઇડ બન્યો. કોઇ પણ વાયુના અણુઓ એક સેકંડમાં લગભગ પાંચ કરોડ વખત અથડાય છે; એટલે ૧,૫૦,૦૦૦ ઘનફૂટ જેટલા માપની સીસાની પેટીઓ (Chambers) અણુપરમાણુઓની અનુકૂળ અથડામણ માટે બસ થઇ રહે. આ પેટીઓમાં પાણી (વરાળ), ઑક્સિજન (હવા), અને નાઇટ્રોજન ઑક્સિજનના સંયોગથી બનેલા વાયુઓનું સલ્ફર ડાયોક્સાઇડ સાથેનું મિશ્રણ દાખલ કરવામાં આવે તો લગભગ ૩૮૦°–૪૦૦° અંશ સેંટીગ્રેડની ઉષ્ણતાએ સલ્ફ્યુરિક ઍસિડ તૈયાર થઇ રહે.

કારખાનામાં મોટા પાયા ઉપર સલ્ફ્યુરિક ઍસિડ કેવી રીતે તૈયાર કરવામાં આવે છે તે આપણે ટૂંકાણ-

અવધૂત

: પૃથ્વી :

વિરાટ અવધૂતને નિરખીને અનાસક્ત આ
ઉમંગભર કોઇ પાગલ ઉઠી મને નાચતો;
અસીમ મહીં ઊડતો ઉપરણો રહે વાયુનો
અને કદિક મેઘ-શંખ ધરી હાથ તું ફૂંકતો
નિશા-સમય નાચતો નિરખું તારલા સંગમાં,
પ્રચંડ કદિ પૂરમાં, કદિક ચંડ વંટોળમાં;
તને જ ભરતીતણા તરલ ડુંગરે પેખતો,
ભભૂકી ઉઠતા દવે વનતણા થતો તું છતો.
ભયાનક કદિ બજે તું તુજ વાદ્ય જ્વાળામુખી,
સુણી અર્વાન ગુંબજે ય ઘડી નાદ એ ડોલતો
અસંખ્ય જલ-ધાર-તાર તણું વાદ્ય વર્ષા કદિ
વગાડી નચવે સરોવર નદી અને નિર્ઝરો.
ઉમંગભર કોઇ પાગલ ઉઠી મને નાચતો
વિરાટ અવધૂતને નિરખીને અનાસક્ત આ.

પ્રહ્લાદ પારેખ

માં જોઇ લઇએ. સૌથી પહેલાં તો મોટી ભઠ્ઠીઓ-માં ગંધક બાળવામાં આવે છે, અને એક ભૂંગળા વાટે એ ગંધકનો વાયુ (સલ્ફર ડાયોકસાઇડ) એક બીજી લાંબી અને પહોળી નળીમાં જાય છે. અહીં તેની સાથે હવાને ભેળવવામાં આવે છે અને લોખંડ તથા સોમલના ક્ષારોની અશુદ્ધિઓ તેમાંથી છૂટી પડે છે. પછી ગંધકનો વાયુ અને હવા એક પાકા બાંધેલા 'ગ્લોવર ટાવર'માં દાખલ થાય છે. આ ટાવરમાં નાઇટ્રોજનના ઑકિસજન સાથેના સંયોજનથી બનેલા વાયુઓ આવેલા હોય છે. આ વાયુઓ કારખાનામાં સલ્ફ્યુરિક ઍસિડ અને સુરોખાર વચ્ચેની રાસાયણિક પ્રક્રિયા વડે ઉત્પન્ન કરવામાં આવે છે. *

હવે આ બધાય વાયુઓ એકઠા થઇને સીસાની પેટીઓ (Chambers)માં પ્રવેશ કરે છે. આની અંદર વાયુઓ પરસ્પર સંપૂર્ણ સંઘર્ષણમાં આવે છે. પછી અંદર વરાળના રૂપમાં પાણીની પિચકારીઓ છોડ-વામાં આવે છે. આવી રીતે સીસાની પેટીઓમાં સલ્ફ્યુરિક ઍસિડ તૈયાર થઇ એકઠો થાય છે; તેને નળ વાટે બહાર કાઢી લેવાની વ્યવસ્થા કરી હોય છે, અને બાકીના ન વપરાએલા વાયુઓ એક બીજા 'ગે-લ્યુસૅક' ટાવરમાં કુચકદમ કરે છે.

આ ટાવર લગભગ પચાસેક ફૂટ ઉંચો હોય છે. તેની અંદર ટાઇલ્સના ટુકડા ભરેલા હોય છે અને તેમાં થઇને ઉપરથી જલદ સલ્ફ્યુરિક ઍસિડ સતત ટપકયા કરે છે. તેની અંદર નાઇટ્રોજન-ઑકિસજનના સંયોજનથી બનેલા વાયુઓ ભળી જઇ 'નાઇટ્રોઝો-સલ્ફ્યુરિક ઍસિડ' બનાવે છે. પછી આ ઍસિડને હવાના દબાણ વડે, એક ભૂંગળા વાટે 'ગ્લોવર ટાવર'ની ટોચ ઉપર રાખેલા એક વાસણમાં ધકેલવામાં આવે છે. આ વાસણની જોડે જ, એક બીજા વાસણમાં પાતળો (dilute) સલ્ફ્યુરિક ઍસિડ રાખવામાં આવ્યો હોય છે. પછી બન્ને ઍસિડનું મિશ્રણ કરવા માટે તેમને ટાવર નીચે, ટાઇલ્સની અંદરથી ટપકવા દેવામાં આવે છે. પાતળો સલ્ફ્યુરિક ઍસિડ જ્યારે નાઇટ્રોઝો-સલ્ફ્યુરિક ઍસિડ' સાથે મળે છે ત્યારે તેમાંથી નાઇટ્રો-જનના ઑકિસજન સાથે બનેલા વાયુઓ છૂટા પડે છે અને ફરી તેમને કામમાં લેવામાં આવે છે. અવશેષ સલ્ફ્યુરિક ઍસિડ જોઇએ તેટલો શુદ્ધ થયો હોય તેને ફરી 'ગે-લ્યુસૅક ટાવર'માં દાખલ કરવામાં આવે છે.

સીસાની પેટીઓમાં તૈયાર થએલો ઍસિડ પ્રમા-ણમાં બહુ ઘટ્ટ હોતો નથી. એમાં ૬૦-૭૦ ટકા સલ્ફ્યુ-રિક ઍસિડ હોય છે. એને વધારે જલદ બનાવવા માટે 'સિલિકા'નાં વાસણો એક ભઠ્ઠી ઉપર ચઢતાં ઉતરતાં ગોઠવવામાં આવ્યાં હોય છે. ઉપરના વાસણમાં-થી સલ્ફ્યુરિક ઍસિડને નીચે વહેવા દેવામાં આવે છે. જેમ જેમ નીચે ઊતરે છે, તેમતેમ તે વધારે ઉષ્ણતાની સમીપ આવે છે અને જોઇએ તેવો જલદ બની રહે છે.

ઉપર વર્ણવી તે પદ્ધતિને 'ચૅમ્બર પ્રોસેસ' (Chamber process) કહે છે, કારણ કે તેમાં સલ્ફ્યુરિક ઍસિડને સીસાની 'ચૅમ્બરો'માં તૈયાર કરવામાં આવે છે. સલ્ફ્યુરિક ઍસિડ બનાવવાની બીજી પણ એક પદ્ધતિ છે જે 'કૉન્ટૅક્ટ પ્રોસેસ' (Contact process)

* કેટલેક ઠેકાણે નાઇટ્રિક ઍસિડમાંથી પણ આ વાયુઓ ઉત્પન્ન કરવામાં આવે છે.

કહેવાય છે. આ સદીના આરંભમાં શોધાએલી આ પદ્ધતિ એકદમ આધુનિક છે; ચૅમ્બર ઍસિડ કરતાં આ પદ્ધતિએ બનાવેલો સલ્ફ્યુરિક ઍસિડ ઘણો જલદ અને અતિશય શુદ્ધ હોય છે. આ 'કૉન્ટૅક્ટ પ્રોસેસ' અથવા 'સ્પર્શ પદ્ધતિ'મા 'પ્લૅટિનમ'ના રજકણો 'મૅગ્નેશિયમ સલ્ફેટ' (Magnesium sulphate)ની અંદર ધરવામાં આવ્યાં હોય છે. પ્લૅટિનમના રજકણો રાસાયણિક પ્રક્રિયાની અંદર ઊતરતાં નથી, પણ એ ક્રિયાને ચાલતી કરવામાં ફક્ત સહાયભૂત બને છે. *

લગભગ ઇ. સ. ૧૮૧૭ના અરસામાં સલ્ફર ડાયોક્સાઇડમાંથી સલ્ફર ટ્રાયોક્સાઇડ બનાવવા પ્લૅટિનમના રજકણો વાપરવા માટે સર હમ્ફ્રી ડેવીએ સૂચન કર્યું હતું. તેને અનુસરીને ૧૮૩૧માં બ્રિસ્ટલના એક પેરેગ્રિન ફિલિપ્સ નામના કારીગરે 'સ્પર્શ પદ્ધતિ'થી પહેલવહેલો સલ્ફ્યુરિક ઍસિડ બનાવ્યો. આ પદ્ધતિ ઉપર મોટી આશાઓ બંધાઇ અને જાણીતા ફ્રેન્ચ રસાયણવિદ ક્લેમેન્ત–દેઓર્મેએ તો ૧૮૩૫માં ભવિષ્ય ભાખ્યું કે દસ વર્ષ પછી 'ચૅમ્બર પ્રોસેસ' અદૃશ્ય થઇ ગએલ હશે. દસ વર્ષ નહિ, પણ સિત્તેર વર્ષ પછી આ નવી પદ્ધતિની સફળતાનાં દર્શન જર્મનીમાં થયાં.

પરંતુ શરૂઆતમાં જ એક મોટું વિઘ્ન નડ્યું. પ્લૅટિનમના રજકણો અમુક વખત સુધી કામ આપ્યા પછી નકામા થઇ જતા હતા. કારણ ખોળતાં એમ જણાયું કે ગંધકના વાયુની અંદર મળેલી સોમલની અશુદ્ધિને લીધે પ્લૅટિનમ કલુષિત થઇ જતું હતું. (ગંધકનો વાયુ ફક્ત ગંધકમાંથી જ બનાવવામાં આવે છે એમ નથી; સુવર્ણ માક્ષિક અથવા આયર્ન પાઇરાઇટિસમાંથી પણ તેને ઉત્પન્ન કરવામાં આવે છે. આની અંદર સોમલની અશુદ્ધિઓ ભળેલી હોય છે.) ઘણી મહેનતને અંતે જ્યારે અશુદ્ધિઓ દૂર કરવામાં આવી ત્યારે જ આ પદ્ધતિ ખરેખરી સફળ થઇ. આગળ જતાં, પ્લૅટિનમને સ્થાને 'વેનેડિઅમના સિલિકેટો' (Vanadium Silicates) વધુ ઉપયોગી જણાયા; તે સસ્તા હતા તેટલા માટે નહિ, પણ અશુદ્ધિના વિષની અસરમાંથી તેઓ મુક્ત હતા.

એને પૂછો

· પૃથ્વી ·

ધરી વીજનું વજ્ર બાર ઘન સાથ તૂટી પડે
અને પ્રબલ ઝંઝવા સદ ભરીભરી ફેરવે
તરી ઘુમરણે, તદા નિશિતમિસ્ર માંહે પણુ
સહસ્રશત ફેણથી નિધનઝેર ફૂત્કારતો
ફણીધર સમાન શ્યામ નિધિ નાથવો એ ખરે
ખલાસી જીવડો મને રમત વાત જેવું ગણે.

પરંતુ મધસાગરે પવનલ્હેર ભાંગી પડે,
અને જલધિ ઊર્મિશૂન્ય થઇ રહે બની નિશ્ચલ;
ઢળે સઢ, સરે ન નાવ તસુ એક યે, ને યદા
સુવર્ણકિરણે ઊગી અગનવર્ણી ડૂબી જતા
પ્રચંડ રવિની તળે ખૂટતું પંથપાથેય, ને
ઢળે દ્યુતિ ઢળે બધાય ઉર કેરી શક્તિ તદા
લડી મરણશું લડી નિત તુફાનની આશમાં
પરોવી ક્ષિતિજે દગો જીવવું કેવું એને પૂછો.

રાજેન્દ્ર શાહ

જૂની 'ચૅમ્બર પ્રોસેસ' વધારે સફળ કે નવી 'કૉન્ટૅક્ટ પ્રોસેસ', તે કહી શકાય નહિ; કારણકે હરીફાઇના આ યુગમાં એ જૂની પદ્ધતિમાં પણ એવા નવા નવા સુધારા થતા જાય છે કે આ નવી 'કૉન્ટૅક્ટ પ્રોસેસ' તેના ઉપર સંપૂર્ણ વિજય તો કદી પણ નહિ મેળવી શકે. આપણા હિંદુસ્તાનમાં આવેલા 'ટાટા આયર્ન ઍન્ડ સ્ટીલ વર્ક્સ'માં જ ફક્ત 'સ્પર્શ પદ્ધતિ'થી સલ્ફ્યુરિક ઍસિડ બનાવવામાં આવે છે. બીજે બધે જૂની પદ્ધતિ જ વપરાય છે.

સલ્ફ્યુરિક ઍસિડની બનાવટ વિષે આટલું બધું જાણ્યા પછી તેના થોડા ગુણધર્મો પણ આપણે જાણવા જોઇએ. તે પાણી કરતાં ઘણો ભારે, તૈલી ને પ્રવાહી છે. ચામડીને તે દઝાડે છે એટલું જ નહિ પણ સલ્ફ્યુરિક ઍસિડની કઢાઇમાં જો માણસને નાખ્યો હોય તો તે આખોને આખો ઓગળી જાય છે. કાગળ ઉપર તે પડવાથી કાગળ બળી જાય છે અને પાણીની અંદર તેને નાખવાથી પાણી ફફળી ઊઠે છે, ઊડે છે અને પુષ્કળ ગરમી ઉત્પન્ન થાય છે. આને

*આવા પદાર્થને રસાયણવિજ્ઞાનમાં 'કૅટૅલિસ્ટ' કહે છે.

લીધે જ, સલ્ફ્યુરિક ઍસિડને પાતળો કરવા માટે તેને પાણીમાં કદી રેડવામાં આવતો નથી પણ તેની જ અંદર પાણી ઉમેરવામાં આવે છે. સલ્ફ્યુરિક ઍસિડ-ની દાહક શક્તિ બતાવવા માટે શિક્ષક વિદ્યાર્થીઓને એક રસમય પ્રયોગ બતાવે છે. પોટાશિયમ ક્લોરેટ (Potassium Chlorate) અને ખાંડને સાથે વાટી, તેની અંદર સલ્ફ્યુરિક ઍસિડનું ટીપું નાખવામાં આવે છે, કે તરત જ જોનારના આશ્ચર્ય વચ્ચે ભડકો થાય છે.

મથાળે આપણે સલ્ફ્યુરિક ઍસિડને રસાયણોનો રાજા કહ્યો છે તેનું કારણ શોધવા જવું પડે તેમ નથી. સલ્ફ્યુરિક ઍસિડ વગર ધાતુનું શોધન, ખાસ કરીને લોખંડનો ઉદ્યોગ, અશક્ય બને છે રેલવેના પાટા, એરોપ્લેન, મોટરો, ટેલીફોન, રેડીઓ, રી-ઇન્ફોર્સ્ડ કૉન્ક્રીટ વગેરેના ઉદ્યોગો સલ્ફ્યુરિક ઍસિડના અદૃશ્ય થવાથી નાશ પામે, કારણકે આ બધામાં વપરાતો 'ડાઇનેમાઇટ' (Dynamite) સલ્ફ્યુરિક ઍસિડ વગર બની જ ન શકે. કાલે સવારે સલ્ફ્યુરિક ઍસિડ બનાવવાની કળા નાશ પામે અથવા તો આપણે તે ભૂલી જઇએ તો શું થાય તેની કલ્પના જ ન કરી શકાય. મિલ ઉદ્યોગ બધા ય બંધ પડે, વિજળી ઉત્પન્ન કરવાનું એક્યુમ્યુલેટર (accumulator), ટિનના ડબ્બા, લોખંડનાં પતરાં, રેડિયોનો સામાન, કાગળ, ફૉસ્ફેટ અને ઍમોનિયાના અતિ ઉપયોગી ખાતરો, કચકડું, બનાવટી ચામડું, કેટલાય રંગો, અનેક દવાઓ અને બીજા ગણ્યા ગણાય નહિ તેવા ઉપયોગી પદાર્થોથી આપણને વંચિત રહેવું પડે.

અત્યારે કોઇપણ દેશની પ્રગતિનું માપ તેના સલ્ફ્યુરિક ઍસિડના ઉત્પન્ન પરથી અંકાય છે તેટલી જ વાત સલ્ફ્યુરિક ઍસિડને રસાયણોનો રાજા તરીકે સ્થાપિત કરે છે.

પદ્મકાન્ત ર. શાહ

પુસ્તકનિર્દેશ:

1 General Chemistry by Alexander Smith; 2 Chemistry in the service of Man by A Findlay; 3 Chemistry in Indusiry, Vols. 1 & 2, edited by H E. Howe; 4 Discovery and Invention of the Twentieth Century by Edwyrd Creey; 5 The Standard Universal Encyclophedia, published by the Standard Literature Company, Calcutta.

શિવલાલભાઈ

(અનુસંધાન પૃ. ૨૪૭થી) એ જાણતા નહિ.

બીજું, કોઇ પણ વિષયને લગતો રિપોર્ટ ઘડવાનો હોય, અથવા કોઇ પણ કમિટી માટે મંત્રી જોઇતો હોય તો સરકારની આંખ સદાય શિવલાલભાઇ ઉપર ઠરતી, કેમકે અમારા મિત્ર પટવર્ધન લખે છે તેમ શિવલાલભાઇની બુદ્ધિ સર્વગામિની હતી.

From our College days I remember only one thing about Shah vividly. That was how on essay days, he began writing immediately the subject was announced. Most of us had to scratch our heads for a long time *before* we began, and then at intervals *after* we began, but I remember that Shah began immediately, and never stopped till he had finished the essay. His mind was so full and ready. અને કૉલેજમાં જેમ શિવલાલભાઇ ઝડપે હાથે નિબંધ લખતા તેમ નોકરીમાં રિપોર્ટ ઘડતા.

સર મનુભાઇ મહેતા પછી શિવલાલભાઇને બીકાનેરના દીવાન બનાવવાની વાત હતી, એટલે પોતે ફાઇનૅન્સ મેંબર થઇને ૧૯૩૯માં બીકાનેર ગયા હતા, પણ પછી ત્યાંનો રંગ ફરી ગયો, એટલે પાછા સરકારી નોકરીમાં આવી ગયા હતા.

શિવલાલભાઇએ આમ નોકરી સરસ બજાવી એટલું જ નહિ, પણ નવરાશની વેળાએ સંગીત આદિ લલિતકળાઓનો ઉત્તમ અભ્યાસ કર્યો, અને લખનૌની મૉરિસ સંગીત વિદ્યાલય તથા સરકારી કળા-હુન્નરશાળા (સ્કૂલ ઑવ આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ)ને બનતી સહાયતા કરી. પાછલી શાળાના આચાર્ય શ્રીયુત અસિતકુમાર હલદર મને કહેતા હતા કે શિવલાલભાઈ જેવો સહૃદય તથા નિરભિમાન અમલદાર પોતે ભાગ્યે જ જોયો હશે.

પણ પરંતુ શિવલાલભાઇનો સાચો લાભ તો આપણને તે નોકરીના જંજાળથી છૂટે તે પછી મળવાનો હતો; પણ આપણા ટૂંકા ભાગ્યમાં એ સમાણા

નહિ, અને સંવત્ ૧૯૯૪ના આશ્વિન સુદિ ૮ ને રવિવાર તારીખ બીજી ઑક્ટોબર ૧૯૩૮ને દિવસે જુહૂમાં અવિરત નાચ કરતા સમુદ્રને કાંઠે રાતે સાડા આઠ વાગ્યે, 'જનમનગણઅધિનાયક' એ રાષ્ટ્રગીત ચિ. કુસુમસુન્દરી આગળ ગવરાવી તે પછી અર્ધીક ઘડી સાગરસંગીત સાંભળી પોણા નવ વાગ્યાને આશરે એ ગાનપ્રિય આત્માએ લેશમાત્ર વેદના ભોગવ્યા વિના આ અસાર સંસારનો ત્યાગ કર્યો.

શિવલાલભાઇની સુશીલતાના પરિચાયક ત્રણ પ્રસંગ વર્ણવીને હું આ લેખ બંધ કરીશ.

એક તો પોતે કલ્પેલા પરગુણપરમાણુને પર્વત કરી બતાવવાની શિવલાલભાઇને ટેવ હતી. હું પોતે તો એ વાત સાવ ભૂલી ગયો છું, પણ શિવલાલભાઇ જ્યારે ઓળખાણ કોઇ આગળ આપતા ત્યારે કહેતા કે એલ્ફિન્સ્ટન કૉલેજમાં કલકત્તાથી દિલ્હી રાજધાની ફેરવી એ વિષે નિબંધ લખાવ્યો હતો એમાં ચૂલરે પોતાને ૫૦ ને મને ૫૨ ગુણ આપ્યા હતા! મુસલમાન ઇતિહાસકારો કહે છે તેમ 'હકીકતનો જાણનાર એક અલ્લાહ છે.'

બીજું ૧૯૩૨માં હું દેશનિકાલના હુકમ સાથે વીસાપુરથી છૂટીને આવ્યો તે પછી મારે થોડોક વખત લહેર કરવી હતી, એટલે શિવલાલભાઇ ત્યારે સિમલા હતા એને મેં લખ્યું અને એણે સિમલાથી થોડે દૂર સંજોલા નામે ગામડું કોટીના રાણાની હદમાં છે ત્યાં મને રહેવાની સગવડ કરી આપી. આવા ઉપકાર તો શિવલાલભાઇએ કઇક ઉપર કર્યા હશે એમાં સંદેહ નથી.

છેલ્લો પ્રસંગ નૈનીતાલમાં બન્યો. શિવલાલભાઈ નૈનીતાલથી લખનૌ જવા નીકળ્યા ત્યારે નૈનીતાલથી ત્રણ માઇલ દૂર ગોવિન્દનગરની ટેકરી ઉપર અમે રહેતાં હતાં ત્યાં આગળ પોતે આવ્યા એટલે રસ્તા ઉપર પોતાની મોટર ઊભી રખાવી, અને કેટલે આઘેથી સાદ કરીને અમને લખનૌ આવવાનું નિમંત્રણ દીધું. આવી તો એની દીનબંધુતા હતી.

આવા ઉચ્ચકોટિના જીવની તો ઉત્તરોત્તર ઊર્ધ્વગતિ જ હોય; ને એનું પ્રયાણ એવું છે કે જાણે આપણી વાડીની વાડ ઉપર ચડેલું ફૂલ બીજી કોર જઇને ખીલે.

'Even for the dead I will not bind
my soul to grief,
Death cannot long divide;
For is it not as though the vine
That climbed up my garden-wall
Had beossomed on the other side?' (Anon)

વાલજી ગોવિંદજી દેસાઇ

ફોટોગ્રાફી

પહેલું ઇનામ: 'મા'-ચતુર્ભુજ વલ્લભદાસ (ઘાટકોપર); બીજું ઇનામ: 'હાલો ઉતાવળાં'—નવનીતલાલ શાહ (મલાડ); ત્રીજું ઇનામ: 'ગુરુચરણે'—જયકુમાર પંડ્યા (અમદાવાદ). નોંધપાત્ર: (૧) નાગધ સુરગવાળા અજાબ (કેશોદ); (૨) જયન્ત લાલન (મુંબાઇ); (૩) દિનકર ભટ (એડન).

પોતાના બાળકને છાતી સરસું ચાંપતાં કઇ માતાનું હૃદય ઉમળકાથી ઊભરાતું નથી? પહેલું ઇનામ જીતનાર 'મા'ના ચિત્રમાં પોતાના વ્હાલસોયા બાળકને હેત કરતી માતાની દૃષ્ટિ કોઈ અગમ્ય ભવિષ્યને ઉકેલવા મથતી જણાય છે. માતા અને બાળકના ભાવ બહુ જ કુદરતી અને ચિત્ર વસ્તુને અનુકૂળ છે, અને એથી જ આ ચિત્ર સફળ બન્યું છે. આ ચિત્રનું સંયોજન સારૂં છે, ટ્રિમિંગ પણ બરાબર છે. ફક્ત કાળા લીટાવાળુ સ્વેટર આંખને રૂચિકર થતું નથી. લેન્સનું ઍપર્ચર ઝીણું કરી તેના પ્રમાણમાં એક્સ્પોઝર વધારીને ચિત્ર ઉતાર્યું હોત તો બાળક ડેપ્સ ઑફ ફોકસ,—ફોકસિંગની હદમાં આવત અને અત્યાર જે આઉટ ઑફ ફોકસ જણાય છે તે ન જણાત. ઉપરાંત, તે નેગેટિવમાંથી હજી પણ મોટું એન્લાર્જમેન્ટ બનાવી શકાત.

ભાઇ નવનીતલાલ શાહના ચિત્ર 'હાલો ઉતાવળા'માં પુષ્કળ ચિત્રસામગ્રી ભરી છે. આથમતા આકાશમાં વાદળાં રંગી રહ્યાં છે અને એ આકર્ષક પડદા આગળ કેમ જાણે ખજૂરીનું ઝાડ અને બળદ ગાડીઓ ખેંચી રહી હોય તેમ જણાય છે! પરન્તુ એમાં ત્રણ ચાર વસ્તુઓના થએલા મિશ્રણથી મુખ્ય ચિત્રવસ્તુ મારું જાય છે. નથી વાદળાં ભવ્ય વાતાવરણ ઉપજાવતાં કે નથી ગાડાંઓ કોઈ ચોકસ ભાવ પ્રેરતાં. પણ આ એક ચિત્રમાંથી બે સ્વતંત્ર સારાં ચિત્રો બની શકે તેવું છે, અને તે સૂચવતી લીટીઓ ચિત્રપર દોરવામાં આવી છે. 'ગુરુચરણે'નો વિષય નવીન છે. ભાઇ પંડ્યાએ બુદ્ધની મૂર્તિનો આ પ્રકારનો ઉપયોગ કરી ચિંતનભર્યું ચિત્ર ઉપજાવ્યું છે. મૂર્તિના પગ આગળનાં ચાકથી લખાએલાં લખાણો ભૂંસી નાંખી અજ્ઞાન ને અવિચારી મુસાફરોનું અસ્તિત્વ ભૂંસી નખાયું હોત તો સારૂં થાત.

બલવન્ત ભટ્ટ

ઝૂલા ઝૂલના . . . . એક જીવલેણ પળનો રોમાંચ

સરકસના રસિયાઓ તો જાણતા જ હશે કે સરકસ શરૂ થયા આગમચ શરૂ થતો બૅન્ડનો શોર માથું કેવું પકવી નાખે છે. પણ એમાંના ખેલોની કામગરી જો સરસ હોય તો શરૂઆતની એ સઘળી ધૃષ્ટતા સહેજે સહ્ય બને છે. ને લોકોના કહેવા પ્રમાણે કોઇ હાફકાસ્ટ મિલીગનના હાથ નીચે આવેલા આ મદ્રાસી સરકસની કામગીરી મુગ્ધ કરે એવી જ હતી. એમાં યે માસ્ટર કિટ્ટુ ને મિસ લક્ષ્મીના કામ પર તો બધા જ આફરીન વરસાવતા.

અમે હજુ એ સરકસનો એકે ખેલ જોયો ન હતો, એટલે બીજાઓ કરતાં બૅન્ડનો અવાજ અમને કંઇક વધુ ત્રાસજનક લાગતો હતો. છતાં સહન કર્યે જ છૂટકો હતો. લોકો ચિકાર ભરાઇ ગયા હતા ને બધા ખેલ શરૂ થવાની જ રાહ જોઇ રહ્યા હતા.

પ્રેક્ષકોની આશાનો એ તલસાટ છેવટે શમ્યો. બૅન્ડનો અવાજ વધુ કર્કશ બન્યો ને અમને પણ હાશ વળી. પહેલો જ ખેલ ઝૂલાનો હતો ને લક્ષ્મી તથા કિટ્ટુ બંનેની તેમાં કામગીરી હતી. સડસડાટ કરતા બંને ઉપર સીલિંગમાં લટકતા ઝૂલા પર સામસામા ગોઠવાઇ ગયા. બૅન્ડે તાનપલટો લીધો ત્યાં સુધીમાં તો બંને ઝૂલાની માંડણીમાં પગ ભરાવી ઊંધે માથે તોળાઇ પણ ગયા.

હવે હીંચકા ખાવા શરૂ થયા. અને એ બરાબર જામ્યા એટલે અદ્ધરની રમત શરૂ થઇ. બંનેએ પોતપોતાની અનોખી કરામતો પ્રેક્ષકો સમક્ષ રજૂ કરવા માંડી. પ્રેક્ષકો પણ વખતોવખત તાળીઓથી તેમને વધાવી લઇ પોતાની કદરસનાશી બતાવી આપતા હતા.

ફરી બૅન્ડે પલટો લીધો. 'ઝૂલા ઝૂલના'ની તર્જ વાગવા માંડી. તુર્ત જ કિટ્ટુએ હીંચકાનો વેગ ઓછો કરવા માંડ્યો સામે લક્ષ્મીએ તેમતેમ વેગ વધારવા માંડ્યો ને છેવટે તો એટલા જોશ પર આવી ગઇ કે લક્ષ્મીને બદલે જાણે કોઇ તરલ રેખા જ ઝૂલા સાથે આવાગમન કરી રહી ન હોય!

હમણાં એ અદ્ધર ઉછળવાની, ને માસ્ટર કિટ્ટુ તેને અદ્ધર ને અદ્ધર ઝીલી લેવાનો. એ આખો જ ખેલ કમાલ હતો. કિટ્ટુનાં બાંવડાંની અચૂકતામાં આજ સુધી ગલતીને સ્થાન નહોતું રહ્યું. સાચું કહીએ તો એ એક જ ખેલની રોમાંચકતાથી તો મિલિગનની ટિકીટબારીએ ટંકશાળ પડતી.

અચાનક બૅન્ડ પણ બંધ પડ્યું. લક્ષ્મીના હીંચકાની ગતિ અનેકગણી વધી ગઇ. પ્રેક્ષકોના ચકિત મૌન વચ્ચે તે વધુ ને વધુ જોશમાં કિટ્ટુની નજીક પહોંચતી ગઇ.

ત્યાંતો ઓહ! કરતો આખા હાઉસમાંથી સિસકારો બોલી ગયો. લક્ષ્મીએ ઝૂલા પરથી પગ સેરવી લીધા ને હવામાં એ કિટ્ટુ તરફ ચતી ધસી પડી. ગીધ કે ગરુડની પવનમાં સમતોલ રહેલી પાંખો પેઠે તેના બે હાથ કિટ્ટુના ઝૂલાની દિશામાં લંબાઇ રહ્યા. પણ . . .

લક્ષ્મીના અદ્ધર ધસાણ બરાબર જ કિટ્ટુનો ઝૂલો પાછો વળી નીકળ્યો. એક જ હીંચકાની ગફલત, પણ કેટલી ખતરનાક! એ કેમ બનવા પામી? આજીવન બેઉ અઠંગ ખેલાડીઓમાંથી એ કોનો દોષ? તમામ પ્રેક્ષકોની નિરુન્મેષ આંખો એ પળે જ એ બંને પર કેન્દ્રિત બની ગઇ. પરિણામની ભયંકરતાએ ઘણાખરા તો ઊભા થઇ ગયા. સરકસનાં માણસો પણ વિવશ બની ગયાં. અને લક્ષ્મી તો ઊડતાં ન શીખેલા બાળપંખીડા જેમ જમીન પર પટકાવા લથડી પડી. ખલાસ?

ના! બંને હૃદયોમાં એક જ પળ વિવશતા રહી ને બીજી પળે તો માસ્ટર કિટ્ટુ જીવ સાથે હોડ ખેલીને ઝૂલાની ગતિ આંતરી નીચે કૂદી પડ્યો. સખત ચોટ વાગ્યા છતાં તે ઘુંટણભેર બેસી ગયો. તેનો પેંતરો સફળ નીવડ્યો. બીજી અરધી પળ રહીને તો લક્ષ્મી 'ધબ્બાક' કરતી જમીન પર આવી પટકાઇ, પણ કિટ્ટુએ બિલ્લી જેવા ચાપલ્યે એવી તો સફાઇ વાપરી કે લક્ષ્મીનું માથું ને ખભા બરાબર તેના ખોળામાં જ ઝીલાયાં.

તરત બંનેને તંબૂમાં લઇ જવામાં આવ્યા. પ્રેક્ષકોની આકુળવ્યાકુળતા સમાય એમ ન હતી ત્યાં તો થોડીવારે મૅનૅજરે આવી જાહેર કર્યું, કે ગભરાવા જેવું નથી. કોઇને સખત ઇજા થઇ નથી.

થોડા દિવસો રહીને ખરેખર બંને બરાબર જેવા સાજા તાજા બની ગયા. થોડાં વર્ષ વધુ જીવ્યાં હોય એવા ચહેરામાં થએલા ફેરફાર સિવાય શરીરમાં બીજો કશો ફેરફાર થયો ન હતો. એ પછી સરકસ જેટલા દિવસ રોકાયું તેટલા દિવસોમાં એમાંથી એકે જણ ખેલમાં ઊતર્યું નહિ; ને એ જ સારું કર્યું. કારણ, નહિતર આ આખા યે પ્રસંગની રોમાંચકતાએ જે છાપ મારા મન પર પાડી છે તેને નાના નાના બનાવો અંધારી નહિ તો ઝાંખી તો કરી જ મૂકત! પણ આમ હવે હું માસ્ટર કિટ્ટુ ને મિસ લક્ષ્મીના એ પ્રસંગની આખી છાપ મારા મનમાં સાદ્યંત જાળવી શક્યો છું.

(ફ્રાન્ક કિંગની એક વાર્તા પરથી) **'રેનિન'**



ગ્રીનિચની વેધશાળાનું ઘડીઆળ

એ જોઇને કહેશો, કેટલા વાગ્યા?

ચોવીસ કલાકના ચંદાવાળું આ ઘડીઆળ જોઇ પહેલી નજરે તો આ સવાલનો જવાબ મુશ્કેલ લાગે, કારણ વેધશાળાના મુખદ્વારે આવેલું એ ઘડીઆળ તો ગઇ મધરાત પછી વીતેલો સમય સૂચવે છે. એ સમય છે ૧૩ કલાક, ૨૨ મિનીટ, ૨૯ સેકંડ-એને આપણી સામાન્ય પદ્ધતિના સ્વીકૃત શબ્દોમાં મૂકીએ તો એમાં સત્તર મિનિટ કમ સમય થયો. આ ઘડીઆળ ગ્રીનિચની શાહી વેધશાળાનું છે ને ૧૮૮૦થી ગ્રેટબ્રિટને પોતાના સઘળા દસ્તાવેજોમાં એનો જ અતિક્રાંત સમય (Mean Time) સ્વીકાર્યો છે. ગ્રીનિચ પાર્કની એક ટેકરી પર આવેલી એ વેધશાળામાં દુનિયાભરમાં સૌથી શક્તિશાળી દૂરબીનો અને આત્યંતિક ચોકસાઇવાળાં સમયયંત્રો છે. બ્રિટિશ સામ્રાજ્યમાં આવેલી ૩૬ વેધશાળાઓમાં એ અત્યંત અગત્યની છે અને તેના નિભાવ અર્થે બ્રિટન દર વર્ષે ૨૦,૦૦૦ પૌંડ ખર્ચે છે.

મોટા માણસોની નાની વાતો

પંડિત મોતીલાલ નેહરૂ પરાજયમાં કદી માનતા જ નહિ. અલ્લાહાબાદમાં નાતાલના દિવસોમાં અંગ્રેજો અને અર્ધ ગોરાઓ એક તહેવાર ઉજવતા તે જોવા મોતીલાલ ગએલા. ત્યાં તો તેમનાથી મોટા અને જાડા એક અંગ્રેજ છોકરે આવી તેમને ધક્કો માર્યો ને તેમના ઠેકાણે ઊભી ખેલ જોવા લાગ્યો. મોતીલાલ થોડી વાર તો મુંઝાયા પણ એટલામાં તે છોકરાની પાછળનો એક સ્ટૂલ ખાલી થયો. તેઓ તરત જ તે પર ચડી ગયા અને આગળ નમી પોતાના દાંતમાં એ અંગ્રેજ છોકરાનો કાન જકડી લીધો. કાન એટલો સજ્જડ દબાવ્યો હતો કે તેમાંથી લોહી વહેવા માંડયું અને તે ચીસો પાડવા લાગ્યો. તરત જ લોકોએ તેમને દૂર કર્યાં અને મામલો આગળ ન વધ્યો.

❖

પંડિત મહાવીરપ્રસાદ દ્વિવેદીજીએ સંશોધન વિષયક એક સભા પર 'સરસ્વતી'માં કડક આલોચના કરી તે પરથી ધુંવાપુંવા થતા તેના મંત્રી તેમના ઘેર પહોંચ્યા. એમના રોષને ન ગણકારતાં દ્વિવેદીજી ઘરમાં ગયા ને એક રકાબી, ઠંડા પાણીનો લોટો ને એક લાકડી લાવ્યા ને બોલ્યા, 'થાકયા પાકયા આવ્યા છો તે પહેલાં આ ખાઇ લઇ, ઠંડું પાણી પી ચિત્ત શાંત કરો: પછી આ લાકડી લો. મારું માથું તૈયાર છે.' મંત્રી સાહેબનો રોષ ગદ્દગદ્દતામાં પરિણમ્યો.

❖

સાપેક્ષવાદના સ્થાપક આઇન્સ્ટાઇનને એક સ્ત્રીએ સવાલ કર્યો, 'તમને તમારા સિદ્ધાંતની ખાતરી છે?'

આઇન્સ્ટાઇને જવાબ આપ્યો, 'હું તો એને સાચો માનું છું, પણ એની સત્યતા ઇ. ૧૯૮૧માં પુરવાર થશે.'

પેલી સ્ત્રી: કેમ, એ વખતે શું થશે?

આઇન્સ્ટાઇન: જો હું સાચો હોઇશ તો જર્મનો કહેશે કે હું જર્મન હતો ને ફ્રેન્ચો કહેશે હું યહૂદી હતો. ને જો ખોટો હોઇશ તો જર્મનો કહેશે હું યહૂદી હતો ને ફ્રેન્ચો કહેશે હું જર્મન હતો!

❖

સિકંદરના ગુરુ એરિસ્ટોટલને 'પીથિયા' નામની વિદુષી તથા ચતુર કન્યા હતી. તેને એક વખત કોઇએ પૂછ્યું કે 'ગાલ ઉપર ચોપડવાને સૌથી સરસ રંગ કયો?' પીથિયાએ ઉત્તર આપ્યો, 'લજ્જા!'

આવતી કાલના જગતનું અનુસંધાન મેળવતો

ન્યૂ યૉર્કનો વિશ્વમેળો

આ અંકના છેલ્લા પાના ઉપરની નવી ટિકિટમાંનું સંજ્ઞાચિહ્ન જોયું? એ તમારૂં જ—આવતી કાલના જગતનું—પ્રતીક છે. અને એ આવતી કાલના જગતનું અનુસંધાન મેળવવા જ ન્યૂયૉર્કનો વિશ્વ-મેળો ગઈ તા. ૩૦મી એપ્રિલે—એટલે કે અમેરિકાના પહેલા પ્રમુખ જ્યૉર્જ વૉશિંગ્ટને જે દિવસે પોતાના સ્વતંત્ર રાષ્ટ્રનાં સૂત્રો હાથમાં લીધાં તે દિવસે—પ્રમુખ રૂઝવેલ્ટના હાથે ૭ મહિના માટે ખુલ્લો મુકાયો.

૧૨૧૬ એકરના જે જંગી વિસ્તાર પર આ મેળાનું નિર્માણ કરવામાં આવ્યું છે એ ભાગ ન્યૂ-યૉર્કના ઉકરડા જેવો જ હતો. ગંદકી ને રાખના ત્યાં ઢગલા ઠલવાતા. ૫૦ હજાર માણસોના ત્રણ વરસના સતત શ્રમ ને ૪૮ કરોડ જેટલા રૂપિયાના ખર્ચે આજે એ વિસ્તારની શકલ ફેરવી નાખી છે. પરસ્તાન જ બનાવી મૂક્યું છે એમ કહીએ તો ચાલે. સેંકડો માઇલ દૂરથી દસ હજાર કરતાં ય વધુ વૃક્ષો (કેટલાંક તો ૨૫-૩૦ ટન વજનનાં) સમૂળ આણી અહીં પાછાં ઉગાડવામાં આવ્યાં છે.

એ મેળાના સંજ્ઞાચિહ્નમાં જે ત્રિકોણ મિનારો મૂક્યો છે એના જાજ્વલ્યમાન પ્રકાશમાં એની છત નીચે તમે પ્રવેશો તો કોઇ નવી જ દુનિયામાં આવી લાગ્યા લાગો. અને એનો બસો ફૂટનો ઘેરાવો ખરે-ખર નવી જ દુનિયા છે. માનવ ચિત્તમાં આજે જેનો ગર્ભ બંધાઇ રહ્યો છે એ પ્રજાનગરીની મહત્ત્વાકાંક્ષા ત્યાં મૂર્ત કરાઇ છે. એ નગરીનું નામ 'ડેમોક્રૅસિટી'.

સંજ્ઞાચિહ્નમાંનું બીજું ચિહ્ન જે પૃથ્વીનો ગોળો તે આ વિસ્તારના બરાબર મધ્ય ભાગમાં મૂકવામાં આવેલો છે. ૨૦૦ ફૂટ વ્યાસના એ ગોળાની જોડ પૃથ્વીમાં ક્યાં યે નથી. મિનારો જેમ માનવ મહ-ત્ત્વાકાંક્ષાનું પ્રતીક છે તેમ આ ગોળો દિશા અને કાળની વિસ્તરતી સીમાઓનું પ્રતીક છે.

ચાર ભાગમાં વહેંચાએલા આ પ્રદર્શનમાં દુનિ-યાના જુદા જુદા ૬૨ દેશોએ પોતાના રાષ્ટ્રીય વૈશિ-ષ્ટ્યનું પ્રદર્શન યોજ્યું છે. એની એકલી સાંપત્તિક કે પ્રાકૃતિક મહત્તાનો જ આમોદ માત્ર નહિ; એમની રહેણીકરણી, એમનું સંગીત, એમનાં લોકગીતો વગે-રેની યે આબેહૂબ મોજ તમે માણી શકો. એ ચાર ભાગમાંના એકેક ભાગના પાછા સાત સાત જુદા વિભાગો છે. દુનિયાના કોઇ રાષ્ટ્રોનો તેમાં ભાગ ન હોય તો તે જર્મની, ચીન ને હિંદ છે. જર્મનીને તે માટેનાં રાજકીય કારણો છે ને ચીન લડાઇમાં રોકા-એલું છે, પણ 'બ્રિટિશ સામ્રાજ્યના ઉજમાળા રત્ન' હિંદનું તેજ હિંદમાં જ શા માટે બંધીઆર રાખવામાં આવ્યું છે એની કલ્પના થઇ શકતી નથી.


સર્વવિજેતા વિજ્ઞાનનું આકર્ષણ તમને કુમારોને વધુ હોય-ન હોય તો તે ધરાવતા થવું એ તમારી જાત માટે ને તમારા દેશ માટે હિતાવહ છે-એટલે એના વિજ્ઞાન વિભાગની ઓળખાણ રસદાયક થઇ પડશે. એ વિભાગમાં એવાં યાંત્રિક મનુષ્યો પણ ગોઠવેલા છે જે બોલે છે, ચાલે છે, શ્વાસોચ્છ્વાસ લે છે, સવાલોના જવાબો આપે છે, માત્ર વિચાર જ કરી શકતાં નથી! એના 'માનવ ખંડ'માં મોટાં મોટાં પૂતળાં શારીરિક પ્રક્રિયાની પૂરતી સમજણ આપે છે તો 'બોલતું હાડપિંજર' બધાંને આમંત્રતું પોતાની મેળે પોતાની ઓળખાણ આપે છે. એવી જ રીતે વિજ્ઞાનની જુદી જુદી શાખાઓનું પ્રત્યક્ષ જ્ઞાન ને ભાવિ વિકાસની રૂપરેખા તમને ઘડીભર છક્ક કરી નાખે. અરે, દુનિયામાં વિરલ ગણાતા જીવજંતુ કે પક્ષી-પ્રાણીઓના જીવતા નમૂનાઓ ને એધીરફીઅર જેવા ખંડમાં દરિયાની સમગ્ર જીવસૃષ્ટિનો યે તમે આહ્લાદ લઇ શકો. ઠેઠ દખ્ખણ ધ્રુવનાં વસનારાં પેન્ગ્વીન પક્ષીઓને યે આણી લાવી પક્ષીસમાજના એ 'Little Old Men' માટે એક ટાપુ વસાવવામાં આવ્યો છે!

એ પ્રદર્શનના પ્રમુખ મિ. ગ્રોવર વ્હેલને કુમાર જનતા જોગ સંદેશ પાઠવ્યો છે કે 'જગતનું મોં ઊજળું બનાવવાના આ માનવપ્રયાસોનો વારસો મેળવી, આવતી કાલે તેને તાદશ બનાવવાની જવાબદારી તમારા શિરે લઇ લેશો તો સંસ્કૃતિની ગતિ વધુ વેગ-વાહી બનશે.'

એ આદર્શમાં તમારો હિસ્સો યે નોંધાવવો ન ચૂકતા.

જળજંગલની જીવસૃષ્ટિનો પરિચય આપતી લેખમાળા

વનવગડાનાં વાસી



થોડાં રૂપજીવી

[૧] નાનો નીલકંઠ

રૂપજીવી એટલે રૂપ વેચીને, શરીરની સુન્દરતાનું લીલામ કરીને જીવનારાં, એમ નહિ. આ અભિધાન તો એવાં રૂપજીવીને અનુલક્ષીને છે કે, જેમનો જીવન-સંગ્રામ નિર્વિઘ્ને નભાવવામાં એમનું રૂપ સબળસાધનની ગરજ સારે છે.

પંખીઓને ઉપલક નજરે જોનારને પણ એક વાતની નવાઇ લાગ્યા વિના રહેતી નથી. એ વાત તે પંખીઓનાં વિવિધ રૂપરંગનું કુતૂહલ. ઋતુઋતુએ બદલાતી જતી, શીતોષ્ણતાની વચ્ચે પંખીનાં શરીરની ગરમીને સમાન ધોરણે સાચવી રાખવાના ઉદ્દેશથી, તથા એ હવામાં તે સહેજે વિનાયાસે તરતું ફરતું વિચરતું રહે એવા હેતુથી, પ્રકૃતિએ પંખીનાં શરીર પીછાંના ગાઢ આવરણથી મઢ્યાં છે, એની ના નહિ. પણ પીંછાંના રૂપરંગના આવડા અંબાર શા માટે? અન્ય પ્રાણીઓના જેવી સાદી કાયા ન ઘડતાં, રંગની આવી અનિયન્ત્રિત વિવિધતા કેવળ પંખીઓ (અને કંઇક પ્રમાણમાં જીવડાં)નાં શરીરમાં જ સરજવામાં પ્રકૃતિનો શો ઉદ્દેશ હશે? જરૂર, ભારે વિકટ સમસ્યા છે. છતાં અન્ય પ્રાણીઓની જીવનવ્યવસ્થા સાથે પંખીઓનો જીવનવ્યવહાર સરખાવી જોતાં, એ વિષયમાં કંઇક અંશે આપણું સમાધાન થાય છે. તે આ રીતે.

અન્ય પ્રાણીઓ ઘણુંખરું જળ કે જમીનનાં વસનારાં હોય છે ત્યારે પંખીઓનું એકાન્તિક નિવાસ-સ્થાન ઝાડછોડની ઘટા છે. જળમાં કે જમીન પર વસનારને, જળના કે જમીનના રંગ સાથે ભળી જવામાં, રૂપરંગની ઝાઝી વિવિધતાની જરૂર નથી રહેતી. જ્યારે પંખીઓને તો પાંદડાંની વચ્ચે જ રહેવાનું. એમને નશીબે તો ઝાડે ઝાડે અને છોડે છોડે રંગ બદલાય. એથી એ બદલાતા રંગો વચ્ચે સુરક્ષિત રહેવા સારુ પંખીને પણ બહુવર્ણી વાઘા સજવા પડે છે. અને એવાં અનેકવિધ રૂપની મદદથી પર્ણાંતરે છુપાઇને, આશ્રયસ્થાનના રંગો સાથે ભળી જવા રૂપ 'તિરસ્કરિણી' કળા (Camouflage)નું આલંબન કરનાર પંખી સહેજે આત્મરક્ષા કરી શકે છે.

પંખીના શરીરસંગોપનનાં સાધનરૂપ પીછાંના રંગોની આવી વિવિધતા અંગ્રેજીમાં Protective Colouration નામે ઓળખાય છે. આવી વિવિધતા ભિન્ન ભિન્ન સ્વરૂપની હોય છે. કોઇ પંખીનો સમગ્ર વર્ણ આછો, ઘેરો કે ચળકતો, પણ કેવળ એક જ જાતનો સાદો હોય છે, તો કોઇનાં શરીર ઉપરનીચે એક જ વર્ણની વિવિધ છાયાવાળાં જોવામાં આવે છે વળી બીજાં કેટલાંકનાં શરીર મિશ્રરંગોની વિવિધ સજાવટવાળાં ભાતીલાં હોય છે. આવા ફેરફાર છે પણ સકારણ જ. એક જ વર્ણની સમાન છાયાવાળાં પંખીઓને, ગાઢ પર્ણતાને લીધે એકરંગી દેખાતી ઘટામાં છુપાવાનું સરળ પડે છે, પરંતુ જ્યાં ઘટા આછીપાતળી હોય અગર ડાળીઓમાંથી અને પાંદડાં વચ્ચેથી ગળાઇને પ્રકાશ આવતો હોય તેવે સ્થળે આવાં પંખીને છુપાવું ન પાલવે; કારણ પ્રકાશમાં એમનો વર્ણ મળી જતો નથી જેને લીધે એ ઝટ ઉઘાડાં પડી જાય છે. એવે સ્થળે તો રંગની વિવિધતા કે ચટાપટાવાળાં પીંછાં જ અનુકૂળ થાય છે. એ સાધનને લીધે તડકી છાંયડીની ભાતમાં એના ડીલના ચટાપટાની ભાત સહેજે ભળી જવાથી, આવા પંખીને અદૃશ્ય રહેવાનું અઘરું પડતું નથી. આ પરિસ્થિતિમાં એક વર્ણવાળાં પંખીઓનો સંચાર અત્યંત પરિમિત પ્રદેશમાં હોય છે, કારણ એમના નિવાસને અનુકૂળ સઘન વૃક્ષરાજી પ્રત્યેક સ્થળે નથી મળી આવતી. એથી ઊલટું, વિવિધરંગી પંખીઓ

ગમે તેવા સ્થળે પણ કંઇને કંઇ આધાર શોધીને જાતને છુપાવી રહી શકે છે. આવા જ કારણથી પંખી સમાજમા એક વર્ણવાળાં કરતાં અનેક વર્ણવાળાંની સંખ્યા વિશેષ પ્રમાણમાં નજરે પડે છે.

આથી જ પંખીઓની આવી વર્ણવિવિધતા અને એમનાં નિવાસસ્થાનનો સંબંધ ઘનિષ્ટ હોય એ સ્પષ્ટ છે. સૂકાં ઝાડપાન વિનાનાં રણ અને મેદાનોમાં વસતાં પંખીઓના રંગ, એમની નિવાસભૂમિના રંગે ભૂખરા, ચટાપટા હોય તો પણ ભપકા વિનાના, આછા ફિક્કા પીળા, બદામી કે મેલા ધોળા હોય છે. એવી જ રીતે નિબિડ અરણ્યનાં વસનારાંનાં શરીર એમના વાતાવરણને અનુકૂળ ઘેરા રંગનાં હોય છે. આવા જ હેતુથી અનેક રંગબેરંગી ચમકતા રંગનાં પીંછાંવાળાં પંખી અને રૂપાળાં પતંગિયાં મુખ્યત્વે ગાઢ જંગલનાં જ વસનારાં દેખાયાં છે.

આત્મગોપનના આ સાધનનો લાભ પંખીઓ વિવિધ રીતે લે છે. પ્રથમ તો સ્વભાવે જ નિર્બળ પંખીઓ શત્રુવર્ગથી છુપાવામાં એનો ઉપયોગ કરે છે. બીજું, જાતે બળવાન અને નિર્ભીક પંખીઓને પણ શિકારની પાછળ પડતી વખતે શિકાર ન જાણે તેમ છુપાતાં ફરવામાં આ સાધનનો આધાર લીધા વિના ચાલતું નથી. એ ઉપરાંત જાતે બળવાન ન હોય છતાં બળવાન જેવો સ્વાંગ સજીને, વાઘના ચામડામાં ફરતા ગધેડાની પેઠે, સંરક્ષણ પામવાના હેતુથી કેટલાંક પંખી અન્ય બળવાન પંખીઓનાં રૂપરંગનું અનુકરણ કરતાં શત્રુને ભ્રમમાં નાખી છેતરપીંડીથી આત્મરક્ષા મેળવતાં પણ દેખાય છે. બપૈયાં જુઓ. એ જાતે કોયલના વર્ગનું પંખી છે, પરંતુ બાજના જેવાં એનાં રૂપરંગ હોવાથી, અન્ય પંખીઓ એને બાજ માનીને એનાથી દૂર ને દૂર જ રહે છે અને એને હેરાન કરતાં નથી. જોકે આત્મરક્ષણની આ રીત કે અનુકરણની ટેવ (mimicry) જેટલી વ્યાપકપણે જીવડાં—સવિશેષ પતંગિયાં—માં દેખાય છે, એટલી પંખીઓમાં નથી જોવામાં આવતી.

વળી સંરક્ષણના હેતુને અનુલક્ષીને જ ઘણી વખત નર માદા ભિન્ન ભિન્ન રંગવાળાં પણ હોય છે. આવી ભિન્નવર્ણતા (Sexual dichromatism)માં, નરના રંગ ઊજળા, ચળકતા અને આંખ ખેંચે એવા કે રંગબેરંગી હોય છે, ત્યારે માદા મેલા રંગની, વિવિધતા વિનાની કે વિવિધતા છતાં કુરૂપ દેખાય છે. આનો હેતુ માદાનું સંરક્ષણ થઇ વંશવેલો નિર્વિઘ્ને વધતો રહે, એ જ હોય છે. એક જ દૃષ્ટાંત લઇએ. નર કોકિલ રૂપાળો, ચળકતા ઘેરા વાદળી જેવો કાળો હોઇ વહેલો નજરે પડે છે, જ્યારે માદાની કાયા ચટાપટાવાળી અને મેલા રંગે હોવાથી પર્ણાન્તરે છુપાતાં એને વાર લાગતી નથી. એવું જ સક્કરખોરા, શાહી બુલબુલ, શૌબીગી, દેવચકલી, દૈયડ વગેરે પંખીઓમાં જોવામાં આવે છે. એમનાં નરમાદાનાં સુપરિચિત વર્ણવિભેદ પાછળ માદાના સંરક્ષણનો હેતુ જ કારણભૂત થયો હશે, એ સ્પષ્ટ છે.

આ તો આત્મરક્ષણની વાત થઇ. પક્ષીઓના રંગનો અન્ય પણ એક પ્રબળ હેતુ છે અને તે 'અલંકરણ'નો. કેટલાંક એવાં પણ પંખી છે કે જેમને છુપાવાનું કંઈ કારણ નથી હોતું. આત્મગોપન સિવાય પણ એ સહેજે સુરક્ષિત રહી જીવી શકે છે. છતાં આવાં પંખીઓમાં પણ રંગની વિવિધતા નજરે પડે છે. આ વિવિધતાનો એક જ હેતુ હોઇ શકે: પક્ષીને રૂપાળું દેખાડવાનો. આવી અલંકૃતિ પ્રધાનપણે નરપંખીમાં જ જોવામાં આવે છે, જેને લીધે એ માદાનું દિલ આકર્ષી શકે છે. અહીં એક વાત ભૂલવી ન જોઇએ. રંગ સંબંધમાં આપણી જે દૃષ્ટિ છે, એવી જ ભાવના પંખીઓની હોય તે સ્વાભાવિક નથી. એટલે જે આપણી નજરે રૂપાળું ન લાગે તે, પંખીની નજરે સુંદરતાની પરાકાષ્ટા પામેલું દેખાતું હોય તો નવાઇ નહિ.

—પણ આ બધો તો વૈજ્ઞાનિક તર્કવાદ કહેવાય. પ્રકૃતિએ આવા જ હેતુથી પંખીનાં પીંછાંની વર્ણવ્યવસ્થા કરી હશે, એનો અબાધ્ય પૂરાવો તો આપણી પાસે નથી. પણ આ તો જે વસ્તુસ્થિતિ છે તેને સમજવાના પ્રયત્નરૂપ, પક્ષિતત્ત્વવિદોએ કલ્પેલી કારણપરંપરા જ છે: કદાચ આવું ન પણ હોય. છતાં આવું જ કંઇક હશે એમ માની લઇને, એના દષ્ટાન્ત રૂપ થોડાં રૂપજીવીઓનો પરિચય કરીને આ પ્રકરણ બંધ કરીએ.

આવાં પંખી તે નાના નીલકંઠ અને દશરથિયાં. બંને છે પહોળી મ્હોંફાડવાળાં (Fissirosters व्यात्तानन) પંખીઓના વર્ગનાં. વળી બદેર, વગેરે.

[૧]

રેલવેના તાર ઉપર કે તારની વાડે, ચળકતા લીલા રંગનું, ચકલીથી સહેજ મોટું પણ દૂબળું પંખી જુઓ તો એ નાનો નીલકંઠ જ. લીલા રંગના પંખી તો આપણે ત્યાં અનેક છે. પણ એમાંના પોપટનો રંગ પીળાશ પડતો લીલો અને કદમાં એ ચકલી કરતાં અનેકગણો મોટો છે; કંસારો તાર પર બેસતો નથી તેમ એનો લીલો રંગ પીળાશ પડતો અને લાલના મિશ્રણવાળો છે; શોબીગીની માદા કાળા પટાવાળા પીળાશ પડતા લીલા રંગની અને શ્વેતનયના પીળાશ પડતી હોય છે તેમ એ બંને પંખી ઘણુંખરું ઘટાનાં વસનારાં છે; એટલે એમાંના કોઈ પણ પંખીની સાથે નાના નીલકંઠનો ભ્રમ થતો નથી અને એ સહેજે ઓળખાય છે.

નાનો નીલકંઠ એટલે Bee-eater. ઉત્તર ભારતમાં એને पतरींगा કે हरीयाल ('આ નામ લીલાં કબૂતર સં. હારીતને પણ અપાય છે) કહે છે.

જોઈને આંખો ઠરે એવી ઉજ્જ્વલ હરિત વર્ણવાળી અત્યંત સુકુમાર દેહલતાને લીધે અશેષ પક્ષીસમાજમાં સુંદરતમ ગણાતાં પંખીઓમાં જેની સહેજે ગણના થાય છે એ નીલકંઠની સાત જાતો ભારતવર્ષમાં રહે છે, પરંતુ એમાંની સર્વ સ્થળે વ્યાપકપણે નજરે પડતી અત્યંત પરિચિત જાતો બે જ: લીલો નીલકંઠ અને વાદળી પૂછડીવાળો નીલકંઠ. બંને પંખી ગુજરાતનાં સ્થાયી નિવાસી છે.

(૧)
લીલો નીલકંઠ

The Green or Common Indian Bee-eater[૧]. એનો સમગ્ર વર્ણ પાણીદાર નીલમ મણિ પેઠે ચમકારા મારતો અને નવ શાદ્વલ જેવો સ્વચ્છ લીલો હોય છે. નર માદા ઉભય એક જ રંગે; બંનેના માથા ઉપર અને પાંખોમાં સોનેરી છાયા; દાઢી સહજ આસમાની આભાવાળી; આંખથી કાન સુધી સળંગ કાળો પટો; છાતી ઉપર કૉલર જેવું કાળું લાંછન; પૂછડી મેલા લીલા રંગની છાયાવાળી; પૂછડીના છેડેથી આગળ પડતાં, કાળા રંગનાં, લોખંડના પાતળા તાર જેવાં, બેએક આંગળનાં બે પીંછાં: એ નિશાનીથી એ ઝટ ઓળખાય છે: માત્ર અપક્વ વયનાં બચ્ચાંમાં આવા 'તાર' નથી હોતા અને એમનાં બધાં પીંછાં સરખાં જ હોય છે.

આંખો લાલઘૂમ; ચાંચ અત્યંત સુકોમળ, પાતળી, અણીદાર, સહેજ વળેલી, ૧" લાંબી, કાળા રંગની. પગ મેલા કાળા, સીસા જેવા; એને ત્રણ આંગળાં, બે આગળ અને એક પાછળ: જેને લીધે એનાથી જમીન પર સરળતાથી ચાલી શકાતું નથી, છતાં એવા પગ ઝાડ પર ડાળી પકડી બેસવાને પૂરા અનુકૂળ છે.

ગ્રીષ્મ ઋતુ એનો ગર્ભાધાનકાળ. એ વખતે નદી–તળાવનાં ભેખડમાં એકથી ચાર હાથ ઊંડું દર ખોદી, એને તળીએ સપાટ ભોંય પર જ ચળકતા શ્વેત રંગનાં, ડાઘાડુઘી વિનાના સ્વચ્છ ૪ ૫ ઈંડાં મૂકે છે.

એનો આહાર જીવાત. એને પકડવાની એની રીત ન્યારી છે. ટૂંકા શિથિલ પગ, એટલે જમીન ઉપર સરળતાથી ચાલી શકતો નથી, તેમજ પાતળી નિર્બળ સુકુમાર ચાંચને લીધે એનાથી ઝાડની છાલ ખોદી ઉખાડવાનું કામ બને તેમ નથી; એટલે એને તો હવામાં ફરતી જીવાત પર જ આધાર રાખવો રહ્યો. અને એ કામ એ વિશાળ મોંની મદદથી ખૂબ સરળતાથી કરે છે. આરંભમાં એ એકાદી અનુકૂળ ડાળી કે તારની વાડ અગર રેલવેના તાર પર બેસે છે. પછી કૂદકો મારી હવામાં ઊડે છે. ઊડતાં ઊડતાં જ હવામાં તરતી જીવાત ચાંચથી પકડી, મોં પહોળું કરી એ દ્વારા પેટમાં સીધી ઉતારતો જાય છે. ચાવવાની કે ખોરાક તોડવાની એને પડી નથી. આમ ઊડીને એક નાનું ચક્કર લગાવી પાછો અસલને સ્થાને આવીને બેસી જાય છે. વારાફરતી આવાં ચક્કર લગાવતો જાય અને જીવાત આરોગતો જાય. એનો આ વ્યવસાય કલાકો સુધી પણ ચાલતો દેખાય છે. ક્વચિત્ એકાકી, ઘણી વખત અનેક નીલકંઠ ભેગા થઈને આ શિકારવિધિ સાચવતા દેખાય છે. એ વખતની એમની ઊડવાની રીત, જીવાત દિશા પલટે તો ઊડતાં ઊડતાં વચ્ચેથી જ પલટો લેવાની એમની ચતુરાઈ આપણને મુગ્ધ કરે છે. એ ઊડે છે પણ ઝડપથી, લહેરાતી પાંખો પર તરતો. ઊડતો જાય ને 'ચીંઈંઈં' એમ ઝીણી કર્ણપ્રિય સીસોટી મારતો જાય. એ ખાય છે જીવાત,

૧ Merops viridis (orientalis)

પણ કવચિત્ પતંગિયાં પકડીને એને ડાળી સાગે પટકી પાંખો જુદી કરી આરોગતો પણ મેં જોયો છે. આખો દિવસ તાર ઉપર કે ઝાડની ડાળી પર ઉઘાડમાં ભટકતો બેસતો દેખાય છે, છતાં રાતે તો એને ઝાડનું જ શરણું શોધવું પડે છે.

અહીં એક વિચાર થાય છે કે આ પંખીનો જીવનવ્યવહાર જોતાં એના લીલા રંગની સાર્થકતા દેખાતી નથી. એ ફરે છે ઉઘાડમાં, આહાર શોધે છે પણ ઉઘાડમાં, તેમ એની સંતાનોત્પત્તિ પણ થાય છે ઉઘાડમાં: નદી તટે ચાર હાથ ઊંડા દરના તળીએ. પછી એને લપાવા–છુપાવાનું ક્યાં રહ્યું? રાતે એ ઝાડ પર બેસે, પણ 'અંધારામાં બધી ગાયો કાળી'. એ વખતે એના ચળકતા રંગોનો શો અર્થ? આનો ઉત્તર તો એકલી પ્રકૃતિ જ આપી શકે. છતાં એટલું તો સ્પષ્ટ છે કે આવા લીલા રંગને લીધે એને ઝાડમા છુપાતાં રજ પણ અડચણ પડતી નથી. પાનની ઓથે એ એવો તો ભળી જાય છે કે આપણા માથા ઉપર જ ચીંઇઇ કરતો બેઠો હોય છતાં આંખો તાણી તાણીને જુઓ તો યે એ નહિ દેખાય અને કેવળ પાંદડું જ લાગશે. આવું તો હું રોજ જોઉં છું. ખાસ કરીને શિયાળામાં. એવે વખતે આ નીલકંઠનાં ૧૦૦-૨૦૦નાં ટોળે ટોળાં બાગબગીચામાં સાંજે ઊડતાં ફરતાં દેખાય છે. આસોપાલવ કે જાંબુ અગર બોરસલી જેવાં ઝાડની ગીચ ઘટામાં ઘડીમાં ભરાતાં ઘડીમાં બહાર આવતાં એમના લીલા રંગથી વાતાવરણ રંગી નાખે છે. ઝાડમાં ભરાય ત્યારે પણ એમની સીસોટીઓ તો ચાલુ જ હોય છે છતાં નરી આંખે ઝાડમાંથી એમને શોધી કાઢવાનું રજ પણ શક્ય નથી. ઘણી વખતે તો હું દૂરબીનની મદદ લઉં ત્યારે જ એ નજરે પડે છે. બાકી, ધારીધારીને જોતાં પણ જ્યાંત્યાં પાન ને પાન જ નજરે પડે. બોલતાં દેખાય તે પણ પાન જ: નીલકંઠ તો અલોપ જ બની જાય! એવી એમના એક જ જાતના રંગથી પણ સહેજે સધાતી 'પ્રચ્છન્ન-રૂપતા'ની ખૂબી છે.

વનવગડામાં, બાગબગીચા તેમ જ ભર વસતિમાં પણ રહેતો, ઝાડ તથા ટેલિફોનના તાર ઉપર બેસતો એ જોવામાં આવે છે.

(૨)

વાદળી પૂછડીવાળો નીલકંઠ

The Blue Tailed Bee-eater[૨]. આપણો આ બીજો વ્યાપક નીલકંઠ અમદાવાદની આસપાસ મારા જોવામાં નથી આવ્યો, પણ ધોળકા તરફ અને તારંગા તથા આબુ અને ઇડરના પ્રદેશમાં એ લીલા નીલકંઠ જેટલી જ મોટી સંખ્યામાં નજરે પડે છે. દેખાવે લીલા નીલકંઠને મળતો, પણ કદમાં મોટો હોય છે. રૂપેરંગે પણ એ લીલા નીલકંઠને મળતો આવે છે, છતાં એને રૂપાળો તો ન જ કહેવાય. એનો લીલો રંગ પણ ફિક્કો, મેલો, ઘાસના રંગે હોય છે. એ લીલામાં લાલ રંગની આછી છાયા દેખાય છે. કમર તથા પૂછડીનો ભાગ આસમાન જેવો આછો વાદળી: હેઠળના ભાગે હાઢી પીળાશ પકડતા શ્વેત રંગે. ગળું લોખંડના કાટ જેવું ગેલું ઘેરૂ લાલ. છાતી અને પેટનો ઉપરનો ભાગ લીલો: માંહ્ય લાલ ઝાક. પેડુનો ભાગ પીળાશ પડતા લીલા રંગનો. પૂછડી વચ્ચેનાં પીછાં લાંબા.

બાકી બધી રીતે એ લીલા નીલકંઠને મળતો છે. આહારમાં એ જીવાત ઉપરાંત મધમાખી, ભમરી ને ભમરા પણ ખાય છે. આહારોપાદાન માટે ઝાડ પર બેસીને હવામાં ચક્કર મારે છે, પણ લીલા નીલકંઠ જેવડાં ટૂંકાં નહિ પરંતુ વધારે ઘેરાવાવાળાં મોટાં. જીવાત પકડીને ચાંચ બંધ કરે ત્યારે 'ચટાક' દઇને. એની ચાંચનો એ અવાજ છેટે સુધી સંભળાય છે.

---

૨ Merops philippinus.

જમતી વેળા

કઢંગી રીતે બેસવાની ટેવ હોય,
મોટા સબડકા ભરવાની આદત હોય,
કોળિયો જમીને આંગળા ચાટતા કે છાંટતા હો,
સાગા માણસને ગમે કે ન ગમે છતાં વાતો કરતા હો,
બીજી વાનીઓની ઉપેક્ષા કરી તમને ગમતી
વાની પર જ હાથ ચલાવતા હો,
ને જમી રહ્યા પછી જે હાથમાં આવ્યું તે વડે
દાંત ખોતર ખોતર કર્યાં કરતા હો,
—તો જરૂર માનજો કે બીજા કોઇને ત્યાં પણ
જમનાર તરીકે તમે અળખામણા થઇ પડવાના.

જીવનનું પરોઢ

ભાગ બીજો

પ્રકરણ એકવીસમું · ત્રણ સો શબ્દ

દિવસે ને દિવસે અમારે ત્યાંનું આખું વાતાવરણ ઊપડવાની તૈયારીનું થતું જતું હતું. ક્યારે ઊપડીશું અને કઇ દિશાએ ઊપડીશું એ કોઇ કહી શકતું ન હતું. દેશ જવાની મોટીમોટી ઉમેદો અમારા મનમાં હતી. અને જેલ જવાની હોંશ ઓછી ન હતી. કઇ ઘડીએ કયો હુકમ મળે છે એ સાંભળવાને અમારા કાન સળવળી રહ્યા હતા.

અય મુસાફિર કૂચ કા સામાન કર,
ઇસ જહાં મેં હૈ બસેરા ચંદ રોઝ;
ફિર તુમ કહાં ઔર મૈં કહાં આ દોસ્તોં
સાથ હૈ મેરા તુમ્હારા ચંદ રોઝ. યહઅહારે૦

એ નઝીરની કડીઓ અમે હાલતાં ચાલતાં એક બીજાને સંભળાવતા અને કોનો કોનો સાથ રહેશે અને કોનો કોનો નહિ રહે એની કલ્પના કરતા. દેશ જવાનું થાય તો અમુક અમુક જશે અને અમુક અમુક અહીં રહી જશે એવી ગણત્રીઓ ચાલતી અને જેલ જવાનું થાય તો અમુક જશે અને અમુક નહિ જાય એવી ટીકાઓ ચાલતી. છોકરાઓ ખાસ કરીને એક બીજાને કહેતા, 'કાચા બનવું હોય તો ભાઇ હમણાં જ ઘર ભેગો થઇ જા. પાછળથી મોઢે મેશ લગાડી અમને ન લજવતો.' ટૂંકમાં ફીનિક્સના તબેલામાં બધા યે ઘોડા હણહણી રહ્યા હતા.

એમ છતાં બાપુજીને ભારે ફિકર હતી કે કોઇ ખોટા જોશમાં તણાઇ જઇ પાછળથી પસ્તાય નહિ.

એક દિવસે સાંજે નળાખ્યાનનું વાચન પૂરું થયે બાપુજીએ પૂછ્યું: 'કે . . . મ ડાહ્યા! જેલમાં આવવા તૈયાર છો ને?' અમારા સહપાઠી ડાહ્યા મોચીની ઓળખ આ પહેલાં આપી ગયો છું. અમારા મંડળમાં એ પ્રતિષ્ઠિત વિદ્યાર્થી હતો. પૂરો સજ્જન; પણ સ્વભાવે ગભરૂ અને પોચો. બાપુજીએ પ્રશ્ન પૂછ્યો કે તુરત અમે ડાહ્યાની ચર્યા નિહાળવા લાગ્યા અને એકબીજાને ઇશારા કરવા લાગ્યા. ડાહ્યાએ પોતાની અંદર જેટલો પ્રાણ હતો એ બધો એકત્ર કરી પોતાની ટેવ પ્રમાણે પોતાના પહેરણના ગળા આગળનું બટન ફેરવત ફેરવતાં ઉત્તર આપ્યો 'હા જી'.

જે વિદ્યાર્થીઓ ફીનિક્સમાં દાખલ થયા હતા તેમની સાથે અને તેમનાં માબાપ સાથે શરત તો થઇ જ ગએલી કે 'જો લડત ઊપડે તો સોળ વર્ષની ઊમરે પહોંચેલા અને તેથી મોટા વિદ્યાર્થીએ જેલમાં જવું જ જોઇશે. આ ઉપરાંત લડત ઊપડવાની હોય કે ન હોય છતાં જેલ જવાની વાતો અને વિચારો રોજ ચાલ્યા જ કરતા; એટલે વિદ્યાર્થીઓને કંઇ નવો વિચાર કરવાનો ન હતો. છતાં બાપુજીએ પૂછ્યું એ દરેકને ફરીથી વિચારી જોવાની તક આપવા ખાતર.

અમારી ખાતરી થઇ જ ચૂકી કે હવે લડત ઊપડ્યા વિના રહેવાની નથી. પછી તો જેલ જનારાઓ જેલ જવાને તથા જેલ ન જનારાઓ–અમે જે બહાર રહેનારા હતા તેઓ–બીજાને જેલ જવા દેવા માટે તૈયાર થવા લાગ્યા.

સાંજની પ્રાર્થનામાં બધા સાથે ભેગી વાતો કરી લીધા પછી દિવસનો મોટો ભાગ બાપુજી એક એક જણ સાથે ખાનગી વાતો કરવામાં વીતાડવા લાગ્યા. ત્રણચાર દિવસ સુધી તો તેમણે વારાફરતી મારા પિતાશ્રી અને મગનકાકા સાથે વાત કરી. પછી અમારે ઘેર આવી મારી બા અને કાકી સાથે ભેગી ને જુદીજુદી વાતો કરી. શી વાતો ચાલે છે એ જાણવા હું તલપાપડ થઇ જતો, પણ ખાનગી વાત ચાલતી હોય ત્યાં ન જવાય એ નિયમ બાપુજીએ એટલો કડક બનાવી દીધેલો કે તેઓ જે સડક પર ટહેલતા વાતો કરતા એ સડક ઓળંગવાની યે મારી હિંમત ન ચાલતી. ચાળીશેક ડગલાં દૂર ખેતરમાં ઊભો રહીને હું જોતો કે બાપુજી મારા પિતાશ્રી, માતુશ્રી, કાકા અથવા કાકી સાથે ગંભીર વાતો કરે છે.

અનેક દિવસની ચર્ચાઓ પછી હું અટકળ બાંધી

શક્યો કે અમારા ઘરમાંથી બધાં જ જેલમાં જાય એવી ચર્ચા ચાલે છે અને બધાં વડીલો જતાં રહે તો અમ બાળકોની શી દશા થાય એ ફિકર એ બધાંને કોરી રહી છે. વાતાવરણની ગંભીરતાની છાપ મારા પર પડવા છતાં મને ભાન ન હતું કે અમને ટીનબકુડિયાંઓને છૂટાં પાડી લડાઇમાં હોમાવા જતાં માતૃહૃદયને કેટલી વેદના થતી હશે, કેટકેટલી શંકાકુશંકાઓ દિલને વેધતી હશે. પરંતુ અત્યારે એ અવસર યાદ આણું છું ત્યારે સમજાય છે કે જેલમાં જવાનું ઠરાવ્યા પહેલાંનો મહિનો પંદર દિવસ મારી બાને અને કાકીને કેટલા વસમા વીત્યા હશે બાપુજીની સત્યાગ્રહની લડાઇ તો એ પહેલાં છસાત વર્ષથી ચાલુ હતી, પણ સ્ત્રીસત્યાગ્રહીનો ઇતિહાસ હજુ નોંધાયો ન હતો. પરંતુ હવે હિંદુસ્તાની ઢબનાં લગ્ન ફોક કરનારો અણધાર્યો હૂમલો થયો હતો. ને એ ભયાનક માનભંગનો જવાબ તો બહેનો જ આપી શકે. આ રીતે સત્યાગ્રહના ઇતિહાસમાં અપૂર્વ એવો નવો આરંભ કરવાનો હતો. બાપુજીની રીત પ્રમાણે એ પગલું ધીરેથી જ લેવાવું જરૂરનું હતું. પૂજ્ય બાની પાસે એ પ્રસ્તાવ મૂકી બાપુજી એમને અકળાવવા માગતા ન હતા. એટલે વાતની શરૂઆત અમારે ત્યાંથી જ થઇ. બીજી કોઇ બહેનો જેલ જવા તૈયાર થાય કે ન થાય; મારી બાને અને કાકીને જવાની વીરતા ધારણ કરવાની હતી.

એક બપોરે મારી બાએ મને પાસે બોલાવી ખોળામાં બેસાડી માથે હાથ ફેરવતાં પૂછ્યું, 'પ્રભુ, અમે જેલ જઇએ તો પછી આ નાનાં ભાઇબહેનોને તું સંભાળીશ ને?'

'પણ બા, મને જેલ જવાનું ક્યારે મળશે?'

'હજુ તો તું નાનો છે. તને બારમું વરસે ય શરૂ નથી થયું. ચાર વરસ પછી તું યે અમારી સાથે જેલમાં આવજે. તું સોળ વરસનો થઇશ એટલે તને જેલમાં જવા દેશે. ત્યાં સુધીમાં આ નાનાં ભાઇબહેનો પણ મોટાં થઇ જશે. તું તેમને સંભાળજે. ખવડાવજે, પથારી કરી દેજે, નવડાવીને કપડાં પહેરાવજે; જેથી અમને યાદ કરીને એ રૂવે નહિ.'

મારી બાની પાસેથી ઉપલી વાતો સાંભળી હું કૂદતો કૂદતો મારા કામમાં લાગી ગયો. બે ત્રણ દિવસ પછી મેં ચોક્કસપણે જાણ્યું કે પિતાશ્રી, માતુશ્રી અને કાકી જેલ જશે અને મગનકાકા અમને બાળકોને તથા છાપાને સંભાળવા અમારી સાથે રહેશે. મને નિરાંત થઇ કે કેશુ, કૃષ્ણ, રાધા અને રૂખીની સતામણી મારે નહિ ભોગવવી પડે. સાથેસાથે ચિંતા યે થઇ કે મગનકાકા ખીજાઇ જશે ત્યારે મારો બચાવ કોણ કરશે? બા તો નહિ હોય! પણ વધુ વિચારતાં એ વાતનો મને આનંદ થયો કે બા અને કાકી બંને જાય છે; કારણ તેઓ જેલ જાય તો પછી મને પણ જેલ જવાનું વહેલુંવહેલું જરૂર મળે. અને તેઓ ન જાય તો મને સોળ વરસનો થયા પછી પણ જવા ન દે. એટલે ઉપરનો ફેંસલો મને ગમ્યો.

હવે નિશાળમાં પણ અમારા ભણતરનું મીંડું જ રહ્યું. અમે તો ઇચ્છતા હતા કે હવે બાપુજી વર્ગો બંધ કરી દે તો સારૂં અમે પ્રસ્તાવ પણ કર્યો. પરંતુ બાપુજીએ સંભળાવી દીધું કે 'એમ ભણતર બંધ કરવું ન પોસાય. જેલ જનારાના જેલ ગયા પછી પણ જે બહાર રહે તેમણે તો નિશાળ ચાલુ રાખવી જ જોઇએ. કોઇ શીખવનાર ન હોય તો છોકરાઓ ભેગા બેસી એકબીજાની મદદથી ગણિત ચાલુ રાખે. છોકરાઓએ કાચી ઉમરે ગણિત શીખવાનું આળસ એક પણ દિવસ ન કરવું જોઇએ. નાની ઉમરે ગણિત પાકું થઇ જાય તો બીજું બધું મોટી ઉમરે પણ શીખી શકાય.'

પરંતુ બાપુજીની શિખામણ હવામાં રહી જતી. અમારો કોઇનો જીવ ભણવામાં હતો જ નહિ. અમારૂં ભણતર ચોપડીઓની બહાર જ ચાલતું. આખા દક્ષિણ આફ્રિકામાં ફરી લડત જાગતાં કેટકેટલા વીરો પુડચા છે. એની ગણતરીઓ ચાલતી. ફીનિક્સની બહારની મને પોતાને કશી ખબર ન હતી. પણ મારી ચોમેર ચાલતી વાતોનો સાર આ હતો: 'જેલ જવાની બે વારની લડતમાં જેમતેમ હિંદીઓએ રંગ રાખ્યો ખરો, પણ ત્રીજી વારની લડત ઉપડે તો બધા યે ફસકી જવાના છે. વારે ઘડીએ જેલ જઇજઇને પોતાના માંડમાંડ જામેલા વેપારધંધાને કોણ ધૂળધાણી કરી નાખે? શેઠીઆઓ શું કે ફેરીઆઓ શું, વરસોના વરસથી ચાલતી આવેલી આ હાડમારીથી કંટાળી ગયા છે. હાથે કરીને હાડમારી વહોરી લેવા હવે ભાગ્યે જ કોઇ તૈયાર થવાનું. બાપુજી લડાઇ ઉપાડશે અને બીજા બધા બેઠાબેઠા જોયા કરવાના.

પોતાની આંગળી ન ચવાઇ જાય એટલી ચીવટ રાખી ધે, એટલા વાદવાદ કરશે, પણ લડાઇમાં કૂદવાને ગણ્યાગાંઠ્યા માણસો યે તૈયાર નહિ થાય.'

જોહાનિસબર્ગના કેટલાક નીવડેલા સત્યાગ્રહીઓ અને અમારા ફીનિક્સના મૂઠીભર માણસો, બસ એટલા લોકો વડે જ લડાઇના મોરચા લેવાની હામ બાપુજીએ બાંધી હતી. અને આ વેળાની લડાઇ નાનીસૂની રમત નહિ પણ બહુ આકરી અને બહુ લાંબી થવાની અટકળ અમારે ત્યાં સૌ કરતા હતા. બાપુજીએ દરેક ફીનિક્સવાસીને સાચો મરજીવો બનાવી મૂક્યો હતો. કાચાપોચાને ફીનિક્સમાંથી વિદાય આપી દીધી હતી. બહુ જ થોડા પણ પૂરા બહાદુર દેખાતા લોકો જ ફીનિક્સમાં બાકી હતા.

સવાલ બાકી એટલો હતો કે માનનીય ગોખલેજીની દક્ષિણ આફ્રિકાની મુલાકાતની કંઇ પણ અસર આ ગોરાઓ ઉપર થશે કે મુદ્દલ નહિ થાય! સ્મટ્સ સાહેબ પોતે આપેલો કોલ પાળશે કે એમાંથી છટકી જશે? પાર્લમેંટમાં બે વાર તો ઠરાવો મુલતવી રહ્યા, હવે એ મુલતવી રહ્યા વિના બધી વાતનો નિકાલ થઇ જશે ખરો? આવા સવાલોના અંત ઉપર ત્રીજી લડતનો નિર્ણય થવાનો હતો; એટલે કેપટાઉનથી આવતા વાયુમાં પણ શી ગંધ છે એ જાણવા ફીનિક્સમાં નાનાથી મોટા સૌ ઉત્સુક હતા.

એ દિવસોમાં જો સ્ટેશને બે વાર ફેરા ખાવાની જરૂર પડે તો તે પણ હું હોશેહોશે કરતો. એક દિવસ બપોરે હું ટપાલ નાખવા સ્ટેશને ગયો અને સ્ટેશન માસ્તરને ટપાલ સોંપીને પૂછ્યું કે 'કંઇ લઇ જવાનું છે?' ત્યારે તેમણે થોડા કાગળ અને છાપાં મારા હાથમાં મૂક્યાં અને કહ્યું કે 'મિ. ગાંધીને કહેજે કે કેપટાઉનથી તમારા પર જનરલ સ્મટ્સનો ત્રણસો શબ્દનો તાર છે. એ ડરબન આવ્યો ત્યારે મને ત્યાંથી પૂછાવ્યું કે એ તાર હમણાં મોકલવો કે નહિ? મેં એ અત્યારે સ્વીકાર્યો નથી, મને અત્યારે ઘણું કામ હોવાથી પાંચ વાગ્યે ટ્રેનમાં જ મેં તે મગાવ્યો છે.'

મને થયું કે એ તાર લઇને જ હું જાઉં, કારણ પાંચ વાગવાને દોઢ બે કલાકથી વધુ વખત થાય એમ ન હતું. પણ મારી ધીરજ ન રહી. મને ખબર હતી કે એ તારની આજ ચાર દિવસ થયાં આતુરતાથી રાહ જોવાય છે. એ તાર આવ્યો છે એ વધામણી ખાવા હું તો તરત દોડતોદોડતો આશ્રમમાં પહોંચ્યો. હાંફતા હાંફતાં બાપુજીને શોધવા લાગ્યો. બધા વિદ્યાર્થીઓ મારી આસપાસ વીંટળાઇ જઇ પૂછવા લાગ્યા, 'શું છે?' 'શું છે?' પણ હું શાનો જવાબ દઉં? મારી પહેલાં એ લોકો વધામણી ખાઇ જાય તો? બહાર ક્યાંય બાપુજીને ન જોયા એટલે હું કોઇને દાદ દીધા વિના સીધો છાપખાનાના દફતરમાં ગયો અને કહેવાનું કહ્યું. વાત વીજળી વેગે બધે પ્રસરી ગઇ. ત્રણસો શબ્દના તાર ઉપર આખી સંસ્થામાં ચોતરફ ચર્ચા થવા લાગી. એનો સાર એ હતો કે 'એટલો લાંબો તાર છે એટલે કંઇક ગોળ ગોળ જ હોવો જોઇએ ચોકખી હા હોય તો તો ટૂંકમાં જ વાત પતે.'

સાંજની પ્રાર્થના પહેલાં ત્રણસો શબ્દનો એ તાર આવી પહોંચ્યો. બાપુજીએ એ વાંચ્યો ને લડત શરૂ કરી દેવાનું નક્કી કરી નાખ્યું. પ્રાર્થના થઇ ગયા પછી બાપુજીએ મારી બા પાસે 'વૈદર્ભી વનમાં વલવલે, અંધારી છે રાત;' એ પદ ગવડાવ્યું. એ ગવાઇ રહ્યું એટલે બધાને સાવધાન કરી બાપુજીએ કહ્યું:

'હવે જેલ જવાનો દિવસ આવી પહોંચ્યો છે. ત્યાં જવું એ રમત વાત નથી. આખો દિવસ પથરા ફોડવા પડશે. કઠણ જમીન ત્રીકમથી ખોદવી પડશે ને બાંવડાં ભરાઇ આવશે. ખાવામાં બહુ વેઠવું પડશે. સ્વાદ તો કોરે રહ્યો, પણ દાળ ચોખા બફાઇ આવે એ જો સ્વચ્છતાથી રંધાયા હોય તો તેટલું યે ભાગ્ય સમજવું. અપવાસ કરવાના પ્રસંગો પણ આવ્યા વિના નહિ રહે. અને અપવાસ કરતાં છતાં મજૂરી કરવાની ના નહિ પડાય. શરીર બેભાન થઇ પડી જાય ત્યાં સુધી કામ કરવાનું છોડી શકાશે નહિ જ. આ બધી વાતો કહી જાઉં છું કારણ કે તમે હજી ફરીને એના ઉપર વિચાર કરો. જેટલો વિચાર કરવો હોય એટલો આજે કરી લો. જેલમાં ગયા પછી ત્યાંનાં દુઃખ ન સહેવાય અને આંખમાં આંસુ આવે તેના કરતાં આજે ન જવું એ જ સારૂં. આજે જો સોળ જણા જવા તૈયાર છે એને બદલે દસ જ જણ જાય અને બીજા બધા રોકાઇ જાય તો મને કંઇ ખોટું લાગવાનું નથી જ. પણ એક વાર જેલમાં ગયા પછી ગમે એટલાં વર્ષ લડત લંબાય તો પણ એક

વાર જેલમાં જઈ આવી બીજી વાર જવાને નાહિંમત થઈ જાઓ તો કામ ન આવે. એવી રીતે રણમાંથી પાછાં પગલાં ભરવા કરતાં જવું જ નહિ એ વધારે સારૂં છે.' સાવધાન કરવાને બાપુજી આટલા શબ્દો બોલી રહ્યા પછી દસેક મિનિટ સુધી બધે શાંત ગંભીર વાતાવરણ ફેલાઈ ગયું. બધા ઊંડા વિચારમાં પડી ગયા. અને બાપુજી દરેક જણની ચર્ચા નિહાળવા લાગ્યા.

કોઈ કંઈ બોલ્યું નહિ, એટલે થોડી વાર રહીને બાપુજી એકે એકે કરીને દરેકને પૂછવા લાગ્યા. દરેકનું મન કેટલું દૃઢ છે એનો તાગ કાઢવાને કસીકસીને —પોતાની બધી બૅરિસ્ટરીનો ખર્ચ કરીને—ઉલટા-સુલટી પ્રશ્નો પૂછ્યા. જેનેજેને સારૂં સ્વાદભર્યું ખાવાનું જોઈએ છે એમ બાપુ જાણતા હતા તેને ખાવાનો ટેસ કરવા બહાર રોકાઈ જવા કહ્યું; જેને કામમાંથી છટકી જવાની વૃત્તિ રહેતી તેને પણ જેલ જવાનું માંડી વાળવા ચેતવ્યા તથા અતિસ્વમાન જાળવનારા અતિમાનીઓને જેલમાં જઈ તુંકાર ખમવાને બદલે સ્વમાન જાળવી રાખી બહાર જ રહી પડવાની ભલામણ કરી. એમ લલચાવી, ફોસલાવી દબાવીને દરેક જણ કેટલા પાણીમાં છે એ જાણી લીધું. બાપુજીના લલચાવ્યાથી કોઈએ પોતાનો આગલો નિર્ણય ફેરવ્યો નહિ. ઉલટો વધુ દૃઢ થઈ ગયો.

વિદ્યાર્થીઓનો વારો પૂરો થયો એટલે બાનો ને બીજાં બૈરાંઓનો વારો આવ્યો. મારી બા તથા કાકીને એક એ વાત પણ કહી કે 'આ વખતે જેલમાં જઈને પાછાં આવો ને તમને એમ જણાય કે અમારાં છોકરાં રખડી પડ્યાં છે, અને એ જોઈ જેલમાં બીજી વાર જવાનું ટાળવા માગો, તો એ નહિ ચાલે. એના કરતાં આ વખતે જ ન જવું. તમારાં છોકરાંઓની સંભાળ લેનારાં તમે જ છો એમ નથી માનવાનું. ઈશ્વર તેમની સંભાળ રાખવા બેઠો છે. તમે સો ચાડ રાખશો તો પણ ઈશ્વરને છોકરાંની જે વલે કરવી હશે તે તો તે કરશે જ. તમે એમને રઝળતાં મૂકી દેશો તો પણ ઈશ્વર તેમને સંભાળશે અને તેમનું તમે કરી શકો તેથી હજારગણું ભલું કરશે. માટે તમે છોકરાંઓના મોહ આડે કર્તવ્ય ચૂકો તે સારૂં ન કહેવાય. આ બધો વિચાર દરેક જણ સાત વાર કરીને જેલ જવા નીકળજો. હોડે હોડે ન નીકળતા.

આમ રાતના મોડે સુધી ચર્ચાઓ ચાલ્યા પછી જેલમાં જતી વખતે મુસાફરીમાં કઈકઈ ચીજ સાથે રાખવી અને કઈકઈ ન રાખવી એની ચર્ચા ચાલી. 'ચાકુ ઘડીઆળ વગેરે ન લઈ જવાં જોઈએ, કારણ જેલમાં દાખલ થતાં એ રાખી મૂકવામાં આવે, પણ પાછા નીકળીએ ત્યારે એ આપવામાં નથી આવતાં વગેરે વાતો ચાલતી હતી; આ બધી સાથે મારે તો કંઈ લેવાદેવા હતી જ નહિ. હું તો કાલે બધા જેલમાં જશે એની ખુશાલી સાથે પથારી ભેગો થયો અને મારી ઉંમર નાની છે એટલે કાલે તો મારાથી નહિ જવાય, પણ ચાર વર્ષ પછી હું પણ જેલમાં જઈ શકીશ એવી આશાઓના તરંગો કરતો કોણ જાણે ક્યારે નિદ્રાદેવીની જેલમાં પુરાઈ ગયો.

(ચાલુ)

પ્રભુદાસ છગનલાલ ગાંધી



મેંદીના પાન

જેનો ખરો રંગ જો લાગશે તો સદા તમારા આત્માને સોહાવી રહેશે

શ્રીમંતોને દેખી ગરીબોને યાદ કરશો તો તેમની ઈર્ષ્યા નહિ થાય.

કર્મ વિનાનું પાંડિત્ય જીવનરહિત દેહ સમાન છે.

આંધળાની પાછળ થોડે દૂર જવા કરતાં દેખતાની પાછળ વર્ષો વીતી જાય એટલે દૂર જવું પડે તો તેનો પશ્ચાત્તાપ ન કરશો.

જ્ઞાન અને ધ્યાન એક ન થાય ત્યાં સુધી માળાના જાપ નિરર્થક છે.

મજૂરી કરતાં શરમ આવે તેને મજૂરોના પ્રસ્વેદથી તૈયાર થએલું અનાજ આરોગવાનો અધિકાર નથી.

પાપ અને પુણ્ય એ શબ્દો મૂળથી જ ભય અને લાલચ બતાવે છે; ઈચ્છારહિત કર્મ વિના જ્ઞાન સ્વપ્નવત્ છે.

હપતો બાવીસમો જેમાં **મારી સફર**ની સમાપ્તિ થાય છે

હું દિલ્હીથી સીધો બરેલી ગયો. મારા મિત્ર પંડિતજી ઘોડાની લગામ પકડીને બારણા પાસે ઊભા હતા. 'અરે! કહાંસે નિકલ આયે?' કહેતાં તેમણે દોડીને મને બાથમાં લીધો.

લગામ છોડીને પંડિતજી મને ભેટવા દોડેલા. ઘોડો સમજ્યો કે આ સારો લાગ છે. પંડિતજી મને મળવામાં રોકાયા અને ઘોડો બઝાર તરફ ચાલતો થયો.

'પંડિતજી, ઘોડા જા રહા હૈ.' કોઇએ કહ્યું.

'અરે ઓ નાલાયક!' એવો બરાડો પાડતાં પંડિતજી ઘોડાને પકડવા દોડ્યા. ઘોડારામને પણ કંઇ ઓર જ સૂઝેલી; તે પણ ન પકડાવા દોડ્યો. 'જા બદમાશ' કહીને પંડિતજી પાછા વળ્યા.

'કેમ પાછા વળ્યા? ઘોડો ક્યાં જશે? મેં કહ્યું.

'ક્યાંય નથી જવાનો. કોઈ દિવસ નહિ ને આજે તેને મસ્તી સૂઝી છે. પકડવા જઇશ તો હઠે ચડશે. બઝારમાં રખડીને પાછો આવશે.'

બન્યું પણ એમ જ. ત્રણેક કલાક પછી ઘોડો બારણામાં આવીને હણહણ્યો.

બનારસથી સંદેશા આવી ગયા હતા. કે હવે કશી મુશ્કેલી નથી; મારે સુખેથી પાછા ફરવું. રખડપટ્ટીથી હું થાકી તો ગયો જ હતો. સાધનહીન માણસમાં આપોઆપ સંયમ આવી જાય છે. કદાચ તે પોતાને સંયમી માની પણ બેસે છે. એવા અશક્તિમાન સાધુઓની કસોટી સાધન કે મોકો મળી આવતાં થઇ જાય છે. સાધન મળ્યું કે એનો સંયમ ઊડી જાય છે અને એક લોલુપની પેઠે સાધનને વળગી પડે છે. મારો થાક આરામના સાધનના અભાવે દબાએલો પડ્યો હતો. થાક વિનાનો માણસ પરિશ્રમની પરવા કરે જ નહિ. થાકને ઊભા થવાનો મોકો નહિ મળ્યો હોવાથી જ મારામાં કંઇક શક્તિ ટકી રહી હતી. જેમજેમ થાકને આરામ લેવાની શક્યતાઓ ઓછી થતી ગઇ તેમતેમ એ શક્તિ સાહસને કેળવતી ગઇ. પરિણામે એક પ્રકારની દૃઢતા જન્મી. અભાવ અને અશક્તિ એક રીતે ઘણાં ઉપકારક છે. તેથી માણસોમાં સંયમનો ગુણ કેળવાય છે. સંયમ એ જીવનની શક્તિ છે.

મારી સફર સફરના રૂપમાં નહોતી. આવી પડેલી આફતનું એ પરિણામ હતું. મને તેમાંથી મળ્યું ઘણું. કદાચ સફર ખેડવાના શોખથી નીકળ્યો હોત તો એવી મઝા યે ન મળી હોત અને જીવનને ઉપયોગી એવો અનુભવ પણ થયો ન હોત. બોજો ઉપાડી જતો મજૂર આખી વાટ ગમે તેટલો વજન છતાં બોજાનું વહન કરે છે. નિશ્ચિત સ્થાન આવ્યા પછી તેને અરધો કલાક બોજો ઉપાડીને ઊભા રહેવાનું કહેવામાં આવે તો તેનાથી તેમ બનવાનું નહિ. તેના મતલબની હદ આવી ગઇ. સફરનો બોઝો પણ એ રીતે પડ્યો હતો. એને ઉતારી નાખવાનો વખત આવી ગયો. પછી શા માટે ભાર ઉઠાવું? ટિકીટ લીધી અને કાશીની ગાડી પકડી. વિવાહિતા યુવતી સાસરિયેથી માવતર જતી હોય એવો આનંદ મેં અનુભવ્યો. મેં ઘણાં શહેરો જોયાં. ઘણે સ્થળે થોડો ઘણો વાસ પણ કર્યો, છતાં કાશીના જેવું સ્થાન મને ક્યાંયે ન મળ્યું. મારી જન્મભૂમિ કરતાં પણ વધારે પ્રિય મને કાશી લાગતું હતું. વિદ્યાર્થીજીવનની મસ્તી મેં અહીં અનુભવી હતી. કોઇ પણ સ્થાન કરતાં અહીં મારે ગોઠિયા વધારે સંખ્યામાં હતા. વતનના પડોશીઓ જેવાં કુટુંબો સાથે સંબંધ બંધાયો હતો. હું ખરેખર કાશીવાસી બની ગયો હતો. પછી એ સ્થાન માટે મને આકર્ષણ કેમ ન હોય?

કાશીને સ્ટેશને ગાડી ઊભી રહી. ઓહ! પાછો હતો ત્યાં ને ત્યાં આવી ગયો. મુસાફરી તો એક સ્વપ્ન જેવી થઈ ગઇ. જે કષ્ટો અને યાતનાઓ સહ્યાં તે એક સ્મરણ માત્ર બની ગયાં. જાણે ઘણો વખત વીતી ગયો. માણસ એક પરિસ્થિતિમાંથી બીજીમાં મૂકાતાં પહેલીને આમ ભૂલી જાય છે.

એક અઠવાડિયું તો મિત્રોને અને ઓળખીતાઓને મળવામાં જ ગયું. ગુજરાતમાંથી વડીલ ભાઇના કેટલા યે વખતના પત્રો આવી પડ્યા હતા. મારો જવાબ કે પત્તો નહિ મળવાથી તેઓ ગભરાયા હતા. કેટલાં યે સ્થળોએ પૂછાવી ચૂક્યા હતા કે મારૂં શું થયું છે! ભાઈનું ચિંતિત હૃદય અને સહોદર પ્રેમ

એ પત્રોમાંથી હું વાંચતો હતો. જ્યારે 'આ પત્ર પૂ. બા લખાવે છે. તેઓ તારૂં નામ યાદ કરે છે અને રૂએ છે.' એવી પહેલી જ લીટી એક કાગળમાં વાંચી મારી આંખોએ આંસુનો બંધ ખુલ્લો મૂકી દીધો. બાળપણના બાના ખોળામાં રમેલા દિવસો યાદ આવ્યા. આજ આઠ આઠ વરસથી એ માતાએ પોતાના પુત્રનું મોં નથી જોયું. મૂઠી જેટલાં સૂકલકડી હાડકાંનો કુમળો દેહ લઈને ઘેરથી ભાગી નીકળ્યો હતો. આજ તો એનાથી પાંચગણું શરીર છે. એ વખતનું દયામણું મો! માતાએ તો એ જ મોં સ્મૃતિમાં રાખ્યું હશે ને

મારા મિત્રનો ત્રણ વર્ષનો નાનો કલુ મારી પાસે દોડતો આવ્યો. એક અઠવાડિયામાં તો એ મારો પ્રિય મિત્ર બની ગએલો. એ નવરો પડે એટલે મારી પાસે જ હોય. હું શું કરૂં છું તે જોવા ધીમેથી સામે આવ્યો. મારી આંખોમાં આંસુ અને કંઠમાં ડુસકાં જોઈ સાંભળી દોડતો પાછો ગયો અને તેના પિતાજીને લઈ આવ્યો. તેનો અવાજ હજી પણ કાનમાં ગુંજે છે: 'દેખો, બાબુજી કેસે રોતે હેં?'

'કેમ ભાઈ, શું છે?' મિત્રે મારા હાથમાં કાગળ જોઈને કંઈ અશુભ વાત હોય એવું ધાર્યું

'કંઈ નથી. મારાં બા આ કાગળ લખાવે છે.'

'તો ભાઈ, પાગલ છો? જાને, જઈ આવ. બિચારી મા કેટલી દુઃખી થતી હશે?'

આ મિત્ર નહિ પણ વડીલ ભાઈ સમા હતા. જે દિવસે એમણે મને પોતાને ઘેર બોલાવેલો તે દિવસે કહેલું 'તુમ ઇસે અપના હી ઘર સમઝો. ઘરકે સબ તુમ્હારે અપને હી ભાઈબહન હેં. તુમ્હેં ઇસ ઘરમેં હર તરહકી છૂટ હે.'

અને એ ઘરમાં એક ભાંડુ માફક કેટલાંક વર્ષોથી હું ત્યાં રહેતો આવ્યો હતો. કાશી તો ખાસ મલાજો પાળનારૂં નગર છે. સારા ઘરની વહુ-દીકરીઓ સામે કોઈ પણ પુરુષ ઊભો ન રહી શકે તો મારા જેવા પરદેશીને તો એ યોગ મળે જ શાનો? છતાં સ્વજન કરતાં પણ વધારે છૂટથી આ કુટુંબમાં રહ્યો. મિત્રનાં વૃદ્ધ માતાજી તો એટલાં પ્રેમાળ હતાં કે હું ન જમું ત્યાં સુધી રાહ જોઈને બેસી રહે. મિત્રે જઈને માતાજીને કહ્યું. તેઓ આવ્યાં.

'કયોં રે સેવા કરે કે બદે નિકસલ હોવા? બાલ દેખલી તોહાર સેવા? અપન જનની કે એસન તલસાવત હોવા?'

બનારસી હિંદીમાં આ વૃદ્ધ માતાને બોલતાં સાંભળી હું ઠંડો થઈ ગયો. મેં નિર્ણય કરી લીધો કે આ અઠવાડિયામાં જન્મભૂમિ અને જનનીનાં દર્શન કરવા ઉપડી જવું. ભાઈને કાગળ પણ લખી નાખ્યો.

રવિવારની ગાડી પકડવાનું નક્કી કર્યું. શનિવારની સાંજ હતી. હું મારૂં પોટલું તૈયાર કરીને શું લઈ જવું તે વિચારતો હતો એટલામાં માતાજી આવ્યાં.

'કા હો, તોહાર દિલ નાહીં ભરલ કા?' બોલ્યાં.

'કયોં અમ્માં?'

'કોનૂ સિપાહી બહરવાં આયલ હો. કાહે કે અબ ઝઘડા સરપર લાદત હોવા?'

'નહીં અમ્મા! મૈંને તો અબ સબ કુછ છોડ દિયા. કયા બાત હે?'

'જાય કે દેખા. સિપાહિયા તો કે બુલાવત હો'.

એ વળી સિપાઈ કોણ? બેઠકમાં જેલખાનાનો સિપાઈ બેઠો હતો. તેના પહેરવેશથી જ હું ઓળખી ગયો. 'કેમ?' મેં પૂછ્યું.

'આ ચિઠ્ઠી છે.' તેણે ચિઠ્ઠી આપી.

મારો એક મિત્ર કોઈ કારણસર પકડાયો હતો. આરોપ ગંભીર હતો. સાચ જૂઠ તો રામ જાણે. એ વખતે હું કાશીમાં નહોતો. તેણે જેલમાંથી ચિઠ્ઠી લખી હતી.

ભાઈને બીજે જ દિવસે કાગળ લખી દીધો કે હમણાં મારાથી નહિ અવાય. મિત્રનો બચાવ કરે એવું કોઈ હતું નહિ. તેનું આખું જીવન સેવાના સિપાહીનું હતું. એના જેવા જુવાનોની ચરણપૂજા એ મારે મન વીરપૂજા છે. અમે એક થાળીમાં જમ્યા હતા. જેને હું મારૂં માનું એના માટે બધું કરી છૂટવાની મારી આદત છે.

લગભગ એક વર્ષ સુધી મુકદમો લંબાયો. મારાથી બનતું બધું કર્યું મિત્રના ભાગ્યમાં શહીદી લખી હતી તેને ફાંસીની સજા થઈ. મેં આંસુ ભીંજેલો કાગળ તેને પહોંચાડ્યો. તેનો જવાબ તેણે લખ્યો. તેના થોડા શબ્દો લખ્યા વિના નથી રહી શકતો.

'જેને ઝુમાવતાં હું જરા યે ગભરાતો નથી

દુઃખી થતો નથી તે માટે તું શા માટે વિચલિત થાય છે? મારામાં અત્યારે કોઈ અજબ ચેતના જાગી છે. કાલે મારા ગળામાં ફાંસીનો ફંદો પડશે. આ ગુલામ જિંદગીનો અંત આવશે. સુખદ સ્વપ્નની સિદ્ધિ માટે મારો આત્મા નવું બળ પ્રાપ્ત કરવા સૂક્ષ્મ જગતમાં પાછો જશે. તું જોજે, હું આ મૃત્યુથી કેટલો સુખ અનુભવું છું! મારો મૃત દેહ તું જોજે. ફાંસી પરથી ઉતાર્યા પછી મારા ચહેરા પર હાસ્યની રેખાઓ તું જોઈ શકીશ. આપણે ગાતા હતા કે,

બુઝદિલોં કો સદા મોત સે ડરતે દેખા;
વીરોં કો હમને સદા હંસકે હી મરતે દેખા.

બીજાને આપણે ઘણીવાર બુઝદિલ કહેતા. આજ મારે માટે ખરી કસોટીનો પ્રસંગ છે. જન્મજન્મની એ કસોટી છે. ધન્યભાગ જેનાં હોય તેને જ આવો પ્રસંગ પ્રાપ્ત થાય. બીજાને બુઝદિલ કહેવાનો મને હક્ક હતો કે નહિ તે કાલે સમજાશે.'

ફાંસીનું કાર્ય સમાપ્ત થયા પછી મુસ્લિમ જેલર આંખો લૂછતો બહાર નીકળ્યો અને બોલ્યો, 'બહુતોં કો ફાંસી કી રસ્સી પર મૈંને લટકતે દેખા હૈ, મગર ઐસે હંસ કરકે અપને હાથસે ફાંસી કા ફંદા અપને ગલેમેં ડાલને વાલા નહીં દેખા.'

ફાંસીના તખ્તા પરથી દેહ નીચે ઉતાર્યો ત્યારે મંદ હાસ્ય નિશ્ચેતન મુખ પર છવાઈ રહ્યું જોયું.

એ જ સાંજે હું ગાડીમાં બેસી ગયો. સવારમાં આગ્રા પહોંચ્યો. ઊગતા રવિનાં કિરણો તાજમહાલના ઘુમ્મટ પર પડતાં હતાં. તેથી જાગ્રત થઈને પ્રતિબિંબ રૂપે મૃત્યુનો અફસોસ બહાર આવતો દેખાયો. મોતથી હારી ગએલા માનવીની આહનું એ તાજમહાલ ચિહ્ન છે. નાશવંત દેહનું પોતાને કંઈ જ જ્ઞાન નથી એ બતાવવા જાણે માનવીએ પરીક્ષા આપી હોય! એવા લાખો તાજમહેલો આ પૃથ્વીએ પોતામાં સમાવી દીધા છે એની શાહજહાંને ખબર નહિ હોય.

ગાડી જેમજેમ આગળ જતી ગઈ તેમતેમ હું વધુ ને વધુ અજાણ્યા પ્રદેશમાં જતો હોઉં એમ મને લાગ્યું. સવારમાં પાલણપુર આવ્યું. "શું છે" શબ્દ સંભળાયો. આ જ મારી માતૃભાષા? અરે એમાં આટલી બધી મિઠાશ? કોઈ સ્વાભિમાની ગુજરાતીને આ નહિ રુચે, પણ મારી એ ફરિયાદ હજી કાયમ છે.

મોટા ભાઈ દક્ષિણામૂર્તિની એક ગ્રામશાળામાં શિક્ષક હતા. ત્યાં ગયો અને તેમની સામે ઊભો રહ્યો તો તેઓ મને ઓળખી ન શક્યા. દસ વરસે બીજી આંખે અમારું ભરતમિલન થયું. મારાં બા ગામડામાં ઘેર હતાં. જ્યાં બાળપણમાં ખૂબ રમ્યો ફર્યો ત્યાં પહોંચ્યો તો બધું જ ફરી ગએલું દેખાયું. પણ પાદરમાં જે પીપર પર ચડીને હું પેપડીઓ ખાતો એ પીપરને એવી ને એવી જોઈ. ભાઈ પાછળ ચાલ્યો જતો મને ગામનાં બધાં જોઈ રહ્યાં. પંદર વર્ષની નીચેનાં બાળકોને તો હું ઓળખી ન જ શકું. ઘરડાંઓને ઓળખતો ગયો તેમ બાળપણની સ્મૃતિઓ તાજી થતી ગઈ. પણ કોઈએ મને ન ઓળખ્યો. ઘરના આંગણામાં પેસતાં જ મારાં બા સામે મળ્યાં. ભાઈની સાથે હું પણ કોઈ મહેમાન આવ્યો હોઈશ એમ સમજ્યાં. જ્યારે હસીને મેં પગમાં પડી દંડવત્ કર્યાં અને ડુસકાં ખાધાં ત્યારે ઓળખી ગયાં અને બાથમાં લઈને હર્ષથી રોયાં.

ગુજરાતમાં દસ વર્ષે આવ્યો. માતૃભાષા તો કેમ ભૂલાય; પણ શબ્દો ભૂલાઈ ગયા હતા. બોલું તો હિંદીની છટાથી. કેટલા શબ્દો હિંદીના વાપરું છું તે હું જ કળી શકતો નહોતો. સાંભળનારા હસતા ત્યારે મને સમજાતું કે હું બોલવામાં ભૂલ કરું છું.

બેએક મહિના ઘેર રહ્યો, પણ હું મુંઝાઈ ગયો. ભાઈને કહી દીધું કે હું પાછો કાશી ચાલ્યો જઈશ. તેઓ ગભરાયા. માંડમાંડ આવ્યો છું અને જતો રહીશ તો હાથથી જઈશ. ઘણું સમજાવ્યો, પણ મારું મન ઊંચું જ રહ્યું. કાશીની ટિકીટ લઈ લીધી. કાશી જઈને એક અઠવાડિક પત્રની વ્યવસ્થા શરૂ કરી. બધી તૈયારી થઈ ગઈ, પણ કોઈ પ્રેસવાળો છાપવા તૈયાર ન થાય. મારા પહેલાંના પત્રથી બધા ડરી ગયા હતા. કડક લખાણ છાપવા કોઈ તૈયાર નહિ. ઘરનું પ્રેસ થઈ શકે એમ નહોતું. ત્રણ મહિના નીકળી ગયા. ભાઈના ઉપરા ઉપરી કાગળો આવવા લાગ્યા. નાની બેનનાં લગ્ન કરવાનાં હતાં. મારા વિના નહિ થાય એમ લખ્યું એટલે ન છૂટકે પાછો વળ્યો.

હવે નિર્ણય કર્યો કે ગુજરાતમાં જ રહેવું છે. પણ કામ શું કરવું? મારું ક્ષેત્ર અહીં ન મળે. કોઈની સાથે પરિચય નહિ. જેવીતેવી નોકરી કરવા જેવું

માનસ નહિ. દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનવાળા શ્રી નાનાભાઈએ મને મળવા બોલાવ્યો. તેમને મળ્યો. તેઓ મને સમજી શક્યા કે નહિ તે તેઓ જાણે, પણ મને લાગ્યું કે તેમને હું સમજાયો નથી. 'સૌરાષ્ટ્ર' વાળા શ્રી કકલભાઈ કોઠારીને મળ્યો. તેમણે મને તંત્રી વિભાગમાં રોક્યો. કામ કર્યું. મનેં તે ફાવ્યું પણ ખરૂં; પણ મન ઠોળ્યું નહિ. એક વર્ષ બાળકોના પાક્ષિક 'ગાંડીવ'માં શ્રી નટવરલાલ વીમાવાળા સાથે ગાળ્યું. તેમના પરિચયથી મને સંતોષ હતો, પણ નછૂટકા કારણસર છૂટો થયો. પૂ. મોતીભાઈ અમીનને મળ્યો. એક જ પરિચયે અમે બંને પરસ્પર એકબીજાને સમજી ગયા. તેમની પાસે કામ કરવાનું મેં સ્વીકાર્યું. એ મહાનુભાવ વ્યક્તિની છાયામાં મને શાંતિ મળી. મારી વૃત્તિઓની અને ભાવનાની તેમણે કદર કરી.

પૂજ્ય અમીન સાહેબ થોડા જ માસ પૂર્વે જગત છોડી અમર શાંતિ ભોગવવા ચાલી ગયા. અને તેમણે સોંપેલું કાર્ય પણ બંધ થયું. એમના જેવો કસોટીકાર મને કોણ મળે! આજે વિચારૂં છું કે હવે મારે શું કરવું? મારા અનુભવો અને કર્મયોગ જ્યાં દોરી જાય ત્યાં જવું એ જ નિશ્ચય છે.

મેં કદી હાર માની નથી. વ્યવહારના ક્ષેત્રમાં પણ દલનાથી આગળ ધપવા તૈયાર છું.

આ મારી સફર. બધું જ હું નથી લખી શક્યો. બાકી રાખ્યું છે તે વખત આવ્યે લખીશ. રખડ્યો, ભટક્યો, કષ્ટો સહ્યાં, પણ એ બધામાંથી મેં જે અપૂર્વ આનંદ મેળવ્યો છે તે વિરલ છે. એની સ્મૃતિ સુખદ બની ગઈ છે. યુવાનીનો ખરો આનંદ મેં મેળવ્યો છે.

મસ્ત હૈં, આઝાદ હૈં, પરવાહ કુછ નહીં,
આફતોંસે ખેલતે હૈં, આહ કુછ નહીં.

જીવરામ જોષી

Our Friends Abroad

અમેરિકામાં પત્રવ્યવહાર કરવા જેવા મિત્રો, (ગતાંકથી ચાલુ)

Mr. A. L. Reimer,
2296 Clybourn Ave., CHICAGO, Ill. (U.S.A.)

પત્રવ્યવહારમાં રસ ધરાવતા આ યુવકને ટિકીટો સંઘરવાનો શોખ છે. દરેક કાગળનો જવાબ આપવાની ખાતરી આપે છે. હાલમાં ૧૫ ફૂટની એક સેઇલ-બોટ તૈયાર કરે છે.

Mr. Alfred Noro, (18)
7215 Tilden St., PITTSBURG, Pa., (U.S.A.)

૧૮ વર્ષનો, ઊંચો ભૂખરી આંખોવાળો આ તરુણ તેનાથી વધારે ઉમરના મિત્રો જોડે પત્રવ્યવહાર કરે છે ત્યાંની સ્કૂલો, રીતરીવાજો, ઉદ્યોગો, રમતો વિષેનો કાંઈપણ જવાબ આપશે.

Mr. Gordon Bang, (14)
201 N. Kentucky AMARILLO Texas, (U.S.A.)

ફોટોગ્રાફી અને ટિકીટો સંઘરવાનો શોખ ધરાવતો આ તરુણ સીધા સ્વભાવનો છે.

Mr. James Culhave
400½ Lowell St., PITTSBURG, Pa. (U.S.A.)

Mr. Ralph George Martin,
1306 West Chestnut St., BLOOMINGTON
Illinois (U.S.A.)

૮ વર્ષથી ટિકીટો સંઘરે છે. ૫૦૦૦ જુદી જુદી જાતની ટિકીટો સંઘરી છે. યુનાઈટેડ સ્ટેટ્સની ૮૦૦ ટિકીટોનો તો ખાસ જુદો સંગ્રહ છે. શિકાગો ઘણીવાર જાય છે, ત્યાંને વિષે ઘણુંવધું લખવાનું વચન આપે છે. જો કોઈને ત્યાંની સ્ટૅમ્પ કલબના મેમ્બર થવું હશે તો તે મૅગેઝિનમાં તેનું નામ આપશે. દરેક પત્રના જવાબ આપવાની ખાતરી આપે છે.

Harold V. Pini (15)
17, Lindall St., Roslindale
MASSACHUSETTS (U.S.A.)

૧૫ વર્ષનો તરુણ પત્ર લખવે શૂરો જણાય છે. લખે છે કે:

My greatest ambition in life is to visit India Ever since I was a little boy I used to love to hear about this great mystifying country. My dear father used to read me stories about Rajahs, and Magicians who used to wander about streets and since then I have been wanting to go and someday I hope my dream may come true.

Woodrow B. Brovost ૧૮ વર્ષ
IOWA Lusiana (U.S.A.)

પરદેશમાં ગણાયા સ્ટેટમાં અને ન્યુઝીલાંડમાં બે પત્ર-મિત્રો કરી ચૂકેલા છે અને હિંદમાં ત્રીજો મિત્ર શોધે છે. ૫ ફૂટ ૫II ઇંચની ઉંચાઈનો તરુણ છે, ૧૪૦ રતલનું વજન ધરાવે છે. તમાગ મહાની રમત, ઘોડેસ્વારીનો ખૂબ [illegible] છે. પોતાના પ્યારા લાલ ઘોડાના ખૂબ વખાણ કરે [illegible] પોતાના હાથે તેને થોડી સાકર ચટાડે છે.

બા ળ વિ ભા ગ

પંચતંત્રની વાર્તાઓ

એટલે દમનક પિંગલકને એકલો જોઈને એની પાસે ગયો. પિંગલકે પૂછ્યું, 'કેમ હમણાં દેખાતો નથી?' દમનક કહે, 'દેવચરણને અમારું કામ ન હોય ને શું આવવું? તથાપિ એક વાત જાણીને છાના રહેવાય એમ નહોતું એટલે કહેવા આવ્યો છું. આ સંજીવક રાજદ્રોહી બન્યો છે. એણે મને કહ્યું કે "આ પિંગલકની શક્તિમાં સારઅસાર કેટલું છે તે હવે જોઈ લીધું છે, એટલે હવે એને હણીને રાજ લઈશ."'

આ વજ્ર જેવું દુઃસહ વચન સાંભળીને પિંગલકને કઠોર આઘાત થયો, એની મતિ મૂંઝાઈ ગઈ ને એ કાંઈ બોલ્યો નહિ. એનો આકાર જોઈને દમનક કહે, 'મહારાજ, એક મંત્રી પ્રધાન બને એનું આ પરિણામ છે. હવે તો એ એકેએક કામમાં સ્વેચ્છાએ વર્તે છે.'

સિંહ કહે, 'ભદ્ર, તોપણ એના ઉપર મને ખાર આવતો નથી. અનેક દોષથી દુષ્ટ હોવા છતાં દેહ કોને પ્રિય નથી? ભલે એ પીડા કરે તોપણ જે પ્રિય છે તે પ્રિય જ રહે છે.'

દમનક કહે, 'એટલે જ આપદા આવી પડી છે. સ્વામીએ સર્વે પશુઓને આઘા કરી આના ઉપર આસ્થા બાંધી એટલે આ હવે સ્વામિત્વ વાંછે છે.'

સિંહ કહે, 'તે હશે, પણ સંસદમાં જેને પૂર્વે ગુણવાન્ કહ્યો હોય એને જ નિર્ગુણ કહેતાં પ્રતિજ્ઞાનો ભંગ થાય એટલે આપણી જીભ કેમ ઉપડે? બીજું મેં આને શરણાગત જાણીને અભયવચન આપ્યું છે તે મારો દ્રોહ કેમ કરે?'

દમનક કહે, 'મૃગેન્દ્ર, દુર્જનની નિત્ય સેવા કરીએ તો પણ તે સીધો ન બને. કૂતરાની પૂંછડીને શેકિએ, તેલ લગાડીને મર્દન કરીએ, રાંઢવાથી વીંટીએ, ને બાર વર્ષે છોડિએ તો પણ વાંકી ન મટે, અને વિષવૃક્ષને અમૃત સીંચિએ તો પણ એને મીઠું ફળ ન આવે. એટલે મારું હિતવચન સ્વામીએ ઓળંઘવું નહિ. સાંભળો:

વાઘવાનરસર્પોનું કહ્યું જો મેં કર્યું નહિ।
તો મને નાખિઓ મારી દુર્વિનીત નરે અરે॥

પિંગલક બોલ્યો, 'એ કેમ?' દમનક કહે છેઃ

*કથા ૧૧

કોઈ સ્થાનમાં યજ્ઞદેવ નામે બ્રાહ્મણ હતો. દરિદ્રતાની મારી એની બ્રાહ્મણી નિત્ય એને કહેતી, કે 'હે નિરુત્સાહ કઠોર હૃદયના બ્રાહ્મણ, છોકરાં ભૂખે વલખાં મારે છે એ તમે જોતા નથી, તે નિશ્ચિન્તપણે બેઠા છો? ગમે એટલો પન્થ કરીને પણ આજે સારું ખાવાનું મેળવવાનો ઉપાય કરો.' સ્ત્રીનાં વચનથી કંટાળીને બ્રાહ્મણ લાંબે પંથે નીકળ્યો, અને થોડેક દિવસે એક મોટા વનમાં પેઠો. ત્યાં એને તરસ લાગી, એટલે પાણી ગોતતાં ગોતતાં ઘાસથી ઢંકાયેલો મોટો કૂવો એના જોવામાં આવ્યો. એમાં જુએ છે તો વાઘ વાનર સર્પ તથા માણસને કૂવામાં દીઠા, અને એ બધાએ એને જોયો. એને જોઈને વાઘ બોલ્યો, 'હે મહાશય, પ્રાણિરક્ષાથી બહુ ધરમ થાય છે, એટલે મને કૂવામાંથી કાઢ, જેથી હું મિત્રપુત્રકલત્ર આદિ સ્વજનને જઈ મળું.'

બ્રાહ્મણ કહે, 'તમારું નામ લેવાતાં પણ સર્વ પ્રાણીઓને ભય ઉપજે છે, એટલે હું તમારાથી બિહું છું.'

વાઘ ફરીથી બોલ્યો,

'બ્રહ્મહત્યા સુરાપાન વ્રતભંગાદિ પાપનાં
પ્રાયશ્ચિત્ત કહ્યાં સંતે કૃતઘ્નને નહિ નિષ્કૃતિ॥

એટલે મારાથી ત્રાસો મા, અને મને કાઢો.' તેથી બ્રાહ્મણે પોતાના ચિત્તમાં વિચાર કર્યો કે, 'પ્રાણીના પ્રાણની રક્ષા કરતાં વિપત્તિ આવી પડે તો તે શ્રેયસ્કર છે.' એમ કહીને એણે વાઘને કાઢ્યો.

એવી જ રીતે વાનરને યે કાઢ્યો, એટલે સર્પ કાલાવાલા કરવા મંડ્યો ને કહ્યું, 'અમે જેને તેને કરડવા સ્વતંત્ર નથી, આદેશ વિના અમે ડંખ નથી દેતા.' એટલે એને પણ કાઢ્યો.

---

* પૂર્ણભદ્રસૂરિ નામે જૈન સાધુએ शरबाणतरणिवर्षे रविकरवदि फाल्गुने तृतीयायाम्। (સં. ૧૨૫૫માં) પંચતન્ત્રનો જીર્ણોદ્ધાર કર્યો એની ઉમેરેલી આ વાત છે.

પછી એ બધા બોલ્યા કે 'માણસ પાપમાત્રનું ઘર છે, એટલે એને કાઢતા નહિ, ને એનો વિશ્વાસ કરતા નહિ.' વળી વાઘ કહે, 'આ બહુ શિખરવાળો પર્વત દેખાય છે એને ઉત્તર પાસે મારી ગુફા છે ત્યાં મારા ઉપર અનુગ્રહ કરીને એકવાર આવજો, એટલે હું તમારા ઉપકારનો પ્રત્યુપકાર કરીશ, તથા તમારા ઋણથી મુક્ત થાઇશ.' વાનર કહે, 'ત્યાં જ ગુફા પાસે ઝરણા આગળ મારો વાસ છે, ત્યાં પધારજો.' અને સર્પ કહે, 'દુઃખ પડે ત્યારે મને સંભારજો.' એમ કહીને એ ત્રણે પોતપોતાને માર્ગે ગયા.

હવે કૂપસ્થ પુરુષ ફરી ફરીને સાદ કરે છે, કે 'હે બ્રાહ્મણ, મને પણ કાઢ.' એને પોતાના પક્ષનો જાણીને બ્રાહ્મણે એને કાઢ્યો, એટલે એણે કહ્યું, 'હું સુવર્ણકાર છું ને ભૃગુકચ્છમાં વસું છું. જો સોનું કાંઇ ઘડાવવું હોય તો મારી આગળ આણજો.' એમ કહીને એ ચાલતો થયો.

બ્રાહ્મણ બહુ ભમ્યો પણ એને કાંઇ પ્રાપ્તિ થઈ નહિ, એટલે ઘેર પાછો આવવા નીકળ્યો. આવતાં આવતાં વાનરને મળ્યો એણે તેને અમૃત જેવાં સ્વાદિષ્ટ ફળ આપ્યાં. પછી વાઘ આગળ ગયો તો કોઇ રાજપુત્રને એણે માર્યો હશે તેના શરીર ઉપરથી એણે ઉતારી લીધેલો કંઠો એણે બ્રાહ્મણને આપ્યો. બ્રાહ્મણને થયું કે કંઠો વેચવામાં સુવર્ણકારની સહાયતા લીધી હોય તો ઠીક. એમ કરીને એ સોની આગળ ગયો ને કંઠો તેને બતાવ્યો. સોનીએ જોયું તો રાજકુમાર સારૂ પોતે જ ઘડી આપેલો કંઠો હતો. એટલે તેણે રાજકુળમાં જઇને તે રાજાને બતાવ્યો. કંઠો બ્રાહ્મણ પાસેથી નીકળ્યો એમ જાણતાં રાજાએ વિચાર્યું કે એ દુરાત્માએ જ મારા પુત્રને મારી નાખ્યો હશે એટલે એણે રક્ષક પુરુષોને બ્રાહ્મણને બાંધી રાત વીત્યે શૂળીએ ચડાવવાની આજ્ઞા કરી.

બંધનમાં પડેલા બ્રાહ્મણે સર્પનું સ્મરણ કર્યું. સંભાર્યો ભેળો સર્પ એની પાસે આવ્યો, એટલે બ્રાહ્મણે એને પોતાને બંધનથી મૂકાવવા કહ્યું. સર્પ કહે, 'હું રાજાની રાણીને ડંખ મારીશ, અને મોટા માન્ત્રિકો મંત્ર જપે, તથા વૈદ્યો વિષનાશન પ્રયોગ કરે તોય ઉતરીશ નહિ. પણ તારા હાથનો સ્પર્શ થાય એટલે ઉતરી જઇશ અને તું છુટી જઇશ.' આમ પ્રતિજ્ઞા કરીને એ રાણીને કરડ્યો, એટલે રાજકુલમાં હાહાકાર થઈ ગયો, અને આખું નગર આકુળ વ્યાકુળ થઈ




પછી વાઘ, વાનર અને સર્પ ત્રણેએ કહ્યું કે 'માણસ પાપમાત્રનું ઘર છે એટલે એને ન કાઢતા.'

ગયું. કંઇક ગારુડિકતાંત્રિકને બોલાવ્યા પણ કોઇના ઉપચાર ફાવ્યા નહિ, એટલે સાદ પડાવ્યો તે સાંભળીને બ્રાહ્મણે રાણીને વિષમુક્ત કરવાનું માથે લીધું. એથી બ્રાહ્મણને છોડીને રાજા આગળ લઈ ગયા, ને એણે રાણીને હાથ લગાડ્યો એવી જ તે આળસ મરડીને બેઠી થઈ.

રાજાએ બ્રાહ્મણને બહુ માન આપ્યું, ને કંઠો કેમ એના હાથમાં આવ્યો તે પૂછ્યું. બ્રાહ્મણે વાત કરી એટલે રાજાએ સોનીને દંડ્યો તથા બ્રાહ્મણને ૯૯૯ ગામ આપીને મંત્રી બનાવ્યો, અને એણે ખાધું પીધું ને રાજ કર્યું. એટલે હું કહું છું: 'વાઘવાનરસર્પો નું' ઇતિ.

(ચાલુ) વાલજી ગોવિંદજી દેસાઈ



ચિત્ર રમત ૧

¶ આ એક બદમાશને પકડવાનો કોયડો છે, ને સાથેસાથ ત્રણ જણા રમી શકે એવી રમત પણ છે. ત્રણમાંથી એક જણ પોલિસ થાય, બીજો ડીટેક્ટિવ ને ત્રીજો બદમાશ. ¶ ચિત્રમાં સંખ્યાના ચકરડાં મોટાં ગામો ને શહેરો બતાવે છે, ને એ ચકરડાંને જોડતી લીટીઓ એમને જોડતા રસ્તા બતાવે છે. ¶ પહેલાં તો ચકરડાંના માપનાં જ, પૂંઠાના ત્રણ ગોળ કકડા કાપી કાઢો ને પોલિસવાળા ઉપર 'પો', ડીટેક્ટિવવાળા પર 'ડી' ને બદમાશવાળા પર 'બ' અક્ષરો લખી કાઢો. પછી રમત શરૂ કરો. એ શરૂઆત વખતે બદમાશ ૮ નંબરના શહેરમાં હોય છે, જ્યારે ડીટેક્ટિવ ને પોલિસ અનુક્રમે ૧ ને ૯ નંબરના શહેરોમાં. એ બંને ત્યાંથી બદમાશને ઘેરી લેવા એક પછી એક શહેરે ફરતા જાય છે, જ્યારે બદમાશ પણ એમને થાપ આપવા પોતાનો મુકામ બદલતો રહે છે. થોડાંમાં થોડાં સ્થાનો બદલી જલદીમાં જલદી બદમાશને પકડી પાડે એટલા પોલિસ ને ડીટેક્ટિવ વધુ ચાલાક. એટલું ધ્યાનમાં રાખવાનું કે દર વખતે એક જ ચકરડું બદલવાનું છે ને એ બદલાવતી વખતે ચકરડાંને જોડતી લીટીઓ પર જ આગળ વધવાનું છે.

આ મહિનો (જૂન) . . . . અને એની પ્રતિભા

તા. ૧ ભારત પર વર્ચસ્વ ધરાવનાર ઇસ્ટ ઇંડીઆ કંપની તૂટી-ઇ. ૧૮૭૪ • • લૉર્ડ ઍસ્કિવથ અને લૉઇડ જ્યૉર્જના મતભેદને કારણે બ્રિટનના લિબરલ પાર્ટી પડી ભાંગી-ઇ. ૧૯૨૬

તા. ૨ અંગ્રેજો સામે શીખ સત્તા તરફથી મોરચો માંડનાર મુલતાનના અગ્રણી સેનાપતિ મુલરાજને ફાંસીની સજા-ઈ. ૧૮૪૯. પાછળથી એ સજા આજન્મ દેશનિકાલમાં ફેરવાઇ. • • 'ટેસ દુબરવિલે'ના મહાન અંગ્રેજ લેખક ટૉમસ હાર્ડીનો જન્મ-ઇ. ૧૮૪૦

તા. ૪ કલાઈવના ભોળવેલા મીરજાફરે નિમકહરામ થઇ બંગાળાના નવાબ વિરુદ્ધ અંગ્રેજોને સહાય કરવાની સંધિ કરી-ઇ. ૧૭૫૭

તા. ૧૦ આયરિશ પાર્લામેન્ટની છેલ્લી બેઠક-ઇ. ૧૮૦૦

તા. ૧૭ ભારતના અંતિમ ગવર્નર જનરલ ને પ્રથમ વાઇસરૉય લૉર્ડ કૅનિંગનું અવસાન-ઇ. ૧૮૬૨

તા. ૨૦ સિરાજુદ્દૌલાએ કલકત્તામાંથી અંગ્રેજોને કાઢયા-ઇ. ૧૭૫૬

તા. ૨૨ જર્મનીએ માર્ક્સવાદીઓને રાષ્ટ્રદ્રોહી જાહેર કર્યા-ઇ. ૧૯૩૩

તા. ૨૫ પૂનામાં ગાંધીજી પર બૉંબ ફેંકાયો-ઈ. ૧૯૩૪

તા. ૨૬ મોધીરથી વળતાં હુમાયૂંને શેરશાહે બકસર નજીકના છપરઘાટ મુકામે હરાવ્યો-ઇ. ૧૫૩૯ • • ઈસ્ટ ઇંડીઆ કંપનીના ડીરેક્ટરોએ નવો પટો મેળવવા અરજી કરી-ઇ. ૧૭૮૧ • • હિંદમાં સોનાની કરન્સી ઑફિસની સ્થાપના-ઇ. ૧૮૯૩

તા. ૨૯ બંગાળના મહાકવિ માઇકેલ મધુસૂદન દત્તનું અવસાન-ઈ. ૧૮૭૩ • • હિંદના સમર્થ કેળવણીકાર શ્રી આશુતોષ મુકરજીનો જન્મ-ઈ. ૧૮૬૪

તા. ૩૦ અંગ્રેજોએ બ્રહ્મદેશ સાથે સંધિ કરી-ઈ. ૧૮૪૩ • • ફ્રાન્સે તમામ ર્‌હાઇનલૅન્ડ જર્મનીને ખાલી કરી આપ્યો -ઇ. ૧૯૩૦



આ માસની વિભૂતિ
શ્રી આશુતોષ મુકરજી

ઈ. ૧૮૬૪ના જૂનની ૨૯મી એ કલકત્તાના ભવાનીપુર પરામાં શ્રી ગંગાપ્રસાદ મુકરજીને ત્યાં જન્મ. એમનો બાંધો ખૂબ નબળો રહેતો તેથી પરીક્ષામાં સારૂં પરિણામ ન આવતું. એમને એ ખૂંચ્યું ને વ્યાયામથી શરીર બરાબર જેવું કર્યું. એમની બુદ્ધિ તો એવી કુશાગ્ર હતી કે શાળામાં ચાલતા બર્નાર્ડ સ્મિથના અંકગણિતમાં તેમણે ભૂલો કાઢી તે પ્રકાશકને મોકલી આપી, અને તેણે તે સઘળી સ્વીકારી, આભારના બદલામાં સુંદર પુસ્તકો મોકલાવ્યાં.

બી.એ. અને એમ. એ ની પરીક્ષાઓમાં પહેલા આવીને એમણે આઠ હજાર રૂપિયાનું ઈનામ ને સોનાનો ચાંદ મેળવ્યાં. ૨૪ વરસની ઉંમરે તો એ એમ.એ.ના પરીક્ષક નીમાયા! આ અરસામાં જ કેળવણીના પ્રશ્નો ઉપર એમણે મંથન આદર્યું એમને લાગ્યું કે પરીક્ષાની પદ્ધતિ પ્રજાના અંતરનું સાચું હીર બાળી નાખે છે. યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં બંગાળી ભાષા દાખલ કરાવવા પણ એમણે પ્રયત્નો કર્યા.

ત્યાર બાદ એમણે વકીલાતમાં ઝંપલાવ્યું ને કાયદાનો અભ્યાસ આદરી સર રાસબિહારી ઘોષ જોડે તેનો વ્યવહારૂ અનુભવ લેવા માંડયો. ધીમે ધીમે એમણે પોતાની નામના જમાવી ને છેવટે વડા ન્યાયાધીશ નીમાયા. આમ સરકારી અમલદાર થતાં રાજપ્રકરણી બાબતોમાં એ ન ઝંપલાવી શકયા, પણ સ્વતંત્રતા ને સ્વમાન પર એ સંપૂર્ણ મુસ્તાક રહ્યા. કેળવણીની બાબતમાં તો એ સરકારને પણ ચોકખું સંભળાવી દેતા.

રાજકારણથી અલિપ્ત રીતે તો એટલી ભિન્નભિન્ન પ્રવૃત્તિઓમાં એ પડેલા હતા કે તેઓ આપણને એક નહિ પણ અનેક લાગે એશિયાટિક સોસાયટીના, કલકત્તા મ્યુઝીઅમના અને બંગીય સાહિત્ય પરિષદના એ પ્રમુખ થયા હતા. કેટલીક વખત મ્યુનિસિપાલિટીના અને ધારાસભાના સભ્ય હતા. સંસ્કૃત ભાષાના પરીક્ષક મંડળના અને મહાબોધિ સોસાયટીના પ્રમુખ હતા. વળી બંગાળાની 'મૅથેમૅટિકલ સોસાયટી'ના સ્થાપક પણ એ જ હતા. એ પરથી એમની પ્રતિભા કેવાં જુદાંજુદાં ક્ષેત્રોમાં વિહરતી હતી તેનો ખ્યાલ આવશે.

પણ એમના જીવનનો કીર્તિમુકુટ તો કલકત્તા યુનિવર્સિટી જ. એ યુનિવર્સિટીના અને આશુતોષની જીવનકથા જુદાં નથી. પોતાની બુદ્ધિ અને શક્તિ, તેમનાં કહેવા પ્રમાણે એમના અભ્યાસના, કુટુંબના અને મિત્રોના આનંદનો ભોગ તેમણે એ યુનિવર્સિટીને ધરાવ્યો છે. આઠ વરસ સુધી તેના કુલનાયક તરીકે એ તેના સુકાની રહ્યા હતા એ વખતનાં એમનાં ભાષણોમાંથી વિદ્વત્તા ને રાષ્ટ્રપ્રેમ ભારોભાર નીતરે છે. ઇ. ૧૯૨૪ના મે મહિનાની ૨૫મીની સાંજે હોજરીના રોગથી પટનામાં તેમનું અવસાન થયું અનેક કુલપતિઓ અને કુલનાયકો આવશે અને જશે, પણ આશુતોષ મુકરજીનું નામ તો એ યુનિવર્સિટીના ઇતિહાસ સાથે વજ્રલેપ બની ચૂકેલું છે. આપણે ઇચ્છીએ કે ગુજરાત યુનિવર્સિટીનું આપણું સ્વપ્નું સાર્થક બનાવવા એવી જ કોઇ યશોભાગી પ્રતિભા આપણામાં પ્રગટે.



મધુકરી

પ્રહાર કરી પાડશો, મૃદુલ હસ્તથી તોડશો,
ખરેલ અથવા તમે સમયનાં ફળો વીણશો;
ઉદારદિલ વૃક્ષ તો સકળ રીતથી આપશે,
પરંતુ તહીં આપના હૃદયની પરીક્ષા થશે.

મહાકવિ પોતન્ના

મુસલમાનોનું આક્રમણ આ દેશમાં ચારે તરફ ફેલાઇ ચૂક્યું હતું ને ભૌતિક જીવનથી પરાજિત ને વંચિત હિન્દુ જાતિને અલૌકિક શક્તિની આરાધના સિવાય બીજો કોઇ આધાર ન હતો ત્યારે, ઇ. ૧૫૦૦માં આંધ્ર દેશના કડપા જિલ્લાના ઓટિમિટ્ટા ગામમાં એક બાળકનો જન્મ થયો. એનું નામ પોતન્ના. ગરીબીમાં લપેટાઇને જ એ આ સંસારમાં આવેલો. નિર્ધનતા એનો પરંપરાગત વારસો હતો. આખો દિવસ હળ ચલાવી અરધે ભૂખ્યે પેટે પડી રહેવું એ એના બાપદાદાઓની રસમ હતી. ઘૂંટણ સુધી પહોંચતી ફાટીતૂટી ધોતડી એની વેશ-ભૂષા હતી. પણ આ બાળક એ અકિંચન પરિવારમાં ધૂળથી પરિવેષ્ટિત એક હીરો હતો. કોઈ ગુરુકુલમાં અભ્યાસની એને તક નહોતી મળેલી. ઘર પર રહીને સ્વાધ્યાયથી જ શાસ્ત્રો, પુરાણો, વેદો આદિનું સમ્યક્ જ્ઞાન પ્રાપ્ત કરેલું, કારણ પઠન-પાઠન કરતાં પેટની ચિંતા એને વધુ હતી, હળ જોડવું અનિવાર્ય હતું.

આ ગરીબી જ પોતન્નાને અમર કરી ગઇ. એણે જ પ્રકૃતિના બારીક અન્વેષણ દ્વારા એનો માર્ગ સાફ કર્યો.

ભેંસો ચરાવતાં મળેલો એક વેરાગી એનો ગુરુ. એના ઉપદેશે પોતન્નાને સરસ્વતી-ઉપાસનામાં રતિ જન્માવી. એનામાં સહજ પ્રતિભા હતી ને એ પણ એવી ઉજ્જ્વલંત કે કાળ ને પરિસ્થિતિઓ પર પણ વિજય મેળવવાનો એણે સફળ પ્રયાસ કર્યો. એના પૂર્વકાલીન અને સમકાલીન કવિઓમાં એક પોતન્ના જ એવા પાક્યો જેણે કદી રાજ્યાશ્રય ન શોધ્યો. આશ્રિત વ્યક્તિને કંઈ ને કંઇ ચાટુકારી કરવી જ પડે છે. પોતન્ના એવા સિદ્ધાંતવિહીનોમાંનો એક ન હતો.

છતાં પરિસ્થિતિ વારંવાર પછાડ ખાવા છતાં હાર કબૂલ નથી કરતી, પોતાના શિકારને પરાસ્ત કરવાની જિદ નથી છોડતી, છંછેડાએલા સાપ જેમ દંશ આપવાને તલપાપડ જ રહે છે. શિકારનાં આંસુ તો એની વિનોદની સામગ્રી બની જાય છે. કહેવાય છે કે પોતન્નાના જીવનમાં પણ એવી વિકટ ઘડી આવેલી જ્યારે સ્વાભિમાનના ભવ્ય પથેથી ખસવાનું મન થએલું. ભૌતિક જીવનની દબાઈ રહેલી ઉદ્દામ આંકાક્ષાઓ જાગી ઊઠી ને પોતાની રમણીય કૃતિને બગલમાં મારી એ રાજ્યાશ્રય શોધવા નીકળી પડેલો. પણ આત્માભિમાન હુંકારી ઊઠ્યું. પગ આગળ ન વધ્યા. હૃદય વિક્ષુબ્ધ બની ઊઠ્યું. એક બાજુ પત્ની ને સંતાનની દુર્દશા અંતસ્તલ હલમલાવી રહી હતી, તો બીજી બાજુ તપ:પ્રસૂતા વીણાપાણી સરસ્વતીનો આર્ત ધ્વનિ કાનમાં ગુંજી રહ્યો હતો. આખરે ભૌતિક બાજુને એણે પરાભૂત કરી. એ પરમ પુનીતા ગિરાને આશ્વાસન આપતાં એણે લખ્યું છે, 'મારી મા, હે ભારતી! વ્યાકુલ ન થા, રો નહિ, મા! મારા ક્ષણિક વિલાસને માટે હું એ નરાધમ, અત્યાચારી રાજાઓના કલુષિત હાથોમાં તને નહિ વેચું. વિશ્વાસ રાખ. કાજળ આંજ્યાં નેત્રોથી તું તારો પાલવ શા માટે ભીંજવી રહી છો?'

એ સમયે સારા ભારતમાં મુસલમાનોની બોલબાલા હતી. આંધ્ર રાજાઓનો સૂર્યાસ્ત થઇ ચૂક્યો હતો. એ આંધ્રોના ગત વૈભવને યાદ કરતાં જ પોતન્નાનું સુપ્ત હૃદય જાગી ઊઠ્યું. સમયના આઘાતે આળસમાં ડૂબેલી એની પ્રતિભાને ધક્કો મારી સચેત કરી. ભક્તિભાવ પૂરિત એના હૃદયમાં ખ્યાલ આવ્યો, શા માટે હું મારી માતૃભાષાને ઉન્નતશીર્ષ ન બનાવું? અને એણે ત્રણ મહાગ્રન્થો લખી કાઢ્યા—નારાયણશતક,

વીરભદ્રવિજય અને મહાભાગવત. એમાંથી યે એનો મુખ્ય ગ્રન્થ તો મહાભાગવત જ છે, જે આજ પણ એની એટલી જ યશવ્યાપ્તિ કરી રહ્યો છે. વીસ હજાર શ્લોકોના પાયા પર એણે એમાં ત્રીસ હજાર પદ્યોનો અંબરચુંબિત રમણીય પ્રાસાદ બનાવી મૂક્યો છે.

હિંદીના ભક્તિ સાહિત્યમાં જે સ્થાન તુલસી ને સૂરનું છે, ગુજરાતીમાં જે સ્થાન નરસૈં ને દયારામનું છે, એ જ સ્થાન આંધ્ર સાહિત્યમાં પોતન્નાનું છે. સૂરે તો પોતાના કૃષ્ણને જીવનના વિભિન્ન માર્ગોથી હટાવી, ગોપિકાઓ વચ્ચે જ રસલોલુપ બનાવી દીધો, પણ પોતન્નાનો કૃષ્ણ તો મર્યાદા પુરુષોત્તમ રામની સમાન જ માનવજીવનનો પૂર્ણ પ્રતિનિધિ રહ્યો છે. કૃષ્ણને એવા રૂપમાં ચીતરવાની ચેષ્ટા કરવાની પ્રમાણિકતા હિંદના બીજા કોઇ ભક્ત કવિએ નથી કરેલી. સામયિકતાની ધૂનમાં પોતન્નાએ ચિરંતન સત્યને વિસારે નથી પાડેલું, ને એ જ એની મહત્તા છે.

આપણા ઇતિહાસનું કલંક

આપણા ઇતિહાસની તો દયા ખાવા જેવું છે. આપણા શાહીવાદી શાસકોની ભેદનીતિએ આપણી શાળાઓને આપણા રાષ્ટ્રના સાચા ઇતિહાસથી અસ્પૃશ્ય જ રાખી છે ને આપણા વૃત્તપત્રો ને વ્યાસપીઠોએ પણ એ બાબતમાં મૌન સેવી એ જૂઠાણાંનું વાતાવરણ કાયમ રાખ્યું છે. એનું પરિણામ પાધરૂં જ છે. આપણો રાષ્ટ્રાત્મા, આપણું ગૌરવ કદી ઊર્ધ્વમુખ ન બને એવી ચૂડ એને ગળે બેસી ગઇ છે જે આપણા વિકાસ કે સુધારણાને કદી ગતિમાન નથી થવા દેતી.

આપણા ઉપર બ્રિટિશો કેટલાં વર્ષથી રાજ્ય કરે છે એનો યે સાચો જવાબ કોઇએ નથી આપેલો. આપણા ઇતિહાસો શીખવે છે કે ૧૮૦ વર્ષથી તેઓ આપણા પર શાસન ચલાવે છે. ૧૭૫૭ના વરસથી તેઓ બ્રિટિશ અમલની શરૂઆત ગણી લે છે. આ કેટલું હડહડતું જૂઠાણું છે? પલાશીની જીતથી તો અંગ્રેજોએ આ વિશાળ રાષ્ટ્રનો એક નાનો સરખો ભાગલો જ મેળવ્યો હતો, ને તેનું યે વાસ્તવિક અર્થમાં સ્વહસ્તક શાસન ચલાવવા એમને બીજો એક દાયકો રાહ જોવી પડી હતી. એ યુદ્ધ બાદનાં બીજાં પચાસ વરસો સુધી યે હિંદુસ્તાનનો મોટો ભાગ અંગ્રેજોથી અલિપ્ત જ રહ્યો હતો. એ સમયથી તે ૧૮૫૭નાં આપણા સ્વાતંત્ર્યવિગ્રહ સુધીના સમયને શાણો ઇતિહાસકાર તો વિગ્રહો ને વિજયોનો સમય ગણાવે, પણ બ્રિટિશ શાસનકાલ તો નહિ જ. એટલે બ્રિટિશોનું હિંદુસ્તાનના સાર્વભૌમત્વનું ગૌરવ કોઇ રીતે ૮૦ વર્ષથી આગળ નથી જતું.

પણ આમ છતાં જે લાંબા લાંબા ગાળા આપણા ઇતિહાસમાં બ્રિટિશ અમલને આપવામાં આવે છે એનું પરિણામ એ આવ્યું છે કે આપણે માટે એક ભ્રમ ઊભો થવા પામ્યો છે કે હિંદુસ્તાનીઓ એ યુદ્ધવિરક્ત ને શરણપ્રિય પ્રજા છે. એ હમેશાં પરદેશી આક્રમકોને નમતી રહી છે. અને આ જૂઠાણું સહેલાઇથી ગળે ઊતરે એટલા માટે તેના પર રાજકારણ સાથે કંઈ લાગે વળગે નહિ એવું સાકરિયું પડ ચડાવી દેવામાં આવ્યું છે કે હિંદુસ્તાન જગતના સૌ દેશોમાં ચિંતનપ્રધાન દેશ રહ્યું છે! આ તદબીરપૂર્વક યોજી કઢાએલાં જૂઠાણાં સ્વીકારી લઇને આપણે આપણા ગુલામ માનસનું પ્રદર્શન કરીએ છીએ.

હિંદુસ્તાન યુદ્ધવિરક્ત દેશ છે એ કહેનાર માટે આ જડબાતોડ સવાલ છે કે પલાશીના યુદ્ધથી માંડીને એના ૧૮૫૭ના છેલ્લા ગૌરવાન્વિત ઉત્થાન સુધીમાં હિંદુસ્તાનીઓએ અંગ્રેજોને શ્વાસ ખાવા દીધો હતો? ત્યાર પછી બંગાળના ગળીવાળા સીતમગર સાહેબો સામેનો બળવો, ગઇ સદીના આઠમા દાયકામાં મહારાષ્ટ્રીઓનો બળવો એ બધા કયા અર્થમાં હિંદુસ્તાનની યુદ્ધવિરક્તિ બતાવે છે? અને એ અરસા પછી તો તરત મહાસભાનો મોરચો મંડાયો. વળી ૨૦મી સદીના આરંભમાં બંગાળના જુવાનોનું જહાલપણું કયાં અજાણ્યું છે?

શા માટે આ વાતો ઇતિહાસમાં નથી સ્વીકારાતી? કારણ આપણી રાષ્ટ્રીય જાગૃતિને ને આગેકૂચને આ હકીકતો વેગ આપવાની શક્તિ ધરાવે છે. આ વસ્તુસ્થિતિ કોઈ રીતે સહી લેવા જેવી નથી, અને હું તો કહું છું કે ભવિષ્યનો ઇતિહાસકાર અંગ્રેજોના હિંદ પરના વિશુદ્ધ અમલને ૧૮૫૭ થી ૧૯૦૦ સુધીના ગાળાથી કોઈ રીતે વધુ સમય ન આપે.

(મૉડર્ન રીવ્યુ) —રામમનોહર લોહીઆ

'ટાઇમ્સ'નો ઇતિહાસ

આપણે ત્યાં કોઇ પત્રનો ઇતિહાસ સ્વતંત્ર પુસ્તકમાં સંઘરાયો હોય એમ જાણમાં નથી. માત્ર કેટલીક વાર અમુક પ્રસંગને લીધે કોઇ પત્ર વિષે થોડી વિગતો જાણવા મળે છે—દા. ત. 'કુમાર'એ બાર વર્ષ પૂરાં કર્યાં ત્યારે 'કુમાર' વિષે અથવા બાબુ રામાનંદ ચેટરજીનાં પત્ની ગુજરી ગયાં ત્યારે 'મૉડર્ન રિવ્યુ' વિષે. ગમે તેમ, આપણે ત્યાં પણ પ્રજાનો ઇતિહાસ ઘડવામાં ફાળો આપ્યો હોય એવાં પત્રો છે—પછી તે દૈનિક કે માસિક કે અઠવાડિક હોય; એટલે નીચેની વાત રજૂ કરૂં છું અને ઈચ્છું છું કે આપણે ત્યાં કોઇ એક જ પત્રના ઇતિહાસ વડે સ્વતંત્ર પુસ્તક રચી શકાય એમ ન હોય તો એકથી વધુ પત્રોના નાના નાના ઇતિહાસ વડે એક સ્વતંત્ર પુસ્તક રચાય.

લંડનના 'ધ ટાઇમ્સ' પત્રનો હાલમાં ઇતિહાસ લખાયો છે ને તે પણ બે પુસ્તક ભરીને. બીજા પુસ્તકનું નામ 'ચીલો પાડનાર'— The Tradition Establisher રાખ્યું છે. કિંમત ૧૫ શિલિંગ. એમાં 'ટાઇમ્સ'નાં ચાળીશ 'નિખાલસ'— Frank વર્ષોનો ઇતિહાસ છે. એમાં 'રોકડું પરખાવવાની' નીતિથી 'ટાઇમ્સ'ને કોની ખફગી વહોરવી પડેલી તેની પણ

વાત છે. 'તાજ'ની એના પ્રત્યે અવકૃપા થએલી, રાણી વિક્ટોરિયાએ એને ક્રૂર કહેલું, પ્રિન્સ આલ્બર્ટે દુષ્ટ તરીકે નવાજેલું ને લૉર્ડ ક્લેરન્ડને એ બંનેથી આગળ જઈ રાણી વિક્ટોરિયાને લખેલું કે એનું તંત્ર ત્રણ ચાર અજ્ઞાન માણસો ચલાવે છે અને એ પત્ર નર્કનો ખ્યાલ આપે છે. પણ જે બનાવે ખૂબ ઉહાપોહ મચાવેલો તે તો ક્રીમીઆના યુદ્ધ દરમ્યાન એ પત્રની વલણથી બનેલો. એ યુદ્ધની શરૂઆતમાં જ 'ટાઇમ્સ'એ પત્રકારત્વના ઇતિહાસનો એક મહાન વિજય પ્રાપ્ત કર્યો. રશિયાના ઝારને અપાએલું બ્રિટનનું અલ્ટિમેટમ ઝારે 'ટાઇમ્સ'માં તેને એ અલ્ટિમેટમની 'ઑફિશ્યલ કૉપી' મળે તે પહેલાં વાંચ્યું! બીજું, ટાઇમ્સે માલ્ટા જનાર રક્ષકો જોડે પોતાનો એક બંગાલો રસેલ નામનો આયરિશ ખબરપત્રી મોકલ્યો. લશ્કરી સત્તાધીશોને તેની હાજરી પસંદ નહોતી અને તેને માત્ર નાના અમલદાર તરફથી જ નહિ પણ સૌથી મોટા અમલદારો તરફથી પણ કનડગત થતી. સ્કુટરિમાં તેણે પોતાનો તંબુ લશ્કરની હારમાં જ રોપ્યો. લશ્કરી અમલદારો વારંવાર એનો તંબુ ઉખેડી નાખતા પણ રસેલ ફરીથી એ લોકોની હારમાં નહિ તો તેમની ઘણી જ નજીકમાં પોતાનો તંબુ રોપતો. જ્યાં ખુદ્દ લડાઇ થતી ત્યાં એ હાજર રહેતો. થોડા જ વખતમાં એણે લશ્કરી અમલદારોમાં વ્યવસ્થાશક્તિની ઊણપ પકડી પાડી અને એ ઊણપ લશ્કરમાં એક પ્રકારની જડતા–Paralysisની સ્થિતિ ઉપસ્થિત કરશે અને લશ્કર પર મહાન આફત નોતરશે એમ એને સ્પષ્ટ લાગ્યું. આ બધા બનાવો દરમ્યાન એના હેવાલો તો 'ટાઇમ્સ' માં નિયમિત જણાતા હતા, એટલે તે વખતના (૧૮૪૧ થી '૭૭) 'ટાઇમ્સ'ના તંત્રી જોન ડીલેન જાતે શું બને છે તે જોવા ગયા. રસેલના અહેવાલો તેને સાચા લાગ્યા. લંડન પાછા ફરતાં જ તેણે સરકારને ઊધડી લેવા માંડી. પરિણામે તરત જ યુદ્ધભૂમિનાં દવાખાનાંની સ્થિતિ સુધારવા એક ફંડ એકઠું થયું અને સરકારને હોસ્પીટલોની સ્થિતિની તપાસ કરવા એક કમિશન મોકલવું પડ્યું. તે કમિશને જાહેર કર્યું કે તે આક્ષેપો સાચા હતા.

—અંબેલાલ નાયક

ફિન્લૅન્ડનો પ્રમુખ

• • • આવતી સાલનું ઓલિમ્પીક ક્રીડાંગણ જ્યાં રચાવાનું છે એ ફિન્લૅન્ડની પ્રાકૃતિક વિગતોથી વાકેફ થયા પછી (જુઓ કુમાર અંક ૧૮૦) આ થોડીક રાજકીય ચર્ચા પણ રસિક જણાશે. ચર્ચા એટલા માટે કે હમેશાં પ્રજાસત્તાને પુરસ્કારતા રહેલા એ દેશનું હૃદ્ એથી સમજાશે. ને રસિક એટલા માટે કે ઉત્તર યુરોપનાં નાના પ્રજાસત્તાકોમાંનો, ૩૫ લાખની વસતિ ને સઘન જંગલોથી સમૃદ્ધ એ દેશ, હિટલરે તેની પડોશનું મેમેલ લઇ લેતાં જગતની આંખે વધુ ચડ્યો છે.

ફિન્લૅન્ડનો પ્રમુખ ક્યૉસ્ટી કૅલીઓ આજે ત્રીજી વાર ત્યાંનો પ્રમુખ બન્યો છે, છતાં તેની પ્રજા તો તેને અવ્વલ કિસાન (The First Peasant) તરીકે જ સંબોધે છે; અને આમૂલ ખેતીપ્રધાન એ દેશને માટે એ સંબોધન વાજબી જ છે.

કૅલીઓ પણ પોતાના કિસાન ઘરાણા માટે મગરૂર છે. મધ્ય યુગના કોઇ ખેડૂત જેવી જ ઢળતી ભરાવદાર મૂછો એ રાખે છે. આજથી ૬૬ વર્ષ પર ઉત્તર ફિન્લૅન્ડના ઇક્યૂસ્કા નામના ગામમાં એનો જન્મ થએલો. ત્યાં ગામઠી નિશાળમાં ભણ્યા પછી છ વર્ષ માધ્યમિક શાળામાં કાઢ્યાં.

શાળા છોડીને સીધો એ ખેડૂત બન્યો. ખેતી ઉપરાંત પોતાના જિલ્લાની સરકારી બૅંકો ને સોસાયટીઓમાં તે ખૂબ રસ લેતો. એ વખતે જમીનદારો ખેડૂતોને અમુક સાલીયાણું અગાઉથી લઇ ખેતર આપી દેતા અને ધારે ત્યારે તેને છૂટો કરી શકતા. આ પ્રથામાં રહેલો અન્યાય કૅલીઓએ જોયો ને રાજકારણમાં ખેડૂતોના અવાજની તેને જરૂર જણાઇ. રાજકારણમાં ઝંપલાવવાનો એણે નિર્ણય કર્યો ને ૧૯૦૪માં તે પાર્લામેન્ટનો સભ્ય ચુંટાયો.

કૅલીઓને લાગ્યું કે સરકારમાં કિસાનનો અવાજ બળવત્તર બનાવવો હોય તો તેના હિતમાં રાચનારી એક પાર્ટી ઊભી કરવી જોઇએ. એ અનુસાર ૧૯૦૮માં એણે 'ઍગ્રૅરિયન પાર્ટી' ઊભી કરી, જે આજે ફિન્લૅન્ડની સૌથી બળવાન બે પાર્ટીઓમાંની એક છે. ૧૯૨૫, ૧૯૩૧ને છેલ્લે ૧૯૩૭માં ત્રીજી વાર પ્રમુખ ચુંટાયા પહેલાં બીજા પણ ઘણા જવાબદાર હોદ્દા તેણે સ્વીકારેલા છે. ખેડૂતોનું હિત સાચવતો ૧૯૨૨માં એણે પસાર કરાવેલો કાયદો આજે 'લેક્સ કૅલીઓ' નામથી જ ઓળખાય છે.

પૃથ્વીની કાયાપલટ–એક નવી યોજના

છેલ્લા પચાસ વર્ષમાં જગતે એવા તો ઈજનેરી ચમત્કારો જોયા છે કે પહેલી નજરે ગળે ન ઊતરે એવી કોઇ યોજનાને પણ તે અવિશ્વસનીય કહેવા તૈયાર નથી. પનામાની નહેર ખોદાઇ ત્યારે ઘણાઓએ આ શંકા ઊઠાવેલી કે આટલાંટિક ને પાસિફિકની સાગરસપાટી અસમાન હોઇ, નહેર ખોદાશે કે તરત પાસિફિકનાં પાણી તેમાં ધોધમાર રેલાઇ અકલ્પ્ય હોનારતો આદરી મૂકશે. એવું જ સુએઝની નહેર વિષે ને એવું જ સાઇરસ ફીલ્ડની આટલાંટિક આરપાર વીજળીક તારો મૂકવાની યોજના માટે બનેલું. પણ એ બધાની સફળતાએ માનવજાતિને હરકોઈ નવી યોજનામાં વધુ વિશ્વાસ મૂકતી કરી દીધી છે.

પૃથ્વીની કાયાપલટ માટે જે જે નવી યોજનાઓ પેશ કરાઇ છે તેમાં હર સોર્ગેલની યોજના સૌથી વધુ મહત્ત્વાકાંક્ષી છે. એ યોજના છે ભૂમધ્ય સમુદ્રને યુરોપ માટે પ્રવેગ (વીજળીક શક્તિ) પૂરું પાડતું અને આફ્રિકાના સહરાના રણને ભીનું બનાવતી નહેરોનું કેન્દ્ર બનાવી દેવાની.

જિબ્રાલ્ટર અને બોસ્ફરસ મુકામે બે પુસ્તા બાંધી દેવાય તો વીસ કરોડ હૉર્સ પાવર જેટલો પ્રવેગ (વીજળીક શક્તિ) આપતાં રાક્ષસી પાવર સ્ટેશનો ઊભાં કરી શકાય એમ એનું માનવું છે. કારણ કે ભૂમધ્ય સમુદ્રમાં આટલાંટિક ને કાળા સમુદ્રમાંથી સતત લાખો ટન પાણી ઠલવાતું જ રહે છે.

આ પ્રવેગ વડે યુરોપના જબરા વિસ્તારનાં યંત્રો ચલાવી શકાય ને સાથોસાથ સહરા માટે પંપિંગ મશિનરીમાં એનો ઉપયોગ લેવા જતાં એ આખું વેરાન ચમન બની જાય. બાકી આ પ્રવેગકેન્દ્રો ઊભા થતાં ભૂમધ્ય સમુદ્રનાં પાણી શોષાતાં જઇ અત્યંત ફળદ્રુપ એવા નવા નવા ટાપુઓ હસ્તીમાં આવતા જશે, જેથી વધતી જતી વસતીનો કોયડો આપોઆપ ઉકલી જશે ને આફ્રિકા સાથે ભૂગિ-સંધાન પણ સંધાશે.

સમુદ્રમાં ગર્ત થએલો ભૂમિભાગ મેળવવાનો અખતરો જાતે નવો નથી. હોલૅંડે ઝુઇડર ઝી સામે ને ઇટલીએ રોમ ને બ્રિન્ડીસી વચ્ચે વિસ્તરેલા પૉન્ટાઇન માર્શિસ સામે એ અખતરો આદર્યો જ છે. હોલૅંડની યોજના પાર પડતાં તેને સાડા પાંચ લાખ એકરનો નવો પટ મળશે ને ઇટલીને ૫૧૨૫ માઈલનો.

ઈંગ્લંડ દરિયામાં ડૂબતું જાય છે!

ઇંગ્લંડ ધીમે ધીમે દરિયામાં ડૂબતું જાય છે ને ત્યાંની પ્રજાને ભય રહે છે કે થોડી વધુ સદીઓ સુધી દરિયાની આ કામગીરી ચાલુ રહી તો આખું ઇંગ્લંડ જળશાયી બની જશે. એક વખતનાં એનાં આબાદ શહેરો આજે વામો ઊંડા પાણી નીચે આરામ લઇ રહ્યાં છે.

દાખલા તરીકે ડનવિચ ૧૪મી સદીમાં એમ સમૃદ્ધ બંદર હતું ને ત્યારબાદ ત્રણ સદીઓ સુધી તે આબાદ રહેલું. ઇસ્ટ ઍંગ્લિયાની એ રાજધાની નદી કાંઠે ચાર માઇલ કિનારાથી દૂર આવેલી. ધીમે ધીમે નગર અને દરિયા વચ્ચે ગીચ જંગલ વિસ્તરતું ગયું અને આજે એ જંગલ અને નગર બંને ગરક થઇ ગયા છે, જેની કશી નિશાની જ નથી રહેવા પામી.

વળી આજનું કૉર્નવૉલ આજથી છસો વર્ષ પર હતું એથી અરધા વિસ્તારનું જ રહ્યું છે. દરિયો એની સીમાઓ સંકોચતો જાય છે. એના અત્યારના ભૂમિછેડા ને તેથી ૨૫ માઇલ દૂર આવેલા સીલીના ટાપુ વચ્ચે ૧૪૦ ગામડાં ને વાસો પર આટલાંટિકનાં પાણી નિરંકુશ ખેલી રહ્યાં છે.

કેન્ટ, સસેક્સ વગેરે અનેક પરગણાની કિનારરેખા દરિયાનું ધીમે ધીમે છતાં સતત શરણું સ્વીકારતી જાય છે. ત્યાંનાં ઇતિહાસપુસ્તકો કહે છે કે ૧૩૯૯માં હેનરી ચોથો યૉર્કશાયરમાં રૅવનસ્પર મુકામે ઊતર્યો હતો. આજે એ રૅવનસ્પર માત્ર ડૂબકી મારનારાઓ કે સબમરીનો મારફત જ શોધી શકાય એમ છે.



તમાકુ

અમેરિકાનો નવો શોધાએલો ખંડ વસાવવા માટે વસાહતીઓ વધુમાં વધુ કોઇ ચીજથી આકર્ષાયા હોય તો તમાકુથી. જેમ્સ પહેલાથી, પોપ અર્બન આઠમાથી તથા જુદા જુદા દેશોના શાસકોથી તિરસ્કૃત થયા છતાં તમાકુનો પ્રચાર એટલો તો ફેલી ગયો હતો કે વધુમાં વધુ નફાકારક તેનો વેપાર બન્યો હતો. આજે યે એનો ફેલાવો ક્યાં ઓછો છે? અમેરિકા માથાદીઠ છ પૌંડ, બેલ્જિયમ ને મિસર પાંચ પૌંડ, ગ્રેટબ્રિટન ને ફ્રાન્સ ત્રણ પૌંડ તમાકુ આજે યે વાપરે છે! આ બહોળા પ્રચારને લઇ ફ્રાન્સ, ઈટલિ, સ્પેન વગેરે દેશોમાં તો તેનું વેચાણ સરકારે જ એકહથ્થુ લઇ લીધેલું છે.

આજે તો તમાકુનું વાવેતર ઉત્તરે સ્વીડનથી માંડી દક્ષણમાં ઠેઠ દક્ષણ આફ્રિકા સુધી બધા દેશોમાં પસર્યું છે, જો કે તેનું મુખ્ય ઉત્પાદક તો હજુ યે યુનાઇટેડ સ્ટેટ્સ જ રહ્યું છે. જમીન ને આબોહવાના સઘળા પ્રકારો તેને અનુરૂપ થાય છે, પણ એથી એની ફોરમમાં ન્યૂનાધિકતા આવે છે.

તમાકુનો છોડ ડાળીડાંખળાં વિના સીધા સોટા રૂપે જ ઊગે છે. એની ઊંચાઇ લગભગ છએક ફૂટ જેટલી હોય છે

ને ટોચ ગુલાબી રંગનાં ફૂલોથી ખચિત હોય છે. એને ભૂખરા રંગનાં અસંખ્ય બી આવે છે ને તે એટલાં તો ઝીણાં હોય છે કે એક છોડમાંથી લગભગ દસ લાખ જેટલાં ઊતરે છે

જમીનની નજીકનાં છોડનાં પાંદડાં ખૂબ મોટાં, કયારેક તો દોઢ ફૂટ લાંબાં ને છ ઇંચ પહોળાં હોય છે, પણ ઉપર જતાં એમનું કદ ઘટતું જાય છે. આને લઇને બધાં પાંદડાંને સૂર્યપ્રકાશની સરખી તક મળે છે. એ પાંદડાંની ગંધ એવી તીવ્ર હોય છે કે જનાવરો તેના ભણી ઢૂકતા જ નથી.

તમાકુની આદત પડવાનું કારણ તેમાં રહેલું નિકોટિન નામનું કેફી તત્ત્વ છે, અને તે ચાવનારા કે સૂંઘનારા કરતાં પણ પીનારા પર તેની બહુ બુરી અસર થાય છે. બીડી પીનારો જેમ વધુ ને વધુ ઘુંટીને દમ ભરતો જાય છે તેમ તેમ એ ધુમાડો ફેફસાંમાં વધુ ને વધુ શોષાતો જાય છે. અને ત્યાંથી કાર્બન ડાયોકસાઇડનો બોજો ઉતારી પ્રાણવાયુનો જથો મેળવવા આવેલાં રક્તકણો શ્વાસ સાથે આ શોષિત પદાર્થને યે શરીરના એકે એક ભાગમાં લઇ જાય છે.

મોં અને નાકની શ્લેષ્મકલાઓ તથા શ્વાસનળી અને સ્વરયંત્ર પર બીડીના ધુમાડાની બહુ ઉત્તેજક અસર થાય છે, અને એના ધુમાડામાં રહેલી ગરમીથી તેમાં વધારો થાય છે. સિગારેટ અરધી પીને ફેંકી દેવામાં આવે તો એ ધુમાડો એટલો ગરમ નથી રહેતો, પણ પોણા ભાગ સુધી પીવાતાં લગભગ ૧૪૦ ડિગ્રી ફારનહાઇટ સુધી પહોંચી જાય છે.

નિકોટિન લોહીના પરિભ્રમણ પર પણ અસર કરે છે. એનાથી શ્લેષ્મકલાઓની કેશભિત્તિઓ જડ બની જાય છે ને લોહીની ગતિ મંદ પડતાં અંગોને પૂરતું પોષણ નથી મળતું. આથી બ્લડપ્રેશર પરિણમે છે, નાડીઓના લગભગ ૧૦થી૨૦ ધબકારા વધે છે ને હ્રદય પર બોજો પડે છે.

ખૂબ બીડીઓ ફૂંકનારાના ઘાંટા ફાટી જાય છે, એટલું જ નહિ પણ શ્રવણેન્દ્રિય પણ કમજોર બને છે ને ઘણી વખત તેવા માણસો બિલકુલ બહેરા બની જાય છે.

અમેરિકાના કોઇ એક સુધારકે સિગારેટોને કફનના ખીલા તરીકે ઓળખાવેલી છે; ને ખરેખર, અકેક સિગારેટ તેના પીનારના કફનમાં અકેક ખીલાની ગરજ સારે છે.

પોપનગરી

ઈટલીના પાટનગર રોમના વાયવ્ય ખૂણે, ટાઇબર નદીને કાંઠે વૅટિકન નામની એક ટેકરી આવેલી છે. એના પર એક નગર વસેલું છે, જે વૅટિકન સિટી નામે ઓળખાય છે. ખ્રિસ્તી ધર્મના કૅથોલિક સંપ્રદાયના મુખ્ય ધર્મગુરુ પોપના સ્વતંત્ર સ્વામિત્વ તળે એ આવેલું હોઇ, દુનિયાના નાનામાં નાના રાજ્ય તરીકે પણ ગણી શકાય.

સ્વિટ્ઝર્લૅંડના ત્રણ કૅથોલિક મથકોથી ચૂંટાતા સ્વિસ સંત્રીઓ ચાર સદીઓથી આ પોપનગરીની રખેવાળી કરતા આવે છે. પાસપૉર્ટ સિવાય કે અમર્યાદિત પોષાકમાં કોઇને અંદર દાખલ થવા નથી દેતા. આ સંત્રીઓ સિવાય ૮૦ ખાનગી ઇટાલિયન સૈનિકોનું એક લશ્કર પણ ત્યાં રહે છે. એનો 'Guarda Nobile' ઉપરી ઇટાલિયન ઉમરાવોમાંથી ચૂંટવામાં આવે છે.

દુનિયાની એ શાંતમાં શાંત નગરી છે. તે એટલે સુધી કે બહારથી મુલાકાતે આવનારાઓ પણ ઊંચે અવાજે વાત કરવાની હિંમત કરતા નથી. શિસ્તનું ત્યાં પૂર્ણ પાલન કરવામાં આવે છે. સવારના છ વાગે એના દરવાજા ઉઘડે છે ને રાતે અગિયારે બંધ થાય છે.

નગરીમાં બહારથી આયાત થતા બધા માલ પર જકાત માફ છે, એટલે ત્યાં ખૂબ સોંઘવારી છે, પણ કશી વસ્તુ વેચવા માટે નગરીથી બહાર લઇ જવાની કે બહારથી અંદર લાવવાની સખ્ત મનાઈ છે. ને એમ કરનારને દંડવામાં આવે છે, કારણ વેચાણની સઘળી મોનોપોલી પોપના જ હાથમાં રહે છે.

નગરીનો મોટો ભાગ તો ખ્રિસ્તી સ્મારકો ને સ્થાનોથી રોકાએલો છે, જેમાં સંત પીટરનું પ્રખ્યાત દેવળ પણ આવી જાય છે. આથી કોઈને પણ ત્યાં દુકાન કે ઑફિસ ખોલવાની રજા નથી. એટલું જ નહિ, પણ ગવર્નરની રજા વગર બહારનો કોઇ ઇસમ રાતવાસો પણ ત્યાં ન રહી શકે. નગરીનિવાસીઓને પોતાના ખંડ કોઇને ભાડે આપવાની પણ સખત મનાઇ છે.

મોતની ગુફા

દુનિયાની કેટલીક નામીચી ગુફાઓમાંની એક ઇટલીના પીડમૉન્ટ સ્થાને આવેલી લૅન્ગારાની ગુફા છે. એ ૧૩૦૦ ફૂટ લાંબી ને ૧૦ થી તે ૩૨૦ ફૂટ પહોળી છે, પણ એનું મોં એટલું સાંકડું છે કે એકી વખતે એક જ માણસ પ્રવેશી શકે. ભાગ્યે જ કોઇ તેમાં પ્રવેશવાની હિંમત કરે છે, કારણ એની સાથે ફ્રેન્ચ ઇતિહાસનું એક ભયંકર પ્રકરણ જોડાએલું છે.

ઇ. ૧૫૨૦માં ઇટલીમાં હારેલા લશ્કરમાંથી નાસેલા ફ્રેન્ચ સૈનિકોએ ગામડાં પર ધસારો કર્યો ત્યારે ૨૦૦૦ જેટલા માણસોએ આ ગુફામાં આશ્રય લીધો. પણ એની ખબર પડી ગઇ ને સૈનિકોએ તેનું મોં ઘેરી લઇ આગળ આગ સળગાવી. અંદરથી મુંઝાઇ કેટલાકોએ બહાર નીકળવાનો પ્રયત્ન કર્યો તેમને કાપી નાખવામાં આવ્યા ને બાકીના તેમાં જ બુરી વલેથી મોતને ભેટ્યા. આ હોનારતને લઇ સામાન્યત: કોઇ આ ગુફાની નજીક પણ ઢૂકતું નથી.

કુમાર રસોયા અને કુમારી સુતારણો

ટ્વિકનહૅમની ટેમ્સ વેલી કાઉન્ટી શાળાઓમાં વિદ્યાર્થીઓ રાંધતાં ને ગૃહકાર્ય બજાવતાં શીખે છે અને વિદ્યાર્થિનીઓ સુતારકામ તથા ઝીણુંજાડું સમારકામ શીખે છે. આ પ્રકારે વર્ગવિશિષ્ટ કાર્યની ફેરબદલી આપણે ત્યાં અજ-



ટેમ્સ વેલી કાઉન્ટી શાળાના કુમારો શિક્ષકની નિગેહબાની નીચે ડિશો તૈયાર કરે છે



ટેમ્સ વેલી કાઉન્ટી શાળાના કુમારિકાઓ સુતારકામનું શિક્ષણ મેળવે છે

માવવા જેવી છે, જેથી અન્યોન્યના કાર્યમાં રહેલી મહત્તા, યોજકતા ને મુશ્કેલીઓનો સાચો ક્યાસ સમજવામાં આવે. શાળાના હેડમાસ્તર મિ. એચ. બ્લાઇએ વાર્ષિક ઈનામ-વહેંચણીના પ્રસંગે આ વસ્તુ બહાર આણી, કે વિદ્યાર્થીઓએ આ અનોખો શાળાક્રમ ઉત્સાહથી વધાવી લીધો હતો. વિદ્યાર્થીઓ ખેલકૂદ જેટલાં જ ખંત ને ચીવટ ગૃહકાર્યમાં બતાવે છે, ને વિદ્યાર્થિનીઓ પણ સુતારીકામમાં ઊંડો રસ લે છે. મિ. બ્લાઇએ જણાવેલું કે એ માત્ર એક અખતરો હતો ને તે સફળ નીવડ્યો છે. એના કહેવા પ્રમાણે, 'છોકરા ને છોકરીઓએ વધુમાં વધુ શક્ય તેટલાં અન્યોન્યનાં દૃષ્ટિ-બિંદુઓ જાણતાં શીખવવાં જોઇએ, જેથી ભવિષ્યનાં ગૃહો વધુમાં વધુ સૌખ્ય ને નિખાલસતાભર્યાં નીવડે.'

વિકસતું વિજ્ઞાન

શેતુરના ઝાડની છાલમાંથી બનાવટી કપાસ બનાવવાના અખતરામાં ઇટલી અને સફળ થયું છે. એ નવા તાંતણાને તેણે 'ગેલ્સેફિલ' નામ આપ્યું છે ને પોર્સિયા મુકામે તે માટે જબરૂં કારખાનું ઊભું કર્યું છે. સુતર કરતાં આ નવો તાંતણો બમણો ટકાઉ હોવાની જાહેરાત કરવામાં આવે છે. એ સાથે બર્લિનના ડૉકટર હું-સમાવરે વળી બટાટાની છાલમાંથી બૂચની સફળ બનાવટ કરી કાઢી છે ને તેની વૈજ્ઞાનિક તપાસમાં આ કૃત્રિમ બૂચ 'કૉર્ક ઓક'ના સઘળા ગુણધર્મો ધરાવતું માલૂમ પડ્યું છે. પાશ્ચાત્યોની આ પ્રગતિમાન પ્રવૃત્તિ સાથે હિંદુસ્તાનને સરખાવતાં અફસોસ થયા વિના નથી રહેતો. એની લાખો ટન લેખે એળે જતી શેરડીના રસમાંથી આલ્કોહોલ બનાવી કાઢનારો પણ કોઇ વિજ્ઞાની તેને નથી મળ્યો.

અમેરિકાની જનરલ ઇલેક્ટ્રિક કંપનીની પ્રયોગશાળાના નિયામક ડબલ્યુ ઇ. મૅકકિડને દુનિયામાં સૌથી પ્રબળ શાશ્વત ચુંબક (permanent magnet) બનાવી કાઢ્યું છે. જે પોતાના વજનથી ૧૫૦૦ગણું વજન સહેલાઇથી ઊંચકી શકે. એનું વજન ૧·૮૫ ગ્રામ (એક રતલના અઢી સોમા ભાગ)નું છે ને ૨૬૫૦ ગ્રામ વજન એણે સફળ રીતે ઊંચકી બતાવ્યું છે. એલ્યુમિનમ, નિકલ, કોબાલ્ટ અને લોખંડના મિશ્રણથી બનેલી ઑલનિકો ધાતુનું તે બનેલું છે. એના ઉપર પાછું પોલાદનું બખ્તર ચડાવવામાં આવ્યું છે, જે એનો ચુંબનહ્રાસ (demagnetization) થતો અટકાવે છે.

તાજેતરમાં જ બે ફ્રેંચ ઈજનેરોએ વિમાનીઓનો એક જબરો ભય દૂર કર્યો છે. એ ભય તે વિમાનની પાંખો પર બરફનું જામી જવું. આ માટે એમણે પાંખો પર સાનુકૂળ વીજળીક પ્રવાહ યોજી કાઢી તે ભયને સદાની રૂખસદ આપી છે.

જોસેફ એશીર નામના ઑસ્ટ્રિયને વળી વિમાનીઓને નવી જ સલામતી બક્ષી છે. એણે એક એવી છત્રી (parachute) બનાવી કાઢી છે કે માત્ર ત્રસો ફૂટની ઊંચાઇએથી જ વિમાન પરથી સહીસલામત કૂદકો મારી શકાય. અત્યારે વપરાતી તેવી છત્રીઓની મુશ્કેલી એ છે કે વિમાની ૫૦૦ ફૂટ ગબડે પછી તો એ ખૂલે છે ને વળી વિમાની જમીન પર ઊતરે છે ત્યારે એને એવો તો સખત આંચકો લાગે છે કે તે ઝીલવા માટે તો ખૂબ મજબૂત કરવી પડતી હોઇ વિમાનીને માટે તે ખૂબ ભારે ને અગવડકર્તા થઇ પડે છે. એશીરના સહકારીએ આ નવી છત્રીથી અનુક્રમે ૩૦૦, ૨૦૦ ને ૧૫૦ ફૂટ ઉપરથી પણ સફળ કૂદકા મારી બતાવ્યા ને તેમાં ૩૦ ફૂટ ગબડ્યા પછી તો છત્રી સહેલાઇથી ખૂલી જતી જણાઈ. જૂની છત્રીથી જમીન પર ઊતરતાં જાણે ૧૨ ફૂટ ઊંચી દીવાલ પરથી કૂદકો માર્યો હોય એવો આંચકો લાગતો. તેને બદલે આ નવી છત્રીથી તો માણસ 'તરતો તરતો' જ જમીન પર ઊતરે છે!

નવા કેડાઓ



ચીન સાથેના યુદ્ધને અંગે આવી પડેલી નાણાભીડના વખતમાં જાપાને રાષ્ટ્રીય કરકસર માટે જે અનેક નુસખાઓ અજમાવ્યા છે તેમાંના એકનો ઉપલો નમૂનો એક મિત્ર જાપાનથી મોકલે છે. વાંચીને ફેંકી દેવાનાં પરચુરણ હેંડબિલો છાપવા માટે કોરા કાગળ ન વાપરતાં જૂનાં ન્યુસ પેપરો પર જાડા ઉઠાવદાર અક્ષરે લાલ શાહીથી તે છાપવાં જેથી તે વાંચવામાં અડચણ ન આવે, ને કરકસરની સાથે અર્થ સરે. ઉપરના ચિત્રમાં ઘેરી કાળી શાહીથી છાપેલી છે તે નવી, લાલ શાહીવાળી જાહેર ખબર છે, જ્યારે તેની પાછળ દેખાતા ઝાંખા કાળા અક્ષરો મૂળ છાપાના છે.

આપણે પોતે·આપણો દેશ·આપણી પૃથ્વી

માણસના મગજનું સરેરાશ વજન ૫૦·૨૧ ઔંસ ને સ્ત્રીનું ૪૪·૫૨ ઔંસ હોય છે; જ્યારે હૃદયનું વજન પુરુષમાં ૧૦થી૧૨ ઔંસ ને સ્ત્રીમાં ૮થી૧૦ ઔંસ હોય છે.

卐

દુનિયાની ચોખાની કુલ ઊપજના ૪૦ ટકા આપણા દેશમાં પાકે છે. ઘઉં તથા કપાસની પેદાશમાં આપણો દેશ દુનિયાથી બીજે નંબરે ને શણનો તો એકલો જ ઉત્પાદક છે.

卐

આપણી પૃથ્વીનું ઉપલું ઘનીભૂત પૃષ્ઠ ૫૦ માઇલ જાડું છે.

આપણી પૃથ્વીથી સૂર્યનું છેટું ૯૨,૯૦,૦૦,૦૦૦ માઇલ છે જ્યારે નજીકમાં નજીકના તારાનું ૨૫,૫૦,૦૦ કરોડ માઇલ!

કૂફાના રાજમહેલમાં ખલીફા હજરત અલી રાજ્યના ખજાનાનો હિસાબ ગણતા હતા એટલામાં તેમના બે સરદારો કંઈ અંગત કામ સારૂ આવી ચડ્યા. હજરત અલીએ હિસાબ પતાવી લેતાં તરત પેલી મીણબત્તી હોલવી નાખી અને પોતાના મેજમાંથી બીજી કાઢીને સળગાવી. સરદારોએ ભારે અજાયબીથી આનું કારણ પૂછ્યું. જવાબ મળ્યો કે, 'હું રાજ્યનું કામ કરતો હતો ત્યારે રાજ્યની મીણબત્તી બળતી હતી. હવે આપણું ખાનગી કામ શરૂ થાય છે, એટલે મ્હેં મ્હારી પોતાની મીણબત્તી સળગાવી છે!' (પો. કુ. પંચાલ)

અનેકાર્થી શબ્દ: કાલરિયું = છેક છાપરાની નીચેનો મેડો; લાકડાનું એક બેધારૂં અસ્ત્ર; દીવાલ કોચવાનું ચોરનું એક ઓજાર; બે ચૂડીની વચમાં પહેરાતું પાતળી ચીપનું કંકણ; ભેજું; કટાક્ષ, કરડી આંખે જોવું તે.


કહેવતોના અર્થ: 'સૂતો સાપ જગાડવો નહિ' એટલે કે અટકચાળું કરી પોતાને હાથે જ હાનિનું કારણ ઊભું કરવું નહિ. એને મળતી કહેવતો: 'બેઠો પીપડો ઉખેડવો નહિ', 'સૂતો સિંહ જગાડવો નહિ', 'રૂઝાયો ઘા ઉખેડવો નહિ', વેચાતો કજીઓ વહોરવો નહિ', વગેરે.

ગણિતગમ્મત

$૦^{૨} + ૧ = ૧^{૨}$
$૧^{૨} + ૩ = ૨^{૨}$
$૨^{૨} + ૫ = ૩^{૨}$
$૩^{૨} + ૭ = ૪^{૨}$
$૪^{૨} + ૯ = ૫^{૨}$
$૫^{૨} + ૧૧ = ૬^{૨}$
$૬^{૨} + ૧૩ = ૭^{૨}$
$૭^{૨} + ૧૫ = ૮^{૨}$
$૮^{૨} + ૧૭ = ૯^{૨}$
$૯^{૨} + ૧૯ = ૧૦^{૨}$

અને એમ આગળ.

(કાન્તિલાલ મ. જોશી)



ન્યૂયૉર્કમાં હમણાં ખુલ્લા મુકાએલા ૧૯૩૯ના જગતમેળાના સ્મરણમાં યુનાઈટેડસ્ટેટ્સે કાઢેલી ૩ સેન્ટની ટિકિટ

પ્રોફેસર લેસિંગે એક દિવસ પોતાના જ ઘરનું બારણું ઠોકતાં પૂછ્યું: 'પ્રોફેસર લેસિંગ છે?' અંદરથી જવાબ મળ્યો: 'બહાર ગયા છે.' ત્યારે લેસિંગે કહ્યું 'વારૂ, કંઇ ફિકર નહિ. હું બીજે વખતે આવીશ' (પ્રો. કુ. પંચાલ)

સૂર્યનાં સવારનાં કિરણો આપણા શરીરને વિટામિન 'ડી' પૂરૂં પાડે છે.

જર્મન શબ્દનો અર્થ 'એક લોહીનાં' એવો થાય છે.

લસણના રસને મધમાં મેળવી પાવાથી વીંછીનું ઝેર ઊતરી જતું કહેવાય છે.

દુનિયામાં દર સેકન્ડે બે મૃત્યુ થાય છે.

કેરોસીન તેલનો બાળવા માટેનો ઉપયોગ ઇ. ૧૮૫૦માં શરૂ થયો.

દુનિયામાં પહેલવહેલી લાયબ્રેરી ઇ. પૂ. ૫૪૦માં પિસીસ્ટ્રેટસે આથેન્સમાં સ્થાપી હતી. અલેકઝાન્ડ્રિયાની લાયબ્રેરી ઇ. પૂ. ૪૭માં સ્થપાંઇ.

ચા ડચ લોકોએ યુરોપમાં ઇ. ૧૬૫૭માં દાખલ કરી. ત્યારે તેની કીમત એક રતલની રૂા. ૬૦ થી ૧૫૦ સુધી હતી.



શીશા પરના લેબલને ચપ્પુ વડે વતરડી કાઢવાની મહેનત ભારે પડી જાય છે. લેબલને પાણીથી ભીંજવી, શીશાને અગ્નિ પર ધરવાથી તે ઉખડી આવશે.

ચશ્માંની શોધ ઇ. ૧૨૯૩માં એક ઇટાલિયને કરી.

દુનિયામાં કેળાંની બધી મળી ૧૭૬ જાતો થાય છે.

વિમાનીઓના કહેવા પ્રમાણે કૂતરાનું ભસવું ચાર માઇલ ઉપર સંભળાય છે.

મગરમચ્છ કલાકના દસથી બાર માઇલની ઝડપે તરી શકે છે.

બીવર નામનું પ્રાણી કશો અવાજ જ નથી કાઢી શકતું.

ખુલ્લામાં કામ કરનાર કરતાં બંધીઆર જગામાં કામ કરનારને શરદીનો નવગણો ભય રહે છે.


દિવસનો સૌથી વહેલો આરંભ સાઇબીરિયાના ઈસ્ટ કેપ મુકામે થાય છે. આંતરરાષ્ટ્રીય ડેટલાઇન પર એ સૌથી પૂર્વમાં આવેલું છે.

પક્ષીઓમાં જેમ કોકિલ પરભૃત છે તેમ વૃક્ષોમાં ચંદન. આપણે ત્યાં થતાં કુલ ૧૪૦ જુદીજુદી જાતનાં ઝાડો પર તે નિર્વાહ ચલાવે છે. એ ઝાડોના પોષણમાંથી ભાગ પડાવીને જ એ નભે. એકલું ન ઊગી શકે.



રાયસાગર સરોવર-કાંકરોલી

ફોટો · જગન્નાથ મહેતા



શ્રીનગર પર સંધ્યા

ફોટો : સૈયદ · પાલનપુર



જીવનસાથી

ચિત્રકાર · સોમાલાલ શાહ



ફોટો હરીફાઈનું પરિણામ-ઉપરથી અનુક્રમે: 'મા'-ચતુર્ભુજ વલ્લભદાસ, પહેલું ઈનામ; 'હાલો ઉતાવળા'-નવનીતલાલ શાહ, બીજું ઈનામ; 'ગુરુચરણે'-જયકુમાર પંડ્યા, ત્રીજું ઇનામ.